CMYK

અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૧૯ ઓગસ્ટ ૨૦૨૪, સોમવાર | વર્ષ : ૧૬ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૦, શ્રાવણ સુદ ૧૫ | અંક : ૫૦ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

## અમિત શાહે CAA હેઠળ ૧૮૮ હિન્દુ શરણાર્થીઓને આપી ભારતીય નાગરિક્તા

### CAA અંગે મુસ્લિમોને ઉશ્કેરવામાં આવ્યા હતા : CAA કોઈની નાગરિકતા છીનવી શકતો નથી : કેટલીક રાજ્ય સરકારો CAA વિશે લોકોને ગેરમાર્ગે દોરી રહી છે : શાહ

। અમદાવાદ, તા.૧૮ ।

અમિત શાહે આજે ૧૮૮ હિંદુ શરણાર્થીઓને ભારતીય નાગરિક્તા આપી છે. પડોશી દેશોમાંથી આવેલા ૧૮૮ હિન્દુ શરણાર્થીઓને CAA હેઠળ ભારતીય નાગરિક્તાના પ્રમાણપત્ર અમિત શાહે એનાયત કર્યા હતા. આ તકે અમિત શાહે જણાવ્યુ કે આ અત્યંત ભાવુક કરનારી ક્ષણ છે. અત્યાર સુધી આ લોકો શરણાર્થી કહેવાતા હતા હવે ભારત માતાના પરિવારમાં સામેલ થઈ જશે. શાહે કહ્યું CAA માત્ર દેશમાં વસેલા લાખો લોકોને નાગરિક્તા દેવાનો કાર્યક્રમ નથી. પરંતુ CAA દેશમાં વસતા લાખો શરણાર્થીઓને ન્યાય આપવાનો અને અધિકાર આપવાનો કાયદો છે. અમદાવાદના પંડિત દીનદયાલ હોલમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં વિશેષ સમારોહનું આયોજન કરાયું હતું. જેમાં સિટીઝન એમેન્ડમેન્ટ એક્ટ એટલે કે CAA અંતર્ગત અન્ય પડોશી દેશોના હિન્દુ નિર્વાસિતોને ભારતીય નાગરિકતા પત્ર એનાયત કરાયા હતા. આ કાર્યક્રમમાં અમદાવાદના ૯૦, આણંદના ૨ લોકોને નાગરિકતા પત્ર અપાયું. તો કચ્છના ૩, મહેસાણાના ૧૦, વડોદરાના ૩ લોકોને નાગરિકતા પત્ર અપાયું. ઉપરાંત મોરબીના ૩૬, પાટણના ૧૮ લોકોને નાગરિકતા પત્ર આપવામાં આવ્યું. રાજકોટના ૬, સુરેન્દ્રનગરના ૨૦ નાગરિકતા પત્ર આપ્યા. આ રીતે પાડોશી દેશોના ૧૮૮ હિન્દુ શરણાર્થીઓને ભારતીય નાગરિકતા અપાઈ હતી. અમિત શાહે વિપક્ષ પર પ્રહાર કર્યો કે ભૂતકાળમાં કોંગ્રેસ પાર્ટી તેમના સાથીદળોની તુષ્ટિકરણની નીતિને કારણે વર્ષ ૧૯૪૭ થી લઈને ૨૦૧૪ સુધી શરણાર્થીઓને તેમના અધિકારથી વંચિત રખાયા. પડોશી દેશોમાં તો તેમની સાથે અન્યાય થયો કારણ કે તેઓ અલ્પસંખ્યક હિંદુ, જૈન, બૌદ્ધ અને શીખ હતા. પરંતુ તેમની પ્રતાડના આપણા દેશમાં પણ થઈ. લાખો કરોડો લોકો ત્રણ ત્રણ પેઢી જતી રહી તો પણ ન્યાય માટે તરસતા રહ્યા.




અમિત શાહે કહ્યુ કોઈપણ દેશનું વિભાજન ધર્મના આધાર પર નથી થયુ.એકમાત્ર ભારતનું વિભાજન આઝાદી સમયે ધર્મના આધારે કરવામાં આવ્યુ. આ દરમિયાન ભયાનક કોમી રમખાણો થયા હતા. કરોડો ભારતીયો એ ક્યારેય નહીં ભૂલી શકે કે કેટલી પારવાર વેદના પાકિસ્તાન, અફઘાનિસ્તાન, બાંગ્લાદેશમાં રહેતા હિન્દુ, બૌદ્ધ, જૈન, શીખોએ સહન કરવી પડી છે. કુંટબોના કુટુંબો ઉજડી ગયા, કરોડોપતિ, અબજોપતિઓ ગાંધીધામમાં આવી રોડ પર શાકભાજી વેચવા લાચાર બની ગયા, આનાથી મોટો અત્યાચાર આખી દુનિયામાં ક્યાંય નથી થયો. એ સમયે ભાગલાનો નિર્ણય તો લીધો પરંતુ જ્યારે હિંસાની ઘટનાઓ સામે આવી તો કોંગ્રેસના દરેક નેતાઓએ વચન આપ્યુ હતું કે પડોશી દેશોમાં જે શરણાર્થીઓ આવે છે, તેમને ભારતીય નાગરિક્તા આપવામાં આવશે. પરંતુ જેમ-જેમ ચૂંટણીઓ આવતી ગઈ તેમ તેમ તેઓ નિર્ણયમાંથી ફરી ગયા. જવાહર લાલ નહેરુએ આપેલા વચન, મહાત્મા ગાંધીનું આહ્વાન બધુ જ વિસારી દેવાયુ. કારણ કે તેમને લાગ્યુ કે હિંદુ શરણાર્થીઓને નાગરિક્તા આપશુ તો આપણી વોટબેંક નારાજ થઈ જશે,આ તુષ્ટિકરણની નીતિને કારણે લાખો કરોડો લોકોને નાગરિક્તાથી વંચિત રહેવુ પડ્યુ. આનાથી મોટુ કોઈ પાપ ન હોઈ શકે. તેમણે કહ્યું, “જ્યારે બાંગ્લાદેશમાં વિભાજન થયું ત્યારે ત્યાં ૨૭ ટકા હિંદુઓ હતા, આજે ૯ ટકા છે. આટલા બધા હિંદુઓ ક્યાં ગયા. પડોશી દેશમાંથી હિંદુ ક્યા ગયા. અમે ૨૦૧૯માં CAA લાવ્યા હતા. CAAને કારણે, કરોડો હિન્દુ, જૈન અને શીખ ધર્મના લોકોને નાગરિકતા મળશે. અમિત શાહે વધુમાં કહ્યું કે CAAને લઈને મુસ્લિમોને ઉશ્કેરવામાં આવ્યા હતા. CAA કાયદો કોઈની નાગરિકતા છીનવી શકતો નથી. કેટલીક રાજ્ય સરકારો CAA વિશે લોકોને ગેરમાર્ગે દોરી રહી છે. ઈન્ડિયા એલાયન્સ અને કોંગ્રેસ ઝછછને લઈને શરણાર્થીઓને ગેરમાર્ગે દોરી રહ્યા છે. અમિત શાહે પોતાના ભાષણમાં પીએમ નરેન્દ્ર મોદીના સારા કામોની પણ વાત કરી. તેમણે કહ્યું કે પીએમ નરેન્દ્ર મોદી ભાઈ-ભત્રીજાવાદ સામે લડી રહ્યા છે. નરેન્દ્ર મોદીએ જાતિવાદ ખતમ કર્યો છે. ઔરંગઝેબે કાશી વિશ્વનાથ મંદિર તોડી પાડ્યું હતું, પરંતુ મોદીએ તેનું પુનઃ નિર્માણ કર્યું. નરેન્દ્ર મોદીએ જમ્મુ-કાશ્મીરમાંથી કલમ ૩૭૦ નાબૂદ કરી. નરેન્દ્ર મોદીએ તુષ્ટિકરણનો અંત લાવ્યો છે. અમિત શાહે વધુમાં કહ્યું કે, કોંગ્રેસ અને તેના સહયોગીઓની તુષ્ટિકરણની નીતિને કારણે આઝાદી બાદ પડોશી દેશોમાંથી આવેલા અત્યાચારી હિન્દુઓ, બૌદ્ધો અને શીખોને ન્યાય મળ્યો નથી. વચન પછી પણ આ લોકોને ભારતીય નાગરિકતા મળી નથી. નરેન્દ્ર મોદીએ આવા કરોડો લોકોને ન્યાય અપાવ્યો છે. હું મારા બધા શરણાર્થી ભાઈઓને કહું છું કે તમે કોઈપણ સંકોચ વિના નાગરિકતા માટે અરજી કરો. તમારી સાથે કંઈ ખોટું નહીં થાય.

### IMFના ગીતા ગોપીનાથે કહ્યું

## ભારત 3 વર્ષમાં બની જશે વિશ્વની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા

### તેમણે કહ્યું કે ૨૦30 સુધીમાં લગભગ ૬ કરોડથી ૧૫ હજાર કરોડ વધારાની નોકરીઓ ઊભી કરવી પડશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૮ ।

ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ (IMF)ના ડેપ્યુટી મેનેજિંગ ડિરેક્ટર ડૉ.ગીતા ગોપીનાથે કહ્યું છે કે ભારત ૨૦૨૭ સુધીમાં ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બની જશે. ભારત પહેલેથી જ વિશ્વની પમી સૌથી મોટી અર્થવ્યવસ્થા છે અને ટૂંક સમયમાં તે ટોચની ત્રણ વૈશ્વિક આર્થિક શક્તિઓમાં સામેલ થવા જઈ રહી છે. ગોપીનાથે કહ્યું કે ગત નાણાકીય વર્ષ દરમિયાન ભારતનો વિકાસ અપેક્ષા કરતા ઘણો સારો રહ્યો છે. તમામ ક્ષેત્રોમાં ખાસ કરીને ગ્રામીણ અર્થતંત્રમાં ખાનગી વપરાશ વધ્યો છે. ટુ-વ્હીલરના વેચાણથી લઈને ફાસ્ટ-મૂવિંગ કન્ઝ્યુમર ગુડ્સ (FMCG) સુધીનો એકંદર વપરાશ વધી રહ્યો છે.



મીડિયા રિપોર્ટ્સમાં તેમને ટાંકવામાં આવ્યા છે કે સારા ચોમાસાથી સારા પાક અને કૃષિ આવકમાં વધારો થાય છે. દિલ્હી સ્કૂલ ઓફ ઈકોનોમિક્સમાં ડાયમંડ જ્યુબિલી કોન્ફરન્સમાં બોલતા ગોપીનાથે કહ્યું કે ૨૦૧૦થી શરૂ થયેલા દાયકામાં ભારતનો સરેરાશ વિકાસ દર ૬.૬ ટકા રહ્યો છે. પરંતુ રોજગાર દર ૨ ટકા કરતા ઓછો છે.

### ઉત્તર પ્રદેશમાં ભયંકર અકસ્માત

## બસ અને પીકઅપ વચ્ચે ટક્કર થતાં ૮ લોકોનાં મોત

। (એજન્સી) લખનૌ, તા.૧૮ ।

ઉત્તર પ્રદેશના શિકારપુર-બુલંદશહેર રોડ પર પીકઅપ અને ખાનગી બસ વચ્ચે ભયંકર અકસ્માત સર્જાયો છે. જેમાં આઠ લોકોના મોત નિપજ્યાં છે. જ્યારે ૨૧ લોકો ઈજાગ્રસ્ત થયા છે, તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. પોલીસે ઘટનાસ્થળે પહોંચીને તપાસ શરૂ કરી છે. મૃત્યુ પામેલા તમામ લોકો અલીગઢ જિલ્લાના અહિર નગલા ગામના રહેવાસી હતા. અહેવાલો અનુસાર, અલીગઢ જિલ્લાના અહિર નગલા ગામના ૪૦થી વધુ લોકો ગાઝિયાબાદથી અલીગઢ જઈ રહ્યા હતા. આ લોકો ગાઝિયાબાદના બુલંદશહર રોડ બી-૧૦ સ્થિત બિરટાનિયા ડેલ્ટા ફૂડ કંપનીમાં કામ કરતા હતા. રવિવારે (૧૮મી ઑગ્સટ) સવારે બધા ગાઝિયાબાદથી પીકઅપમાં ઘરે જવા નીકળ્યા હતા. શિકારપુર-બુલંદશહેર



રોડ પર એક ખાનગી બસે પીકઅપને ટક્કર મારી હતી. આ અકસ્માતમાં પાંચ લોકોના ઘટનાસ્થળે જ મોત થયા હતા, જ્યારે ત્રણના જિલ્લા હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત થયા હતા. જ્યારે ૨૧ લોકો ઈજાગ્રસ્ત થયા છે. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે આ દુર્ઘટના પર દુઃખ વ્યક્ત કર્યું છે. તેમણે મૃતકોના પરિવારજનો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી છે અને અધિકારીઓને પીડિતોને તાત્કાલિક સારવાર આપવાનો નિર્દેશ પણ આપ્યો છે.

### દહેરાદૂનમાં પણ નિર્ભયા કાંડ!

## સરકારી બસમાં કિશોરી પર ૬ નરાધમો દ્વારા સામૂહિક દુષ્કર્મ

### બસ ડ્રાઈવર, કંડક્ટર સહિત કુલ ૬ લોકોની ધરપકડ

। (એજન્સી) દહેરાદૂન, તા.૧૮ ।

પ.બંગાળની રાજધાની કોલકાતામાં એક મહિલા ટ્રેઈની ડૉક્ટર પર દુષ્કર્મની ચકચાર મચાવતી ઘટના બાદ હવે દહેરાદૂનમાં પણ એક હચમચાવી મૂકે તેવી ઘટના સામે આવી છે. દિલ્હીનું નિર્ભયા કાંડ તો તમને યાદ જ હશે. એ જ પ્રકારની આ ઘટના દહેરાદૂનમાં બની છે જ્યાં સરકારી બસમાં સગીરા સાથે સામૂહિક દુષ્કર્મનો હચમચાવી મૂકે તેવો કિસ્સો સામે આવ્યો છે.

આ ઘટનાની જાણ થતાં જ પોલીસ કાફલો ઘટનાસ્થળે ધસી આવ્યો હતો અને બસ ડ્રાઈવર, કંડક્ટર સહિત કુલ ૬ લોકોની ધરપકડ કરી લેવામાં આવી હતી. આ મામલે વધુ તપાસ હાથ ધરવામાં આવી છે અને મેડિકલ રિપોર્ટની પણ રાહ જોવાઈ રહી છે.



પીડિતા યુપીના મુરાદાબાદની વતની હતી. ઘટના બાદ સગીરાની માનસિક હાલત બગડી ગયાના અહેવાલ સામે આવી રહ્યા છે. આ ઘટના ૧૨ ઓગસ્ટની રાતે સાડા બાર વાગ્યે બની હોવાની જાણકારી છે. તે સમયે પીડિતા દિલ્હીના આઈએસબીટીથી ઉત્તરાખંડ રોડવેઝની બસમાં દહેરાદૂન પહોંચી હતી. એ સમયે જ અડધી રાતે સગીરા સામે આ સામૂહિક દુષ્કર્મની હચમચાવી મૂકે તેવી ઘટના બની હતી.

### રાજ્યપાલ દ્વારા મંજુરી આપવામાં આવી

## કર્ણાટકના મુખ્યપ્રધાન સિદ્ધારમૈયા સામે ભ્રષ્ટાચારનો કેસ ચાલશે

। (એજન્સી) કર્ણાટક,તા.૧૮ ।

કર્ણાટકમાંથી એક મોટા સમાચાર પ્રકાશમાં આવી રહ્યા છે, જે આવનારા સમયમાં રાજ્યની રાજનીતિમાં ભૂકંપ સર્જી શકે છે. કર્ણાટકના રાજ્યપાલે મુખ્યમંત્રી સિદ્ધારમૈયા વિરુદ્ધ તેમના પરિવાર સાથે સંબંધિત રેંઢછ કેસમાં કેસ ચલાવવાની મંજૂરી આપી છે. રાજ્યપાલ થાવરચંદ ગેહલોતને બે કાર્યકરોની ફરિયાદો મળી છે, જેમાંથી એક આરટીઆઈ કાર્યકર્તા ટીજે અબ્રાહમ છે. બીજી ફરિયાદ



તાજેતરમાં સામાજિક કાર્યકર સ્નેહમોયી કૃષ્ણાએ કરી હતી. ફરિયાદમાં કહેવામાં આવ્યું છે કે કાયદાનું પાલન કરવાના સીએમ સિદ્ધારમૈયાના વારંવારના દાવા છતાં રેંઢછ દ્વારા સિદ્ધારમૈયાની પત્નીને ૧૪ સાઈટ્સ ફાળવવામાં સ્પષ્ટ ઉલ્લંઘન થયું છે. આ પહેલા કર્ણાટકના ગવર્નર થાવરચંદ ગેહલોતે પણ મુખ્યમંત્રીને કારણ બતાવો નોટિસ જારી કરીને પૂછ્યું હતું કે તેમની સામે કેસ ચલાવવાની મંજૂરી કેમ ન આપવી જોઈએ. જવાબમાં, કર્ણાટક કેબિનેટે “ભારે ભલામણ” કરી કે રાજ્યપાલ મુખ્યમંત્રીને આપવામાં આવેલી નોટિસ પાછી ખેંચી લે.

### કોહલીની કેપ્ટનશીપમાં રમતી વખતે બોલિંગમાં વધુ પ્રગતિ કરી : રોહિત શર્માની કપ્તાનીમાં સતત શાનદાર પ્રદર્શન

## બુમરાહે વિરાટ-ધોની અને રોહિતની કેપ્ટન્સીનું રહસ્ય ખોલ્યું

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૮ ।

ભારતીય ફાસ્ટ બોલર જસપ્રીત બુમરાહે તાજેતરમાં રોહિત શર્મા, વિરાટ કોહલી અને એમએસ ધોનીની અલગ-અલગ કેપ્ટનશિપને લઈને નિવેદન આપ્યું છે. મહત્વનું છે કે બુમરાહ તે કેટલાક ભારતીયોમાં સામેલ છે, જે રોહિત, વિરાટ અને ધોનીની આગેવાનીમાં રમ્યો છે. બુમરાહે ધોનીના નેતૃત્વમાં આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં પ્રવેશ કર્યો હતો. આ પછી, તેણે વિરાટ કોહલીની કેપ્ટનશીપમાં રમતી વખતે તેના પ્રદર્શન અને બોલિંગમાં



વધુ પ્રગતિ કરી. હવે ટીમ ઈન્ડિયાના વર્તમાન કેપ્ટન રોહિત શર્માની કપ્તાનીમાં બુમરાહ સતત શાનદાર પ્રદર્શન કરી રહ્યો છે અને મેચો જીતી રહ્યો છે. આવો જાણીએ બુમરાહે ત્રણેય કેપ્ટનના નેતૃત્વ વિશે શું કહ્યું. જસપ્રીત બુમરાહે એક ઈન્ટરવ્યૂ દરમિયાન ટીમ ઈન્ડિયાને ટી૨૦ વિશ્વકપ ૨૦૨૪માં વિજેતા બનાવનાર વર્તમાન ભારતીય કેપ્ટન રોહિત શર્માને લઈને કહ્યું- રોહિત તે કેટલાક કેપ્ટનોમાંથી એક છે, જે બેટર હોવા છતાં બોલરો પ્રત્યે સહાનુભૂતિ રાખે છે. તેણે રોહિતને ખેલાડીઓ સાથે ભાવનાત્મક સ્તર પર જોડાવા, તેના પડકાર સમજવા અને ફીડબેક આપવાની પ્રશંસા કરી. બુમરાહે કહ્યું- રોહિત કઠોર નથી.




CMYK

## નેશનલ એવોર્ડ વિજેતાઓને સીએમ ભુપેન્દ્ર પટેલના અભિનંદન

। (એજન્સી) અમદાવાદ,તા.૧૮ ।

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે શુક્રવાર ૧૬ ઓગસ્ટે જાહેર થયેલા ૭૦માં નેશનલ ફિલ્મ એવોર્ડ્સ-૨૦૨૨માં ગુજરાતી ફિલ્મ કચ્છ એક્સપ્રેસને મળેલા ત્રણ-ત્રણ એવોર્ડ સન્માન માટે આ ફિલ્મનાં નિર્માતા, દિગ્દર્શક અને કલાકાર કસબીઓને અભિનંદન પાઠવ્યા છે.વિરલ શાહ દિગ્દર્શિત અને પાર્થિવ ગોહિલ-માનસી પારેખ દ્વારા નિર્માણ પામેલી આ કચ્છ એક્સપ્રેસ ફિલ્મને જે એવોર્ડ મળ્યા છે તેમાં બેસ્ટ ફિચર ફિલ્મ પ્રોમોટીંગ નેશનલ, સોશિયલ વેલ્યુસ માટેનો એવોર્ડ. બેસ્ટ કોસ્ચ્યુમ ડિઝાઈન માટેનો એવોર્ડ (નિકિ જોષી-કોસ્ચ્યુમ ડિઝાઈનર) અને ફિલ્મની અભિનેત્રી માનસી પારેખને બેસ્ટ એક્ટ્રેસ તરીકેના એવોર્ડનો સમાવેશ થાય છે.ગ્રામીણ નારી શક્તિ સંગઠનો દ્વારા સ્થાનિક હસ્તકલા અને અન્ય કલા કારીગરીની વસ્તુઓને પ્રમોટ કરવાના કથાનક પર આ કચ્છ એક્સપ્રેસ ફિલ્મ આધારિત છે. ૭૦માં નેશનલ ફિલ્મ એવોર્ડ-૨૦૨૨માં આ હેતુસર કચ્છ એક્સપ્રેસને બેસ્ટ ફિચર ફિલ્મ પ્રમોટિંગ નેશનલ, સોશિયલ વેલ્યુસ માટેનો એવોર્ડ જાહેર કરવામાં આવ્યો છે.મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કચ્છ એક્સપ્રેસ ફિલ્મને મળેલા આ ત્રણ-ત્રણ એવોર્ડ સન્માનને ગુજરાતી ફિલ્મોના ઈતિહાસની ગૌરવવંતી ઘટના ગણાવતા વિચાર પ્રેરક કથાનક અને ઉત્કૃષ્ઠ કલાકસબ ધરાવતી વધુને વધુ ગુજરાતી ફિલ્મોનું નિર્માણ થતુ રહેશે તેવી અભ્યર્થના વ્યક્ત કરી છે.

## એમ્બ્યુલન્સમાં દારૂના જથ્થા સાથે ઝડપાયો બુટલેગર

। (એજન્સી) ભાવનગર,તા.૧૮ ।

ભાવનગરમાં દારુબંધીના ધજાગરા ઉડતા જોવા મળ્યા. અહીં બુટલેગરે પોલીસથી બચવા દારૂની હેરાફેરી માટે એમ્બ્યુલન્સનો સહારો લીધો.

સામાન્ય રીતે એમ્બ્યુલન્સ જતી હોય તો લોકો માનવતા દાખવી આગળ રસ્તો કરી આપતા હોય છે. તેમને પહેલા જવા દેવા માટે પ્રયાસ કરતા હોય છે. પરંતુ આ ભાવનગરમાં જરા જૂદુ દૃશ્ય જોવા મળ્યુ. અહીં એમ્બ્યુલન્સમાં કોઈ દર્દી, ડૉક્ટર કે નર્સ નહીં પરંતુ બુટલેગર જોવા મળ્યો અને એ પણ દારૂના જથ્થા સાથે

હકીકતમાં બૂટલેગરે પોલીસથી બચવા એમ્બ્યુલન્સનો આ નવો કિમિયો અપનાવ્યો હતો. આ એમ્બ્યુલેન્સમાં તેણે વિદેશી દારૂની હેરાફેરી ચાલુ કરી હતી. પણ નારી ગામના તળાવ હોટલ પાસેથી પોલીસે તેને દારૂ સાથે ઝડપી પાડ્યો હતો. ન્ઝ્રમ્પોલીસે બાતમીના આધારે તપાસ કરી તો એમ્બ્યુલન્સમાંથી દારૂની સાથે પોલીસને ૭ લાખ ૩૫ હજારથી વધુનો મુદ્દામાલ પણ મળી આવ્યો છેપહવે આરોપીને પોલીસ દ્વારા કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા છે.

પુષ્પા ફિલ્મની જેમ અહીં બુટલેગરે દૂધના ટેક્રના બદલે એમ્બ્યુલન્સનો સહારો લીધો. જો કે પોલીસે બાતમીના આધારે તેને દબોચી લીધો હતો.

# પ્રેમ લગ્ન કરનાર યુવતીના પરિવારે યુવકના પિતા-બહેનને ઉઠાવી લીધા

। સુરત, તા.૧૮ ।

આપણે ભલે ૨૧ મી સદીમાં રહેતા હોય અને આધુનિક જમાનાની વાત કરતા હોય પરંતુ આપણા સમાજમાં આજે પણ ઘણા એવા કિસ્સા બને છે જેની સામે સવાલ ઉભા થતા હોય છે, આવો જ એક કિસ્સો હાલ બારડોલીમાંથી સામે આવ્યો છે. બારડોલીના ઉમરાખ ગામ ખાતે અપહરણની ઘટના બની હતી. પ્રેમ લગ્ન કરનાર યુવકના પિતા અને બહેનને પ્રેમ લગ્ન કરનાર યુવતીના પરિવારજનોએ અપહરણ કરી માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપીને રાજસ્થાન લઈ જઈ રહ્યા હતા. જોકે બારડોલી રૂરલ પોલીસ અને જિલ્લા એલસીબીની ટીમે ગણતરીના કલાકોમાં આરોપીઓને ઝડપી પાડી ભોગ બનનારને છોડાવી લીધા હતા, અપહરણ કારોને જેલના સળિયા પાછળ ધકેલી દીધા હતા.




સુરત જિલ્લાના ઉમરાખ ખાતે ગઈકાલે સાંજના સમયે એક અપહરણની ઘટન બની હતી. બારડોલી નજીક આવેલા બામણી ગામના એક પરિવારના યુવકે ૧ વર્ષ પહેલાં મૂળ રાજસ્થાનના રહેવાસી અને હાલ બારડોલી તાલુકામાં રહેતા રાજસ્થાની પરિવારની યુવતી સાથે પ્રેમલગ્ન કર્યા હતા. જોકે યુવતીના પરિવારને આ મંજુર નહોતું અને યુવતીનો પરિવાર અવારનવાર યુવતીને પરત માંગી રહ્યા હતા. ગઈકાલે સાંજના સમયે યુવકના પિતા અને બહેન બારડોલીના ઉમરાખ ગામે આવેલા એક મોલમાં ખરીદી કરવા માટે આવ્યા હતા જ્યાંથી યુવતીના પરિવારના ચાર સભ્યોએ આર્ટિગા કારમાં યુવકના પિતા અને બહેનનું અપહરણ કરી લીધું હતું, અને તેઓને ઢોર માર મારી રાજસ્થાન લઈ જઈ ક્યાંક દફનાવી નાખવાની ધમકી આપી હતી.

અપહરણની ઘટનાની જાણ યુવકને થતાં યુવકે તરત જ બારડોલી રૂરલ પોલીસ મથકે જાણ કરતા પોલીસ દોડતી થઈ હતી અને જિલ્લા એલસીબી તેમજ એસઓજીને જાણ કરી ચારે તરફ નાકાબંધી ગોઠવી દીધી હતી. આરોપીઓ જે તરફ અપહરણ કરીને લઈ જતા હતા એ તરફ માંગરોળના ઝંખવાવથી નર્મદા જિલ્લાના નેત્રંગ માર્ગ પરથી અપહરણકારોને જિલ્લા એલસીબીની ટીમે ઝડપી લીધા હતા.

પ્રેમ લગ્નને લઈને પરિવારો વચ્ચે ઘણા સમયથી તકરાર ચાલતી હતી. પોતાની પુત્રીને પાછી મેળવવા માટે સાસરિયા પક્ષે જમાઈના જ પિતા અને બહેનનું અપહરણ કરી લીધું હતું. પોતાની પુત્રી પાછી નહીં આપે તો જાનથી મારી નાખવા સાથે પિતા-પુત્રીને માર મારવામાં આવ્યો હતો. અપહરણકારો દ્વારા માર મરાતા પિતા-પુત્રીને ગંભીર ઈજાઓ પહોંચી છે ત્યારે સારવાર અર્થે તેમને બારડોલીની સરદાર હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. પ્રેમ લગ્નની અદાવતમાં પિતા-પુત્રીનું અપહરણ થતાં પોલીસ સહિત ભોગ બનનાર પરિવાર દોડતું થયું હતું પરંતુ સુરત એલસીબી પોલીસની ટીમે ફિલ્મી ઢબે અપહરણકારોને ઝડપી પાડતા પિતા-પુત્રીનો જીવ બચ્યો હતો.

મહત્વનું છે કે, તમામને બારડોલી પોલીસ મથકે લાવવામાં આવ્યા હતા. અપહરણકારોએ ભોગ બનનાર યુવકના પિતા અને બહેનને માર મારતા બંનેને હાલ બારડોલી સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે. પોલીસે અપહરણની ઘટનામાં વાપરવામાં આવેલી અર્ટિગા કાર કબજે લીધી છે અને સમગ્ર ઘટનામાં પોલીસ આગળ તપાસ કરી રહી છે.

## ગુજરાતમાં નાના યાત્રાધામોનો ૮૫૭.૧૪ કરોડના ખર્ચે વિકાસ થશે

। (એજન્સી) ગાંધીનગર,તા.૧૮ ।

ગુજરાતમાં પ્રવાસન ક્ષેત્ર સતત વિકાસ કરી રહ્યું છે. ગુજરાતમાં ધાર્મિક પ્રવાસન સ્થળો અને તીર્થસ્થાનોનું વિશેષ મહત્વ રહેલું છે. રાજ્યમાં પ્રવાસન ક્ષેત્રે જે પ્રગતિ થઈ રહી છે, તેમાં ધાર્મિક પ્રવાસનનો ખૂબ મોટો ફાળો છે, અને તે જોતાં રાજ્ય સરકાર દ્વારા ધાર્મિક પ્રવાસનને વેગ આપવા માટે કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવી રહ્યો છે. રાજ્યના સોમનાથ, અંબાજી, દ્વારકા વગેરે જેવા મોટા અને મુખ્ય યાત્રાધામોના વિકાસ ઉપરાંત, રાજ્ય સરકાર નાના-નાના યાત્રાધામોનો પણ વિકાસ કરી રહી છે. રાજ્ય સરકારે નાના-નાના યાત્રાધામો ખાતે કુલ અંદાજે ૮૫૭.૧૪ કરોડના ખર્ચે વિકાસકાર્યોનું આયોજન હાથ ધર્યું છે. રાજ્ય સરકાર દ્વારા હાલમાં રાજ્યના અલગ-અલગ જિલ્લાઓમાં ધાર્મિક સ્થળોએ થઈ રહેલા વિકાસકાર્યોની વિગતો આપતા બોર્ડના સચિવ આર. આર. રાવલે જણાવ્યું કે રાજ્યના મોટા યાત્રાધામોની ફરતે આવેલા નાના યાત્રાધામો ખાતે કુલ ૮૫૭.૧૪ કરોડના ખર્ચે ૧૬૩ વિકાસકાર્યો હાથ ધરવામાં આવ્યા છે, જેમાંથી ૬૫૫ કરોડથી વધુના ખર્ચે ૭૬ વિકાસકાર્યો વિવિધ તબક્કામાં પ્રગતિ હેઠળ છે. ઉપરાંત, ૭૦.૧૯ કરોડના ખર્ચે ૫૭ કામો પૂર્ણ કરવામાં આવ્યા છે અને ૫૨.૦૮ કરોડના ૨૪ કામો આયોજનના તબક્કામાં છે. ૭૯.૧૦ કરોડના ૬ કામોનો ચાલુ અંદાજપત્રમાં નવા કામ તરીકે સમાવેશ કરવામાં આવ્યો છે. રાજ્યના મહત્વના અંબાજી-બહુચરાજી જેવા યાત્રાધામોની આસપાસ આવેલા યાત્રાધામોનો વિકાસ ૨૧૬.૫૧ કરોડના ખર્ચે કરવામાં આવી રહ્યો છે. આ પૈકી, અંબાજીની આસપાસ આવેલ યાત્રાધામોનો ૧૩૫.૫૧ કરોડના ખર્ચે વિવિધ પ્રકારે વિકાસ કરવામાં આવી રહ્યો છે. આ વિકાસકાર્યોમાં, ૩ કરોડના ખર્ચે કોટેશ્વર મહાદેવ મંદિરના પહેલા તબક્કાના વિકાસકાર્યો પૂર્ણ થઈ ચૂક્યા છે, રીંછડિયા મહાદેવ અને તેની પાસે આવેલા તળાવનું ૫૩.૯૫ કરોડના ખર્ચે બ્યુટિફિકેશનનું કામ અને તેલિયા ડેમ ખાતે ૧૨.૧૦ કરોડના ખર્ચે વિકાસકાર્યો પ્રગતિ હેઠળ છે. કોટેશ્વર મહાદેવ મંદિર ખાતે બીજા તબક્કાના કાર્યો, કામાક્ષી મંદિર અને કુંભારિયાજી જૈન તીર્થ તથા અન્ય ધાર્મિક સ્થળો ખાતે કુલ અંદાજિત ૩૩ કરોડના ખર્ચના વિકાસકાર્યો આયોજન હેઠળ છે. કેન્દ્ર સરકારની 'પ્રસાદ યોજના' હેઠળ ૩૩.૪૬ કરોડના ખર્ચે પ્રવાસી સુવિધા કેન્દ્ર જેવા વિકાસકાર્યો પણ પ્રગતિ હેઠળ છે. પાવાગઢ યાત્રાધામ અને તેની આસપાસના તીર્થક્ષેત્રોમાં અંદાજે ૧૮૭.૪૯ કરોડના વિકાસકાર્યો હાથ ધરવામાં આવ્યા છે. પાવાગઢ યાત્રાધામ ખાતે ૧૨૧ કરોડના ખર્ચે વિવિધ વિકાસકાર્યો પૂર્ણ કરવામાં આવ્યા છે.

### મહિને સાડા આઠ હજાર રૂપિયા પગાર આપવામાં આવતો

# ઉત્તર પ્રદેશના ફ્રોડ દંપતીની અમદાવાદમાંથી થઈ ધરપકડ

### નોકરી આપવાના નામે લાખો રૂપિયાની છેતરપિંડી કરીને પતિ-પત્ની બંને પ્રયાગરાજથી ફરાર થઈ ગયા હતા

। (એજન્સી) અમદાવાદ,તા.૧૮ ।

યુપી પોલીસની સ્પેશ્યલ ટાસ્ક ફોર્સે ૧૭ વર્ષ પહેલા ફ્રોડ કરી ફરાર થયેલા ભાગેડું દંપતીની અમદાવાદમાંથી ધરપકડ કરી છે. તેની ગુરુવારેં જીહ્લ (સ્પેશિયલ ટાસ્ક ફોર્સ) દ્વારા અમદાવાદ, ગુજરાતથી ધરપકડ કરવામાં આવી હતી. એસટીએફના સૂત્રોએ જણાવ્યું કે નોકરી આપવાના નામે લાખો રૂપિયાની છેતરપિંડી કરીને પતિ-પત્ની બંને પ્રયાગરાજથી ફરાર થઈ ગયા હતા અને બંને પર ૫૦-૫૦ હજાર રૂપિયાનું ઈનામ પણ જાહેર કરવામાં આવ્યું હતું. આરોપીઓના નામ અમિત શ્રીવાસ્તવ અને શિખા શ્રીવાસ્તવ છે, જેમની અમદાવાદના વેજલપુર વિસ્તારમાં સ્થિત શિવંતા એપાર્ટમેન્ટમાંથી ધરપકડ કરવામાં આવી હતી. સૂત્રોના જણાવ્યા અનુસાર જીહ્લને માહિતી મળી હતી કે અમિત અને શિખા અમદાવાદમાં છુપાયા છે, જેના પછી તેની ટીમ ત્યાં પહોંચી અને બંનેની ધરપકડ કરી. તેમના જણાવ્યા અનુસાર, બંને છેતરપિંડી અને અન્ય આરોપોમાં પ્રયાગરાજના જ્યોર્જટાઉન પોલીસ સ્ટેશનમાં ૨૦૦૭માં નોંધાયેલા કેસમાં વોન્ટેડ છે. અમિતે પૂછપરછ દરમિયાન જણાવ્યું કે ૨૦૦૭માં તેણે પ્રયાગરાજના જ્યોર્જટાઉનમાં 'ઈન્ફોકોન્સ કન્સલ્ટન્ટ્સ પ્રાઈવેટ લિમિટેડ' નામની કંપની ખોલી હતી, જેમાં તે પોતે મેનેજિંગ ડિરેક્ટર હતા અને તેની પત્ની શિખા કો-ડિરેક્ટર હતી. અમિતે પોલીસને જણાવ્યું હતું કે આ કંપનીમાં લોકો પાસેથી પૈસા જમા કરાવ્યા બાદ તેમને સોફ્ટવેર ડેવલપર અને એન્જિનિયર તરીકે નોકરી આપવામાં આવતી હતી. તેના બદલામાં તેમને મહિને સાડા આઠ હજાર રૂપિયા પગાર આપવામાં આવતો હતો. આ માટે નોકરી મેળવનાર દરેક વ્યક્તિ પાસેથી ૮૦ હજારથી ૧ લાખ રૂપિયા સિક્યોરિટી મની તરીકે જમા કરાવવામાં આવ્યા હતા. સૂત્રોના જણાવ્યા મુજબ, અમિતે પૂછપરછ દરમિયાન એસટીએફને જણાવ્યું હતું કે નોકરી મેળવનારા લોકો પાસે ત્રણ વર્ષ માટે કંપનીમાં કામ કરવા અને ત્રણ વર્ષ પછી સિક્યોરિટી મની પરત કરવા તેમજ છ મહિના કામ કર્યા પછી પગાર વધારાનું બોન્ડ પણ આપવામાં આવ્યું હતું. આરોપીઓએ જણાવ્યું કે 'સિક્યોરિટી મની' તરીકે લાખો રૂપિયા એકઠા કર્યા પછી, તેઓ બધા પૈસા લઈને ફરાર થઈ ગયા અને દિલ્હી આવ્યા, જ્યાં બંને થોડા દિવસો રોકાયા અને તેમની ગુનાહિત પ્રવૃત્તિઓને અંજામ આપ્યો.



### ઈસમે પીડિતા સાથે દુષ્કર્મ આચર્યું હતું

# અમદાવાદમાં રેપના કેસમાં આરોપીઓને કોર્ટે ૨૦ વર્ષની આકરી સજા ફટકારી

### અમદાવાદ સિટી સિવિલ એન્ડ સેશન્સ કોર્ટમાં કેસની ટ્રાયલમાં ૧૭ સાહેદો અને ૨૬ દસ્તાવેજી પુરાવા તપાસાયા હતા

। (એજન્સી) અમદાવાદ,તા.૧૮ ।

અમદાવાદમાં અઢી વર્ષ પૂર્વે એક પરીણિતા પર આચરવામાં આવેલા દુષ્કર્મના કેસમાં ફક્ત અઢી વર્ષમાં સિટી એન્ડ સિવિલ સેશન્સ કોર્ટે આરોપીને ૨૦ વર્ષની આકરી સજા ફટકારી છે. તેની સાથે તેને રૂ. ૧.૩૪ લાખનો દંડ ફટકાર્યો છે અને તેમાથી અડધી રકમ પીડિતાને આપવાનો આદેશ આપ્યો છે.

અમદાવાદના ઓઢવ પોલીસ મથકે જાન્યુઆરી, ૨૦૨૨માં બે અજાણ્યા આરોપીઓ વિરુદ્ધ IPCની કલમ ૩૭૬, ૩૭૬(૨)(m), ૩૭૬(D), ૩૯૪, ૪૫૦, ૩૪૨, ૩૨૪ અને ૧૧૪ મુજબ ગુન્હો નોંધાયો હતો. જેમાં અમદાવાદ સિટી સિવિલ એન્ડ સેશન્સ કોર્ટમાં કેસની ટ્રાયલમાં ૧૭ સાહેદો અને ૨૬ દસ્તાવેજી પુરાવા તપાસાયા હતા. દુષ્કર્મનો ભોગ બનનાર મહિલા ઓઢવ ખાતે પોતાના પતિ સાથે રહેતી હતી. તેમજ ઘરકામ કરતી હતી. તેનો પતિ નોકરી ઉપર ગયો હતો, તે દરમિયાન બપોરે તેના રૂમનો આડો દરવાજો ખોલીને બે ૨૦થી ૨૫ વર્ષીય ઈસમો અંદર પ્રવેશ્યા હતા. આ ઈસમોએ પૂછપરછના બ્હાને અમને જમાડ કહીને એક આરોપીએ પીડિતાના હાથ પકડીને મોઢું દબાવી દીધું હતું, બીજાએ રૂમનો દરવાજો અંદરથી બંધ કરી દીધો હતો. રૂમનો દરવાજો બંધ કરનાર ઈસમે પીડિતા સાથે દુષ્કર્મ આચર્યું હતું. પીડિતાએ પ્રતિકાર કરતાં આરોપીએ પીડિતાના હાથ ઉપર બ્લેડ પણ મારી હતી.



### સુરતમાં વધુએક હત્યાનો કીસ્સો સામે આવ્યો

# સુરતના પાંડેસરામાં પ્રેમ પ્રકરણમાં ખુની ખેલ ખેલાયો

### મૃતક પરણિત હોવા છતાં પોતાની મિત્રની બહેન સાથે પ્રેમ સંબંધ ધરાવતો હતો જે વાતની જાણ થતાં બંને મિત્ર વચ્ચે બોલાચાલી થઈ હતી

। (એજન્સી) સુરત,તા.૧૮ ।

સુરતના પાંડેસરા વિસ્તારમાં થયેલી યુવાની હત્યા પ્રકરણમાં આખરે પોલીસને સફળતા લાગી છે. મૃતક પરણિત હોવા છતાં પોતાની મિત્રની બહેન સાથે પ્રેમ સંબંધ ધરાવતો હતો. જે વાતની જાણ થતાં બંને મિત્ર વચ્ચે બોલાચાલી થઈ હતી. આ દરમિયાન આરોપી અને તેના સાથીદારે સાથે મળીને મૃતકને ઉપરા છાપરી છરી વડે હુમલો કરતા છરી તૂટી ગઈ હતી. ત્યારબાદ પથ્થરના બ્લોક વડે તેની હત્યા કરી નાખવામાં આવી હતી. આ સમગ્ર પ્રકરણમાં પાંડેસરા પોલીસે બંને હથિયારોને ઝડપી પાડી જેલ ભેગા કર્યા છે. સુરતના પાંડેસરા વિસ્તારમાં ૧૩ મી ઓગસ્ટના રોજ જીઈબીની કમ્પાઉન્ડ માં એક અજાણ્યા ઈસમની લાશ મળી આવી હતી. આ અંગે જાણ થતાં તાત્કાલિક પાંડેસરા પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી અને તપાસ કરતા પોલીસને જાણવા મળ્યું હતું કે મરનાર વ્યક્તિ કરણસિંહ છે જે યુપીના હમીરપુરનો રહેવાસી છે. પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં પોલીસને જાણવા મળ્યું હતું કે કરણસિંહના માથાના ભાગે બોથર્ડ હથિયાર વડે ઈજાઓ કરવામાં આવી હતી. પોલીસે સીસીટીવી ફૂટેજ અને સીડીઆરના આધારે જ્યારે તપાસ કરી ત્યારે જાણવા મળ્યું હતું કે હત્યાની રાત્રે કરણ સાથે શિવ બહાદુર અને તેજસિંગ નામના બે લોકો જતા દેખાયા હતા. જેથી પોલીસે બન્નેને પોલીસ મથક લાવી પૂછપરછ શરૂ કરી હતી. પોલીસ પૂછપરછ માં જાણવા મળ્યું હતું કે કરણસિંહનો આરોપી તેજસિંગની બહેન સાથે પ્રેમ સંબંધ હતો. જેને લઈ બંને વચ્ચે વારંવાર તકરાર થતી હતી. ૧૨ મી ઓગસ્ટના રોજ રાત્રિ ના સમયે વડોદ શાસ્ત્રીનગર ખાતે શિવ બહાદુરસિંહના રૂમ પર ત્રણેય મિત્રો સાથે જમવાનું આયોજન કરી ભેગા થયા હતા. તેજ સિંહ તથા શિવ બહાદુર સાથે કરણસિંહનો બહેન સાથે પ્રેમ સંબંધને લઈ ઝઘડો થયો હતો. અગાઉની અદાવત રાખી તેજસિંજ અને શિવ બહાદુરે કરન સિંહની હત્યા કરવાનું નક્કી કર્યું હતું. બંને આરોપીઓ કરણસિંહ ને સિદ્ધાર્થ નગર પાસે આવેલા જીઈબી કમ્પાઉન્ડ પાસે લઈ ગયા હતા.

## અક્ષયપાત્ર સંસ્થાના ડ્રાઈવરોની વીજળીક હડતાળ, તંત્ર દોડતું થઈ ગયું

। (એજન્સી) વડોદરા,તા.૧૮ ।

વડોદરા નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની ૧૩૦ સ્કૂલોમાં અક્ષયપાત્ર સંસ્થા પોતાના વાહનો મારફતે સવાર અને બપોરે એમ બંને પાળીમાં ભોજન પહોંચાડે છે. જોકે પગારનો અસંતોષ અને બીજી માંગણીઓને લઈને આ વાહનોના ડ્રાઈવરો આજે સવારે અચાનક હડતાળ પર ઉતરતા દોડધામ મચી ગઈ હતી.

જો હડતાલ ખતમ ના થાય તો સ્કૂલોમાં ભણતા હજારો વિદ્યાર્થીઓ સુધી ભોજન ના પહોંચે અને વિદ્યાર્થીઓ ભૂખ્યા રહે તેવી સ્થિતિ સર્જાય તેમ હતી. જેના કારણે તંત્રમાં દોડધામ મચી ગઈ હતી. કલેક્ટર કચેરીના એક અધિકારી સ્થળ પર દોડયા હતા અને તેમણે ડ્રાઈવરોને સમજાવીને હડતાળ ખતમ કરાવી હતી. જેના કારણે વાહનોમાં ભોજન સ્કૂલોને મોકલવાનુ શરું થયું હતું. આમ છતા કેટલીક સ્કૂલોમાં ભોજન મોડું પહોંચ્યું હોવાની ફરિયાદો ઉભી થઈ હતી. ડ્રાઈવરોનું કહેવું હતું કે, સ્કૂલોમાં જ્યારે વેકેશન હોય ત્યારે ભોજન પહોંચાડવાની કામગીરી બંધ રહે છે પણ અમને વેકેશનના સમયનો પણ પગાર અત્યાર સુધી આપવામાં આવતો હતો. આ વખતે તે પગાર અટકાવી દેવાયો છે. જે અમને આપવામાં આવે. સાથે-સાથે ૧૨ વર્ષથી કોન્ટ્રાક્ટ પર નોકરી કરતા કર્મચારીઓને કાયમી કરવામાં આવે તેમજ દીવાળીમાં બોનસ આપવામાં આવે.

# મેડિકલ સ્ટોરમાંથી જ ચોરી કરતો ચોરને પોલીસે પકડી પાડ્યા

### પોલીસે આરોપીની ધરપકડ કરતા ૬ ગુનાનો ભેદ ઉકેલાયો છે અગાઉ પણ તેણે સંખ્યાબંધ ગુના કર્યા હોવાની કબૂલાત કરી છે

। (એજન્સી) અમદાવાદ,તા.૧૮ ।

અમદાવાદ શહેરના ખાસ મેડિકલ સ્ટોરમાંથી જ ચોરી કરતો ચોરને પોલીસે પકડી પાડ્યો છે. મેડિકલમાં ચોરી થવાના બનાવો સામે આવતાં ઝોન ૧ એલસીબી પોલીસે સતર્ક બનીને ચોરી કરતાં ભેજાબાજને ઝડપી પાડ્યો છે. પોલીસે આરોપીની ધરપકડ કરતા ચોરે ૬ ગુના કર્યા હોવાની કબૂલાત કરી છે. માત્ર મેડિકલ સ્ટોરમાં જ ચોરી કરતા એક ભેજાબાજ ચોર ને અમદાવાદ શહેરની ઝોન એલસીબીની ટીમે ઝડપી પાડયો છે . આ ભેજાબાજ શખ્સ મેડિકલ સ્ટોરમાં હાથફેરો કરતો અને સાથે પોલીસ ઓળખ ન કરી શકે એ માટે થી સીસીટીવીના ડીવીઆર પણ ચોરીને જતો રહેતો હતો. પોલીસે આરોપીની ધરપકડ કરતા ૬ ગુનાનો ભેદ ઉકેલાયો છે. અગાઉ પણ તેણે સંખ્યાબંધ ગુના કર્યા હોવાની કબૂલાત કરી છે. પોલીસે હવે ચોરીનો મુદ્દામાલ રિકવર કરવા પ્રયાસ શરૂ કર્યા છે. રિટર્ન તો સમયસર ભરી દીધુ પરંતુ હજું નથી મળ્યું રિફંડ જાણો ક્યારે આવશે એકાઉન્ટમાં અમદાવાદ શહેરના કેટલાક વિસ્તારોમાં મેડિકલ સ્ટોરમાં ચોરી થવાના બનાવો સામે આવ્યા હતા. જે સંદર્ભે અલગ-અલગ પોલીસની ટીમો દ્વારા તપાસ હાથ ધરવામાં આવી હતી. જેમાં ઝોન વન એલસીબી અને ઘાટલોડીયા પોલીસની ટીમને મહત્વની કડી મળી હતી. જે સંદર્ભે પોલીસે એક શખસની અટકાયત કરી છે. જે આરોપીનું નામ યોગેશ ગોરધનભાઈ પઢીયાર જાણવા મળ્યું હતું. આ સંદર્ભે તપાસ કરતાં પોલીસને જાણવા મળ્યું કે, તેને એક બે નહીં પણ સંખ્યાબંધ ચોરીઓને અંજામ આપ્યો હતો. તેણે તાજેતરમાં ઘાટલોડીયા વિસ્તારમાં ચોરી કર્યા હોવાની વિગત સામે આવતા બે ગુનાનો ભેદ ઉકેલાયો હતો. જ્યારે વધુ છ જગ્યાએ તેને ચોરી કરી હોવાનું સામે આવ્યું હતું. આરોપી ઘાટલોડિયા, એલિસબ્રિજ, નારણપુરા, વસ્ત્રાપુર, વેજલપુર અને રામોલ વિસ્તારમાં પણ ચોરી કરી હોવાની કબુલાત કરી હતી. આ સંદર્ભ પોલીસે તેની પાસે ચોરીનો મુદ્દામાલ રિકવર કરવા માટેના પ્રયાસ કર્યો છે. આ અગાઉ પણ તને બીજી જગ્યાએ ચોરી કરી હોવાની વિગતો સામે આવી હતી. આરોપીઓ એવું માનતો હતા કે મેડિકલ સ્ટોરમાં મોડી રાતે રોકડ રકમ વધારે હોય છે.




## રાજ્ય સરકારે યુવક-યુવતીઓ માટે સાગરખેડૂ સાયકલ રેલીનું આયોજન કર્યું

। (એજન્સી) અમદાવાદ,તા.૧૮ ।

રાજ્યના યુવક-યુવતીઓ સાગરકાંઠે વસવાટ કરતા નાગરિકોનું લોકજીવન, મુશ્કેલીઓ, તેમની કલા અને સંસ્કૃતિને જાણીને તેનો પ્રત્યક્ષ અનુભવ કરી શકે, તેવા ઉમદા આશયથી નવેમ્બર-૨૦૨૪માં 'સાગરખેડૂ સાયકલ રેલી'નું આયોજન કરવામાં આવશે. આ સાયકલ રેલી માં સહભાગી થવા માટે રાજ્યના ૧૫ થી ૩૫ વર્ષની વય ધરાવતા યુવક-યુવતીઓ આગામી તા. ૩૧મી ઓગસ્ટ સુધી અરજી કરી શકશે. આ સાયકલ રેલી જામનગર, આણંદ અને વલસાડ જિલ્લામાં યોજાશે, તેમ યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરીની યાદીમાં જણાવ્યું છે.સાગરખેડૂ સાયકલ રેલીમાં જોડાવવા ઈચ્છુક યુવક-યુવતીઓએ જે તે જિલ્લાની યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી ખાતેથી નિયત નમૂનાનું અરજી ફોર્મ મેળવવાનું રહેશે. આ અરજી ફોર્મમાં દર્શાવેલી તમામ વિગતો ભરીને, તેની સાથે શારીરિક તંદુરસ્તી ધરાવતા હોવાનું તબીબી પ્રમાણપત્ર, વાલીની સંમતિ, તાજેતરમાં પડાવેલ પાસપોર્ટ સાઈઝનો ફોટો વગેરેની તમામ માહિતી અરજી ફોર્મ સાથે જોડીને અરજી જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી-જામનગર, આણંદ અથવા વલસાડને મોકલી આપવાની રહેશે.



ટીએમસી સાંસદ સુખેન્દુ શેખર રોયને સીપીની કસ્ટોડિયલ પૂછપરછની માંગ કરવા માટે નોટિસ જારી કરવામાં આવી હતી. કોલકાતા પોલીસે એવા ડોક્ટરોને પણ નોટિસ મોકલી છે જેમણે આર.જી. કાર પીડિતાની ઓળખ જાહેર કરી હતી.

### આખા ઉદયપુરમાં કર્ફ્યૂ લાગ્યો

# લોકોના ટોળાએ મોલ અને દુકાનોમાં તોડફોડ કરી

## ભટિયાણી ચોહટ્ટાની સરકારી સ્કૂલમાં દસમા ધોરણના બે વિદ્યાર્થીઓ વચ્ચે ઝઘડો થયો હતો, જેમાં મામલો બિચક્યો

। (એજન્સી) ઉદયપુર, તા.૧૮ ।

ઉદયપુર શહેરમાં શુક્રવાર સવાર સુધી બધું જ નોર્મલ હતું. પણ બપોર થતાં થતાં શહેરનો માહોલ અચાનક બદલાઈ ગયો. બજારોમાં કેટલાય ટોળા અચાનક આવ્યા અને દુકાનો બંધ કરાવા લાગ્યા. ગુસ્સે થયેલા લોકો મોલ અને કેટલીય દુકાનોમાં તોડફોડ કરવા લાગ્યા, પથ્થરમારો પણ કર્યો. એકાએક આખા શહેરમાં તણાવ ફેલાઈ ગયો. કેટલીય કારમાં આગ લગાવી દીધી. શહેરમાં કેટલીય જગ્યાએ હિંસા ફેલાઈ ગઈ. જોત જોતામાં પોલીસ ભારે સંખ્યામાં બજારો અને તે જગ્યાએ પહોંચી ગઈ જ્યાં હોબાળો થઈ રહ્યો હતો. તેમને શાંત કરાવ્યા અને સાવધાનીના ભાગરુપે બજારો બંધ કરાવી દીધી. આખા શહેરમાં પોલીસ અને અન્ય સુરક્ષા ફોર્સ તૈનાત કરી દીધી. આખા ઉદયપુરમાં કર્ફ્યૂ લગાવી દીધો છે.



હકીકતમાં જોઈએ તો, ભટિયાણી ચોહટ્ટાની સરકારી સ્કૂલમાં દસમા ધોરણના બે વિદ્યાર્થીઓ વચ્ચે ઝઘડો થયો હતો, જેમાં એક વિશેષ ધર્મના છાત્ર સાથે બોલાચાલી બાદ બીજા વિદ્યાર્થીની જાંઘમાં ચાકૂના ઘા મારી દીધા હતા. આરોપી છાત્ર સ્કૂલમાંથી ભાગી ગયો હતો. ચાકૂના ઘા વાગ્યા બાદ ઘાયલ વિદ્યાર્થીને હોસ્પિટલમાં દાખલ કર્યો હતો. અહીં છાત્રને આઈસીયૂમાં ભરતી કરાવ્યો હતો. સૂચના મળતા સૂરજપોલ પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. ત્યાર બાદ એમબી હોસ્પિટલમાં મોટી સંખ્યામાં ઘાયલ છાત્રના સમાજના લોકો એકઠા થઈ ગયા અને ભાજપના પદાધિકારી અને કાર્યકર્તા પણ અહીં પહોંચી ગયા હતા.

## ન્યૂઝ બ્રિફ

### દેશના કેટલાક રાજ્યોમાં ભારે વરસાદની આગાહી



। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૮ ।

દેશના પશ્ચિમ, ઉત્તર અને પૂર્વીય ભાગોમાં દક્ષિણ-પશ્ચિમ ચોમાસું સક્રિય છે. જેને લઈને હવામાન વિભાગે બિહાર, ઝારખંડ, ઓડિશા, ગુજરાત, પશ્ચિમ બંગાળ, ઉત્તર પ્રદેશ, રાજસ્થાન અને દિલ્હીમાં હળવાથી મધ્યમ અને કેટલાક સ્થળોએ ભારે વરસાદ આગાહી કરી છે. બંગાળની ખાડીમાં બની નવી સિસ્ટમ સર્જાતા પૂર્વીય રાજ્યોમાં ભારે વરસાદની સંભાવના છે. ભારતીય હવામાન વિભાગ અનુસાર, બંગાળની ખાડીના ઉત્તર-પશ્ચિમમાં એક લો પ્રેશરનું ક્ષેત્ર બન્યું છે, જે પશ્ચિમ બંગાળ અને બાંગ્લાદેશની નજીકના વિસ્તારોમાં ફેલાઈ રહ્યું છે. આ લો પ્રેશર વિસ્તાર આગામી ૨-૩ દિવસમાં પશ્ચિમ બંગાળ અને ઝારખંડમાંથી પસાર થતા પશ્ચિમ-ઉત્તર-પશ્ચિમ દિશામાં આગળ વધી શકે છે. આવી સ્થિતિમાં વરસાદની ગતિવિધિઓ વધશે. હવામાન વિભાગની આગાહી અનુસાર, લો પ્રેશર અને ચક્રવાત પ્રણાલીની રચનાને કારણે, ઓડિશા અને કેટલાક આસપાસના રાજ્યોમાં ભારેથી અતિ ભારે વરસાદની સંભાવના છે. આવી સ્થિતિમાં સરકાર અને વહીવટી તંત્ર એલર્ટ થઈ ગયું છે. ઓડિશા, પશ્ચિમ બંગાળ, ઝારખંડ અને આસપાસના ભાગોમાં રહેતા લોકોને હવામાનની આગાહી સાથે અપડેટ રહેવા અને સાવચેતી રાખવાની સલાહ આપવામાં આવી રહી છે.

### માં વૈષ્ણો દેવી ભવન ખાતે બે જગ્યાએ ભૂસ્ખલન થયું



। (એજન્સી) જમ્મુ, તા.૧૮ ।

માં વૈષ્ણો દેવી ભવન ખાતે બે જગ્યાએ ભૂસ્ખલન થયું હતું, પરંતુ યાત્રા સરળ રીતે ચાલુ છે. બુધવારે રાત્રે શરૂ થયેલો ભારે વરસાદ ગુરુવારે સવાર સુધી ચાલુ રહ્યો હતો. ગુરુવારે સવારે લગભગ ૧૧:૦૦ વાગ્યે, મા વૈષ્ણો દેવી માર્ગ પર બાણગંગા વિસ્તારમાં ગુલશન નગર પાસે ભૂસ્ખલન થયું હતું. ઘટના સમયે યાત્રા ચાલુ હતી પરંતુ સદભાગ્યે કોઈ યાત્રાળુને ઈજા થઈ નથી. ઘટના બાદ આ વિસ્તારમાં શ્રદ્ધાળુઓની અવરજવર પર પ્રતિબંધ લગાવી દેવામાં આવ્યો હતો અને પથ્થરો હટાવવાનું કામ શરૂ કરવામાં આવ્યું હતું, જે સાંજ સુધી ચાલુ રહ્યું. સાંજે ૭.૦૦ વાગ્યે રસ્તો સાફ થતા વાહનવ્યવહાર ચાલુ થયો હતો. આ રસ્તો બંધ હોવાથી ભક્તોને મા વૈષ્ણો દેવીના પ્રવેશ દ્વાર દર્શની દેવધીથી ચેતક ભવન થઈને નવા તારાકોટ માર્ગ તરફથી યાત્રા ચાલુ રાખવા માટે કહ્યું હતું. તેમજ, ગુરુવારે રાત્રે મા વૈષ્ણો દેવીની યાત્રા ચાલી રહી હતી ત્યારે પરંપરાગત માર્ગ પર દૂધબાર વિસ્તારમાં પણ અચાનક ભૂસ્ખલન થયું હતું. જેના કારણે ૩૦ થી ૪૦ ફૂટ જેટલા રોડને નુકસાન થયું હતું. ટીન શેડના થાંભલા હવામાં લટકી ગયા હતા.

# સાઉદી અરેબિયાના ક્રાઉન પ્રિન્સને સતાવી રહ્યો છે હત્યાનો ડર, અમેરિકન અધિકારીઓ સામે વ્યક્ત કરી આશંકા

## સાઉદી અરેબિયાના પ્રિન્સે ડર હોવા છતાં દેશના ભવિષ્યના હિતને ધ્યાનમાં રાખીને અમેરિકાની ડીલ પર આગળ વધવાનું નક્કી કર્યું

। (એજન્સી) રિયાધ, તા.૧૮ ।

કરાર હેઠળ અમેરિકા સાઉદી અરેબિયાની સુરક્ષા સુનિશ્ચિત કરવાની સાથે સાઉદી અરેબિયાના નાગરિક પરમાણુ કાર્યક્રમમાં પણ મદદરૂપ થશે. અમેરિકા અને સાઉદી અરેબિયા સાથે કરવામાં આવેલા કરારના આધારે અમેરિકા સાઉદી અરેબિયામાં ટેક્નોલોજી ક્ષેત્રે પણ રોકાણ કરશે. પરંતુ સાઉદી અરેબિયાના પ્રિન્સે ડર હોવા છતાં દેશના ભવિષ્યના હિતને ધ્યાનમાં રાખીને અમેરિકાની ડીલ પર આગળ વધવાનું નક્કી કર્યું હતું. એક રિપોર્ટ પ્રમાણે, ઈઝરાયેલ-સાઉદી અરેબિયા-અમેરિકા વચ્ચે સંભવિત ડીલને લઈને અમેરિકન અધિકારીઓએ મોહમ્મદ બિન સલમાન સાથે મુલાકાત કરી હતી. આ મુલાકાત દરમિયાન સાઉદી અરેબિયાના ક્રાઉન પ્રિન્સે કહ્યું હતું કે, 'જો તેઓ આ ડીલ પર આગળ વધે છે તો તેમની હત્યા પણ થઈ શકે છે.' આ દરમિયાન



અમેરિકાના અધિકારીએ મોહમ્મદ બિન સલમાનની સુરક્ષાને લઈને આશ્વાસન આપ્યું હતું. તેવામાં મોહમ્મદ બિન સલમાને અમેરિકાના અધિકારીને પૂછ્યું કે, જ્યારે ૧૯૮૧માં ઈજિપ્તના રાષ્ટ્રપતિ અનવર સાદતની ઈસ્લામિક આતંકવાદીઓ દ્વારા હત્યા કરવામાં આવી હતી, ત્યારે અમેરિકાએ શું કર્યું હતું?' પરંતુ સાઉદી અરેબિયાના પ્રિન્સે ડર હોવા છતાં દેશના ભવિષ્યના હિતને ધ્યાનમાં રાખીને અમેરિકાની ડીલ પર આગળ વધવાનું નક્કી કર્યું હતું. મીડિયા રિપોર્ટ પ્રમાણે, અમેરિકા અને સાઉદી અરેબિયા સાથે કરવામાં આવેલા કરારના આધારે અમેરિકા સાઉદી અરેબિયામાં ટેક્નોલોજી ક્ષેત્રે પણ રોકાણ કરશે. આના બદલે સાઉદી અરેબિયાએ ચીન સાથેના પોતાના સંબંધો ઓછા કરવા પડશે અને ઈઝરાયેલની સાથે રાજકીય સંબંધો કાયમ માટે બંધ કરવાના રહેશે. આ દરમિયાન જો સાઉદી અરેબિયા ઈઝરાયેલ સાથે રાજકીય સંબંધો સ્થાપિત કરશે તો, તેનાથી ઈઝરાયેલને સૌથી વધુ ફાયદો થશે. સાઉદી અરેબિયાનો આરબ વિશ્વમાં ભારે પ્રભાવ છે. પરંતુ સાઉદી અરેબિયાના પ્રિન્સને એ ડર સતાવી રહ્યો છે કે, જો તે પેલેસ્ટાઈનને અલગ દેશનો દરજ્જો આપ્યા વિના ઈઝરાયેલ સાથે રાજકિય સંબંધો સ્થાપિત કરે છે, તો તે ઈસ્લામિક કટ્ટરપંથીઓના હુમલામાં આવી શકે છે.

### દાણચોરીની પદ્ધતિ બદલાઈ ગઈ

## કંડલા મરીન પોલીસનો સપાટો, સોપારીની દાણચોરી કરતી ગેંગ ઝડપી પાડી

### આયાત-નિકાસના નામે ભ્રષ્ટાચાર આચરનારા દેશદ્રોહી દાણચોરો સામે એજન્સીઓએ સંયુક્ત તપાસ કરવી જોઈએ તે રાષ્ટ્રીય હિતમાં છે



। (એજન્સી) અમદાવાદ, તા.૧૮ ।

હવે દાણચોરીની પદ્ધતિ બદલાઈ ગઈ છે. વ્હાઈટ કોલર દાણચોરો સરકારી છૂટનો લાભ ઉઠાવે છે અને ખોટી જાહેરાતો દ્વારા ખોટી માહિતી આપીને સરકારને છેતરે છે. આયાત-નિકાસના નામે ભ્રષ્ટાચાર આચરનારા દેશદ્રોહી દાણચોરો સામે એજન્સીઓએ સંયુક્ત તપાસ કરવી જોઈએ તે રાષ્ટ્રીય હિતમાં છે.

જણાવી દઈએ કે,કંડલા મરીન પોલીસે કાલુરામ ઉર્ફે સુનિલ મોહન ચૌધરી, રાહુલ મંગેશ પાટીલ અને મુંબઈની સ્ઌઽ કંપનીના મુખ્ય કિંગપિન નાગેશ સુર્વેની રૂ. ૧.૮૦ કરોડની કિંમતની સોપારીની દાણચોરી બદલ ધરપકડ કરી છે.

આ ગુનામાં ગોડાઉન ભાડે આપવા તેમજ ટ્રક ભાડે આપવા માટે સંસ્થાપક ગાંધીધામ આદિપુરના ચાર લોકોની સંડોવણી બહાર આવી હતી. તેમાંથી ત્રણ વરુણ મોહન, અનિલ બારોટ અને કરણ ગોવિંદ કાંગરની ધરપકડ થઈ ચૂકી છે. જ્યારે અરુણ ગોવિંદ કાંગર હજુ ફરાર છે. કંડલા પીઆઈ એમ.એન. તેઓ તપાસ કરી રહ્યા છે.તપાસમાં બહાર આવ્યું હતું કે ઝઉઝ મેનેજર વરુણ રમેશભાઈ મોહને ગોડાઉનના સુપરવાઈઝર અનિલ છગનભાઈ બારોટ સાથે મળીને વારંવાર માલ ઉતાર્યો હતો. આદિપુરના કરણ ગોવિંદભાઈ કાંગર અને તેના ભાઈ અરુણે સુનીલ ચૌધરીને સોપારી લઈ જવા માટે ત્રણ ટ્રક ભાડે આપી હતી. તમામ આરોપીઓ શરૂઆતથી જ દાણચોરીના રેકેટથી વાકેફ હતા અને અંગત આર્થિક લાભ માટે તેમાં સામેલ થયા હતા. પોલીસે તે સમયે આ ગુનામાં અનિલ બારોટ, કરણ કાંગાર અને વરુણ મોહનની ધરપકડ કરી હતી.. તપાસમાં મહારાષ્ટ્રના વધુ બે લોકોની સંડોવણી બહાર આવી હતી.રાહુલ મંગેશ પાટીલ અને નાગેશ કાશીનાથ સુર્વે. કંડલા પોલીસે આજે સુનીલ સાથે રાહુલ પાટીલ અને નાગેશ સુર્વેની ધરપકડ કરી છે. અરુણ કાંગર હજુ ફરાર છે. કંડલા પીઆઈ એ.એમ. વાળા તથા પીએસઆઈ એસ.એસ.ભેડીયા સહિતના સ્ટાફે તપાસ હાથ ધરી હતી.

### મહારાષ્ટ્રમાં ચૂંટણીની જાહેરાત ન કરવા અંગે ચૂંટણી પંચની પ્રતિક્રિયા

## મહારાષ્ટ્રમાં વરસાદ અને અનેક તહેવારોને લીધે નિર્ણય લેવાયો નથી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૮ ।

ચૂંટણી પંચે આજે જમ્મુ કાશ્મીર અને હરિયાણા વિધાનસભા ચૂંટણીની તારીખો જાહેર કરી છે, જોકે મહારાષ્ટ્રની તારીખો જાહેર કરી નથી. એવું મનાઈ રહ્યું હતું કે, આજે મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીની તારીખો પણ જાહેર થશે, જોકે એવું ન થયું. આખરે મહારાષ્ટ્ર ચૂંટણીની તારીખો જાહેર કેમ ન કરાઈ, તે અંગે પણ પંચે ત્રણ મોટા કારણો કહ્યા છે. અગાઉ મહારાષ્ટ્ર અને હરિયાણામાં એક સાથે વિધાનસભા ચૂંટણી યોજાઈ હતી, તેથી એવું મનાઈ રહ્યું હતું કે, હરિયાણાની સાથે મહારાષ્ટ્ર ચૂંટણીની તારીખો પણ જાહેર થશે. તમામ રાજકીય પક્ષો પણ ચૂંટણીની તૈયારીઓમાં જોતરાઈ ગયા હતા. જોકે મુખ્ય ચૂંટણી કમિશનરે છેલ્લી ઘડીએ માત્ર જમ્મુ કાશ્મીર અને હરિયાણાની તારીખો જાહેર કરી. જ્યારે તેમને મહારાષ્ટ્ર અંગે પૂછવામાં આવ્યું



તો તેમણે તેના કારણો પણ જણાવ્યા છે. મહારાષ્ટ્રમાં ચૂંટણીની જાહેરાત ન કરવા અંગે ચૂંટણી પંચે પ્રતિક્રિયા આપી છે. મુખ્ય ચૂંટણી કમિશનરે પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું કે, જમ્મુ-કાશ્મીરમાં ચૂંટણીની જાહેરાત થઈ ગઈ છે, તેથી મહારાષ્ટ્રમાં ચૂંટણી યોજવા અંગે હજુ કોઈ નિર્ણય લેવામાં આવ્યો નથી. આ સમયગાળા દરમિયાન મહારાષ્ટ્રમાં વરસાદ અને અનેક તહેવારો પણ આવે છે. આ દરમિયાન મહારાષ્ટ્રમાં ભારે વરસાદ પડતો હોય છે.

### મારી પત્ની ધારાસભ્ય પણ જનતાના કામ નથી કરતી

## જેલથી બહાર આવતા જ બાહુબલીએ નીતિશ કુમારને ગણાવ્યા સારા નેતા

। (એજન્સી) પટના, તા.૧૮ ।

૧૪ ઓગસ્ટે પટના હાઈકોર્ટે બે કેસને લઈને અનંત સિંહને ૧૦ વર્ષની સજાને રદ કરતા બાહુબલી નેતા આજે (૧૬ ઓગસ્ટ) સવારે ૫.૧૦ મિનિટે બિહાર બેઉર જેલમાંથી બહાર આવ્યાં છે. બીજી તરફ, જેલમાંથી બહાર આવ્યાં પછી અનંત સિંહે કહ્યું હતું કે, 'જનતા ઈચ્છશે તો તેમણે આગામી ચૂંટણી લડશે.' આ ઉપરાંત, પોતાના અંદાજમાં તેમની ધારાસભ્ય પત્ની નીલમ દેવીના કામને લઈને તેમને નિવદેન આપ્યું હતું.

અનંત સિંહ અવારનવાર પોતાના વિચિત્ર નિવેદનોને કારણે સોશિયલ મીડિયા પર વાઈરલ થતાં જોવા મળે છે. આ વખતે પણ એમણે આપેલા નિવેદનથી વિવાદ સર્જાયો હતો. જેમાં અનંત સિંહે તેમની ધારાસભ્ય પત્ની નીલમ દેવીને લઈને નિવદેન આપતાં કહ્યું હતું કે, 'નીલમ દેવી જનતાના કોઈ કામ કરતી



નથી, તેમણે કોઈ કામને લાયક નથી.' નીલમ દેવી મોકામાના ધારાસભ્ય છે. અનંત સિંહને આગામી દિવસોમાં કઈ પાર્ટીમાંથી ચૂંટણી લડવા વિશે પ્રશ્ન પૂછતા તેમણે કઈ કહેવાની સાફ રીતે ના પાડી હતી. અનંત સિંહને પાર્ટી વિશેષના સંબંધમાં પોતાના અંદાજમાં કહ્યું હતું કે, 'અત્યારે તેને લઈને કાંઈ પણ નક્કી કરવામાં આવ્યું નથી, જે ગાડી સારી હશે તેમાં ચડી જઈશું.' પરંતુ આ બધા વચ્ચે તેમણે નીતીશ કુમારની પ્રસંશા કરવાની ચૂક્યાં ન હતા.






નવી દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમ ખાતે, દિલ્હી પ્રીમિયર લીગ T૨૦ (DPL)ના ઉદઘાટન સમારોહ દરમિયાન પુરાણી દિલ્લી ૬ ના કેપ્ટન ઋષભ પંત અને અન્ય લોકો ફોટા માટે પોઝ આપે છે.

### મધ્યપ્રદેશ સરકારે મદરેસાઓને લઈને નિર્ણય લીધો

## મદરેસામાં બિન-મુસ્લિમ વિદ્યાર્થીઓને ધાર્મિક શિક્ષણ આપવા બદલ માન્યતા રદ થશે

। (એજન્સી) ભોપાલ,તા.૧૮ ।

મધ્યપ્રદેશમાં ડૉ. મોહન યાદવના નેતૃત્વવાળી સરકારે મદરેસાઓને લઈને મોટો નિર્ણય લીધો છે. સ્કૂલ એજ્યુકેશન ડિપાર્ટમેન્ટે મદરેસામાં ભણતા વિદ્યાર્થીઓના ફિઝિકલ વેરિફિકેશન માટે આદેશ જારી કર્યો છે. આ સમય દરમિયાન જો બિન-મુસ્લિમ અથવા મુસ્લિમ બાળકોના નામ નકલી હોવાનું જાણવા મળે છે અથવા બાળકોને તેમના માતાપિતાની પરવાનગી વિના ધાર્મિક શિક્ષણ આપવામાં આવે છે, તો આવા મદરેસાઓની માન્યતા રદ કરવામાં આવશે. શુક્રવારે શાળા શિક્ષણ વિભાગે આદેશ



જારી કરતી વખતે કહ્યું કે આ બાબત નેશનલ કમિશન ફોર પ્રોટેક્શન ઑફ ચાઈલ્ડ રાઈટ્સ (દ્રઝ્રઁઝઇ), નવી દિલ્હીના ધ્યાન પર લાવવામાં આવી છે કે ઘણા બિન-મુસ્લિમ બાળકોના નામનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. સરકારી અનુદાન મેળવવાના હેતુથી રાજ્યની મદરેસાઓ વિદ્યાર્થીઓ તરીકે છેતરપિંડીથી નોંધાયેલી છે. આની ટૂંક સમયમાં ચકાસણી કરવાની જરૂર છે.'

# તંત્રી લેખ...

## કર્મીઓના લઘુતમ પગાર અને પેન્શનમાં વધારો થઈ શકે છે

કેન્દ્ર સરકારના કર્મચારીઓ અને પેન્શનધારકો આતુરતાથી ૮મા પગાર પંચની રાહ જોઈ રહ્યા છે. દેશમાં ૭મું પગાર પંચ ૧ જાન્યુઆરી, ૨૦૧૬થી લાગુ થયું હતું. તેનાથી લગભગ ૧ કરોડ કર્મચારીઓ અને પેન્શનરોને લાભ પહોંચ્યો હતો. દર ૧૦ વર્ષે પગાર પંચ લાગુ કરવામાં આવતું હોવાથી હવે આશા રાખવામાં આવી રહી છે કે કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકાર ૧ જાન્યુઆરી, ૨૦૨૬થી ૮મું પગાર પંચ લાગુ કરી દેશે. તેનાથી લઘુતમ પગાર અને પેન્શનમાં મોટો ફેરફાર આવવાની આશા છે. જોકે, ૭મા પગાર પંચમાં એવો ઉલ્લેખ કરવામાં આવ્યો ન હતો કે તેનો સમય ૩૧ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ પૂરો થવાનો છે. આથી એક મોટા વર્ગને ચિંતા છે કે નવું પગાર પંચ આ વખતે ૧૦ વર્ષમાં લાગુ થશે કે નહીં. સરકાર તરફથી પણ હજુ સુધી ૮મા પગાર પંચ અંગે કોઈ માહિતી આપવામાં આવી નથી. છેલ્લા એક વર્ષમાં કર્મચારી યુનિયન અનેક વખત કેન્દ્ર સરકાર પાસે સ્થિતિ સ્પષ્ટ કરવાની માંગણી કરી ચૂક્યા છે. બજેટ પછી જ્યારે નાણાં સચિવ ટી.વી. સોમનાથનને આ વિશે પ્રશ્ન પૂછવામાં આવ્યો ત્યારે તેમણે કહ્યું હતું કે હાલમાં આ કામ માટે અમારી પાસે પૂરતો સમય છે. ૬ઠ્ઠા પગાર પંચથી ૭મા પગાર પંચમાં શિફ્ટ થવા દરમિયાન કર્મચારી યુનિયને માંગણી કરી હતી કે પગાર સુધારણામાં ફિટમેન્ટ ફેક્ટરને ૩.૬૮ રાખવામાં આવે પરંતુ, સરકારે તેને ૨.૫૭ જ રાખ્યો. ફિટમેન્ટ ફેક્ટરની મદદથી કેન્દ્રીય કર્મચારીઓનો લઘુતમ પગાર ૭૦૦૦ રૂપિયાથી વધીને ૧૮ હજાર રૂપિયા થઈ ગયો હતો. આ ઉપરાંત મિનિમમ પેન્શન પણ ૩૫૦૦ રૂપિયાથી વધીને ૯૦૦૦ રૂપિયા થઈ ગયું હતું. નોકરી કરતા કર્મચારીઓનો મહત્તમ પગાર ૨.૫૦ લાખ રૂપિયા અને મહત્તમ પેન્શન પણ ૧.૨૫ લાખ રૂપિયા થઈ ગયું હતું. હવે ૮મા પગાર પંચમાં જો કર્મચારી યુનિયનની માંગણી માની લેવામાં આવે તો ફિટમેન્ટ ફેક્ટરને ૧.૯૨ કરી શકાય છે. તેની મદદથી દેશમાં સરકારી કર્મચારીઓનો લઘુતમ પગાર ૧૮ હજાર રૂપિયાથી વધીને ૩૪,૫૬૦ રૂપિયા અને મિનિમમ પેન્શન ૧૭,૨૮૦ રૂપિયા સુધી પહોંચી શકે છે. તેનાથી મોંઘવારીનો માર સહન કરી રહેલા કર્મચારીઓ અને પેન્શનરોને ઘણી રાહત મળશે.

## ૪૮ કલાકની અંદર ફરી ગુજરાતમાંથી ઝડપાયું ૫,૦૦,૦૦,૦૦૦ રૂપિયાનું ચરસ

૪૮ કલાકની અંદર સુરત હજીરા દરિયા કાંઠા વિસ્તારથી ફરી એક વખત અફઘાની ચરસનો જથ્થો મળતા સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ દોડતી થઈ હતી. હજીરા એસ્સાર કંપનીના પાછળના ભાગે રિકલાઈન્મેંટ એરીયા નજીક દરિયા કિનારેથી આવવાની ચરસના બિનવારસી સાત જેટલા પેકેટ મળી આવ્યા છે. જેમાંથી એક પેકેટ પર અરબી ભાષા લખવામાં આવેલ છે. જેમાં ૧૦ કિલો ચરસ છે જ તેની કિંમત ૫ કરોડ રૂપિયાથી પણ વધુ છે. આ ચોરસના પેકેટ ઉપર એક જ જાણીતી કોફી કંપનીના બ્રાન્ડનું લેબલ જોવા મળ્યું હતું. ચરસના પેકેટને જો પાણીની અંદર ફેકવામાં આવે તો તેની અંદર પાણીના ઘૂસે તે રીતે તેનું પેકિંગ કરવામાં આવ્યું હતું. હાલમાં ગુજરાત એટીએસની ટીમનો પણ આ ઘટનાને લઈને સંપર્ક કરવામાં આવ્યો છે. દક્ષિણ ગુજરાતના દરિયાકાંઠા વિસ્તારથી અફઘાની ચરસ મળવાનો સિલસિલો યથાવત છે. ૪૮ કલાકની અંદર સુરત શહેરના હજીરા વિસ્તાર ખાતે આવેલા દરિયાકાંઠા વિસ્તારમાંથી લગભગ પોણા ચાર કિલો અફઘાની ચરસ ના પેકેટ મળી આવ્યા હતા. જેની કુલ કિંમત ૧.૮૭ કરોડ રૂપિયા હતી. ૪૮ કલાકની અંદર ફરી એકવાર સુરતના હજીરા વિસ્તારના દરિયા કિનારેથી ૧૦ કિલો જેટલું અફઘાની ચરણ મળી આવ્યા છે જેની કુલ કિંમત ૫ કરોડ રૂપિયાથી પણ વધુ છે. સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ પાસેથી મળતી માહિતી મુજબ હજીરા ખાતે આવેલ એસ્સાર કંપનીના પાછળના ભાગે રિકલાઈન્મેંટ એરિયામાં દરિયાકિનારેથી અફઘાની ચરસના બિન વારસી સાત જેટલા પેકેટ મળી આવ્યા છે. ૪૮ કલાકની અંદર આજે અફઘાની હાઈ પ્યોરિટી ચરસ ફરી એક વખત મળી આવતા પોલીસ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે. કુલ સાત જેટલા પેકેટ છે અને એરટાઈટ આ પેકેટ આબેહૂ ૪૮ કલાક પહેલા મળી આવેલા ચરસના પેકેટ જેવા જ છે. કોફી કંપનીના જ બેગમાં આ ચરસ મળી આવ્યા છે. જોકે અન્ય એક પેકેટ ઉપર અરબી ભાષા લખવામાં આવી છે. જે સ્પષ્ટપણે જોવા મળે છે. આ પેકેટ એર ટાઈટ છે જેના કારણે પાણીથી તેને નુકસાન થશે નહીં. આ ચોરસ ના પેકેટ ઉપર જાણીતી કોફી કંપનીનું બ્રાન્ડનું લેબલ લગાવવામાં આવ્યું હતું. આ ચરસના પેકેટને જો પાણીની અંદર ફેકવામાં આવે તો તેની અંદર પાણી ન જાય તે રીતનું પેકિંગ કરવામાં આવ્યું હતું. સામાન્ય રીતે જહાજમાં આ કોફીના પેકેટ તરીકે લઈ જતા હોય છે કે જેને લઈ કોઈને શંકા ન જાય. હાલમાં સમગ્ર ઘટનાને લઈને ગુજરાત એટીએસ નો પણ સંપર્ક કરવામાં આવ્યો છે કારણ કે કચ્છ વલસાડ અને સુરતમાં જે રીતે દરિયાઈ તટ વિસ્તારમાંથી આ રીતના ચરસનો પેકેટ મળી આવ્યા છે જે અનેક શંકાઓ ઉભી કરી છેઅત્રે ઉલ્લેખનીય છે કે વલસાડ બાદ સુરત શહેર અને ત્યારબાદ નવસારી અને ફરીથી સુરત શહેરમાં અફઘાન ચરસ મળી આવ્યા છે. સુરત શહેરમાં ૪૮ કલાકની અંદર લગભગ છ કરોડ રૂપિયાનો ચરસ મળી આવ્યો છે. છેલ્લા દોઢ વર્ષમાં આ પાંચમી ઘટના છે જ્યારે સુરત શહેરના દરિયા કાંઠા વિસ્તારથી અફઘાની ચરસ મળી આવેલ હોય.` સાગરદેવની પૂજા કરે છે. આમ ત્રણ પર્વો એકજ દિવસે મનાવાય છે. માટે રક્ષાબંધનનો પવિત્ર દિવસ દરેક રીતે આગવું, અદકેરું અને મહત્વનું સ્થાન ધરાવે છે. સામાન્ય રીતે જહાજમાં આ કોફીના પેકેટ તરીકે લઈ જતા હોય છે કે જેને લઈ કોઈને શંકા ન જાય. હાલમાં સમગ્ર ઘટનાને લઈને ગુજરાત એટીએસ નો પણ સંપર્ક કરવામાં આવ્યો છે કારણ કે કચ્છ વલસાડ અને સુરતમાં જે રીતે દરિયાઈ તટ વિસ્તારમાંથી આ રીતના ચરસનો પેકેટ મળી આવ્યા છે જે અનેક શંકાઓ ઉભી કરી છેઅત્રે ઉલ્લેખનીય છે કે વલસાડ બાદ સુરત શહેર અને ત્યારબાદ નવસારી અને ફરીથી સુરત શહેરમાં અફઘાન ચરસ મળી આવ્યા છે. સુરત શહેરમાં ૪૮ કલાકની અંદર લગભગ છ કરોડ રૂપિયાનો ચરસ મળી આવ્યો છે. છેલ્લા દોઢ વર્ષમાં આ પાંચમી ઘટના છે જ્યારે સુરત શહેરના દરિયા કાંઠા વિસ્તારથી અફઘાની ચરસ મળી આવેલ હોય.` સાગરદેવની પૂજા કરે છે. આમ ત્રણ પર્વો એકજ દિવસે મનાવાય છે. માટે રક્ષાબંધનનો પવિત્ર દિવસ દરેક રીતે આગવું, અદકેરું અને મહત્વનું સ્થાન ધરાવે છે.

**બાર વર્ષ સુધી આ યુદ્ધ ચાલ્યું. દેવતાઓ ચિંતિત થઈ ગયાં, કારણ મોટાભાગના દાનવો વરદાનથી આરક્ષિત હતાં,**

# ભાઈ-બહેનના પવિત્ર સ્નેહને દર્શાવતું અને ઉત્તરોત્તર સ્નેહ વધારતું અનેરું પર્વ એટલે રક્ષાબંધન.



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**ત્યારે લક્ષ્મીજીએ બલિરાજાને પોતાનો ભાઈ બનાવીને વિષ્ણુને છોડાવ્યા હતાં. બલિરાજા એ કહ્યું હતું કે આ રક્ષાબંધન એ એના જીવનનો મહાન દિવસ હતો. આમ રાખડી એટલે કે રક્ષા પોટલી જે રક્ષા કરવાના હેતુથી બાંધવામાં આવે છે, એ આની પરથી સાબિત થાય છે, અને તેથી જ આ રક્ષાબંધનનો તહેવાર ઉજવવામાં આવે છે.**

ઘણીવાર વિચાર આવે કે આ એકધારી જિંદગીમાં જો તહેવાર અને ઉત્સવો ન હોય તો લોકોનું શું થાય! કારણ કે સામાજિક સમસ્યા, રાજકીય સમસ્યા, અને વ્યવસાયિક સમસ્યા, તેમજ આજકાલ તો સંબંધો પણ હવે અમુક રીતે સમસ્યા જેવા થઈ ગયા છે, એટલે કે એમ કહી શકાય કે ચારે બાજુથી નિરાશાનો અંધકાર હોય ત્યાં, કોઈ જીવવાનું કારણ મળે એવું આશાનું કિરણ આ તહેવારો અને ઉત્સવો આપણને પૂરું પાડે છે. શ્રાવણ એટલે ભક્તિનો મહિનો તો ખરો જ! પણ સાથે સાથે તહેવારનો મહિનો પણ ખરો. શ્રાવણ સુદ પૂનમ એટલે કે શ્રાવણી પૂનમ, નાળિયેરી પૂનમ, અને રક્ષાબંધનને નામે ઓળખાતો તહેવાર છે. આપણે ત્યાં હિન્દુ સંસ્કૃતિમાં ભાઈ-બહેનના પવિત્ર સ્નેહને દર્શાવતું ને ઉતરોત્તર સ્નેહ વધારતું આ એક અનેરું પર્વ છે, જેમાં બહેન પોતાનાં ભાઈના હાથે રક્ષાસૂત્ર એટલે કે રાખડી બાંધીને ભાઈ તેની રક્ષા કે સમયે મદદ કરશે એ વિશ્વાસથી રાખડી બાધે છે. આ ઉપરાંત બહેન ભાઈનાં કપાળમાં તિલક કરી પોતાના ભાઈનું જીવન સદાય સુખી અને આનંદ ભર્યું રહે, શરીર સ્વસ્થ રહે, તેમજ જીવનના દરેક મુકામે સફળતા પ્રાપ્ત કરે, એવા આશિષ વરસાવે છે. એટલે રક્ષાબંધન નિમિત્તે અન્ય ભાવની લેણાંદેણી હોતી નથી. બહેન પ્રત્યે ભાઈને કાયમ સ્નેહભરી લાગણી હોય છે, અને બહેનને પણ પોતાના ભાઈથી વધુ કંઈ જ હોતું નથી. આવા નિર્દોષ નિખાલસ અને અનન્ય પ્રેમનું પર્વ એટલે રક્ષાબંધન. ભારતમાં આ તહેવાર ખુબજ ધામધુમથી ઉજવવામાં આવે છે, આ સાથે આ પૂનમને શ્રાવણી પૂનમ પણ કહેવામાં આવે છે. દરિયા કિનારાના માછીમાર ભાઈઓ દરિયાદેવની ચોખા ફૂલ અને નાળિયેરથી પૂજા કરે છે, ત્યારે બહેનો પોતાના માછીમાર ભાઈઓને રાખડી બાંધે છે,નાળિયેરીની પૂજા કરે છે, તેથી તેને નાળિયેરી પૂનમ પણ કહેવામાં આવે છે. ભારતમાં આ તહેવાર શું કામ મનાવવામાં આવે છે, એના કોઈ ચોક્કસ કારણો મળતાં નથી. પરંતુ પુરાણો સાથે ક્યાંક તેની વાત જોડાયેલી છે ખરી, એવું અધ્યયનથી દેખાય રહ્યું છે. રક્ષાબંધનનો તહેવાર આમ તો દ્વાપર યુગથી શરૂ થયો હશે, કારણ કે કૃષ્ણના જીવન સાથે એના છેડા અડેલા છે. શ્રીકૃષ્ણના કાકી શ્રુતદેવી એ એક પુત્રને જન્મ આપ્યો જે દેખાવે ખૂબ જ વિચિત્ર હતો. તેને ચાર હાથ અને ત્રણ આંખ હતી, તેના જન્મ સમયે જ ભવિષ્યવાણી કે આકાશવાણી થઈ અને કહેવામાં આવ્યું કે આ બાળકને જેનાં સ્પર્શથી સુંદર દેખાવ પ્રાપ્ત કરશે, એના જ હાથે તેનું મૃત્યુ પણ થશે. એકવાર શ્રી કૃષ્ણ શ્રુતદેવીનાં ઘરે જાય છે, અને નાના શિશુપાલને પોતાના હાથેથી તેડી લે છે, બરાબર એ જ સમયે બાળક સુંદર દેદીપ્યમાન સ્વરૂપ ધારણ કરે છે,



અને તેના કાકી એટલે કે શ્રુતદેવી ખૂબ જ રાજી થઈ જાય છે. પરંતુ આકાશવાણી યાદ આવતા તેને થાય છે કે, મારા પુત્રનું મૃત્યુનું કારણ પણ શ્રીકૃષ્ણ બનશે, આથી તે પોતાના પુત્રની સલામતી માટે શ્રીકૃષ્ણને પ્રાર્થના કરે છે, અને કહે છે કે મારા પુત્રનું આયુષ્ય તમારે હાથે છે, તો ક્ષમા કરો. શ્રીકૃષ્ણ કાકીને વચન આપે છે કે હું ૧૦૦ ભૂલ સુધી માફ કરીશ, પરંતુ ૧૦૧મી ભૂલે તેનો વધ થશે. શિશુપાલ ધીરે ધીરે મોટો થતો જાય છે, અને એક અત્યંત ક્રૂર વ્યક્તિ બને છે. જે આગળ જઈને એક રાજા પણ બને છે, જ્યાં તે તેની પ્રજા પર ખૂબ જ ત્રાસ ગુજારે છે,અને પ્રજાને ચૂપચાપ તેનો ત્રાસ સહન કરવો પડે છે, આ ઉપરાંત તે શ્રીકૃષ્ણને વારંવાર પડકાર કરે છે. એક વખત રાજસભામાં શિશુપાલ પોતાની હદ પાર કરી જાય છે, અને શ્રીકૃષ્ણની ખૂબ નિંદા કરે છે. ૧૦૦ વાર સુધી શ્રીકૃષ્ણ તેને માફ કરે છે પરંતુ ૧૦૧ મી વારે શ્રીકૃષ્ણ સુદર્શનચક્રથી શિશુપાલનું મસ્તક છેદી નાખે છે, અને ક્રોધમાં તેની આંગળી પણ છેદાઈ જાય છે. ત્યાં હાજર લોકો શ્રીકૃષ્ણની આંગળી પર બાંધવા પાટો શોધવા દોડાદોડ કરે છે, પરંતુ બાજુમાં જ ઊભેલી દ્રૌપદી કંઈ પણ વિચાર્યા વગર પોતાની સાડી ફાડીને શ્રીકૃષ્ણને બાંધી આપે છે, એટલે શ્રીકૃષ્ણ કહે છે, બહેન તેં મારી રક્ષા કરી છે, હું પણ સમયે તમારી રક્ષા કરીશ. આગળના પ્રસંગથી આપણે સૌ જ્ઞાત છીએ કે એક દિવસ કૌરવ-પાંડવો ધૃત ક્રીડા કરી રહ્યા હતા, અને પાંડવોની હાર પર હાર થતી હતી, તેમાં તેઓ હવે દ્રૌપદીને દાવ પર રાખી, અને એ દાવ પણ તેઓ હારી ગયાં. આથી કૌરવો ભરી સભામાં દ્રૌપદીનાં ચીર ખેંચ્યા, અને શ્રીકૃષ્ણ એ સમયે આવી અને તેનું રક્ષણ કર્યું. ત્યારથી આ ભાઈ બહેનના પવિત્ર સંબંધને દર્શાવતો રક્ષાબંધનનો તહેવાર ઉજવવામાં આવે છે. આ ઉપરાંત કહેવાય છે કે માતા કુંતીએ પણ પોતાના પૌત્ર અભિમન્યુને રાખડી બાંધી હતી અને તેને કારણે અભિમન્યુ ચક્રવ્યૂહના કોઠામાંથી પસાર થઈ શક્યો. એકવાર દેવો અને દાનવો વચ્ચે ખૂબ જ લાંબું મહાયુદ્ધ ચાલ્યું હતું, અને બાર વર્ષ સુધી આ યુદ્ધ ચાલ્યું. દેવતાઓ ચિંતિત થઈ ગયાં, કારણ મોટાભાગના દાનવો વરદાનથી આરક્ષિત હતાં, અને દેવોના દેવ ઈન્દ્ર ગભરાઈ ગયા હતાં, અને તેમણે લગભગ શરણાગતિ સ્વીકારી લીધી ત્યારે રાણી ઈન્દ્રાણીએ તેમને રક્ષાસૂત્ર બાંધી યુદ્ધમાં મોકલ્યા હતાં, અને કહ્યું હતું કે રક્ષાસૂત્ર તમારી રક્ષા કરશે, અને ત્યારે તેમનો વિજય થયો હતો. ભગવાન વિષ્ણુને પણ બલિ રાજાને ત્યાં દ્વારપાળ તરીકે રહેવું પડ્યું હતું, ત્યારે લક્ષ્મીજીએ બલિરાજાને પોતાનો ભાઈ બનાવીને વિષ્ણુને છોડાવ્યા હતાં. બલિરાજા એ કહ્યું હતું કે આ રક્ષાબંધન એ એના જીવનનો મહાન દિવસ હતો. આમ રાખડી એટલે કે રક્ષા પોટલી જે રક્ષા કરવાના હેતુથી બાંધવામાં આવે છે, એ આની પરથી સાબિત થાય છે, અને તેથી જ આ રક્ષાબંધનનો તહેવાર ઉજવવામાં આવે છે. મોગલ સમયમાં બાદશાહ હુમાયુને રાણી કર્ણાવતી એ રાખડી બાંધી હતી, અને પોતાનો ભાઈ બનાવી તેની રક્ષાનું વચન લીધું હતું. આમ આવાં તો કેટલાંય ઉદાહરણો મળે જેમાં ભાઈ એ રાખડીની લાજ રાખી હતી.રાખડી એ બાંધનારનાં મનમાં ભરોસો પ્રતિપાદિત કરે છે, અને બંધાવનારના મનમાં સાહસ અને વીરતાનાં ભાવ ઊભા કરે છે, જે કાયમ પોતાની બહેનનું રક્ષણ કરવા માટે તૈયાર રહે છે. આ ઉપરાંત આ દિવસે ભાઈ પોતાની બહેનને વીર પસલી પણ આપે છે, તેના સ્નેહ પ્રત્યેનું માન દર્શાવે છે. આ ઉપરાંત શ્રાવણ સુદ પૂનમને દિવસે બળેવનો તહેવાર પણ હોય છે, એટલે કે બ્રાહ્મણો આ દિવસે જનોઈ બદલે છે. જનોઈ એટલે યજ્ઞોપવિત એ એક એવો સંસ્કાર છે, જે ધારણ કરવાથી તેનામાં નીતિમત્તા પ્રમાણિકતા જળવાઈ રહે છે, અને ઈમાનદારી પૂર્વક પોતાનું કર્તવ્ય કર્મ નિષ્પક્ષ રહીને કાર્ય કરી જીવનને ઊજળું બનાવે છે. જનોઈમાં નવ તાતણા આવેલા હોય છે અને ત્રણ ત્રણમાં ગુંથાયેલા ત્રિ સૂત્રની બની હોવાથી તેને ત્રિસૂત્રી પણ કહેવાય છે’,જે અનુક્રમે ઋગ્વેદ, યજુર્વેદ, અને અર્થવેદનાં પ્રતીકરૂપે ધારણ કરવામાં આવે છે. આમ વેદોનું સ્મરણ રહે, અને આપણી સંસ્કૃતિ મુજબનું જીવન જીવી શકે, એ માટે થઈને ઉચ્ચ વર્ણના લોકોમાં યજ્ઞોપવિત સંસ્કાર આપવામાં આવે છે, જેને કારણે બ્રાહ્મણ જેવું આચરણ બની રહે. આ ઉપરાંત આ રક્ષાસૂત્ર બહેન ભાઈને જ બાંધે એવું નથી, બ્રાહ્મણો પોતાના યજમાનને રક્ષા સૂત્ર બાંધે છે, પુરોહિત પોતાના રાજાને રક્ષાસૂત્ર બાંધે છે, અને હવે તો ઘણા પોતાના કારને કે વાહનને પણ રાખડી બાંધતા જોવા મળે છે, તેમજ ઘરને પણ રાખડી બાંધે છે. ટૂંકમાં રક્ષાનો હેતુ જળવાઈ રહે એ માટે રક્ષાસૂત્ર બાંધવામાં આવે છે.

**શ્રાવણ માસમાં શિવ મહિમા - ૧૪**

# ઉમા સંહિતામાં ઉપમન્યુએ શ્રીકૃષ્ણને કહેલ શિવ-મહિમા રક્ષાબંધનના પર્વ વિશે જોઇએ



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**નંદીત્રિશૂળ લઈ આગળ ઊભો હતો. શિવની આસપાસ ભૂતડાંઓ તેમજ જુદી જુદી દૈવીઓ ઊભી હતી. દેવો ભોળાનાથની અનેક પ્રકારે સ્તુતિ કરતા હતા; ત્યારે હું આશ્ચર્યથી અંજાઈ ગયો.**

શ્રાવણ માસ સડસડાટ શિવ આરાધના ઉપાસના અભિષેક તપ વ્રતમાં પસાર થઈ રહ્યો છે. મેઘ મહેર ક્યાંક ક્યાંક ગરમી બફારા વચ્ચે ચાલુ છે ત્યારે આજે ભાઈ બહેનના પવિત્ર પ્રેમના પ્રતિક સમાન રક્ષાબંધનનું પર્વ ઉત્સાહ ઉમંગભેર ઉજવાશે.. શ્રાવણિયો જુગાર કેટલાક વિસ્તારોમાં એક તહેવાર જેવો બની ગયો છે. ત્યારે આપણે સૌ વ્યસન આવી બદીમાં કુદી પાડવા કરતા સારી સાચી સમજથી તહેવારો ઉજવી હંમેશા ખુશ રહીએ.શ્રાવણ માસમાં શિવ મહિમા-૧૪ ઉમા સંહિતામાં ઉપ મન્યુએ શ્રીકૃષ્ણને કહેલ શિવ- મહિમા જોઈએ.

વસુદેવના પુત્ર શ્રીકૃષ્ણ પુત્રપ્રાપ્તિ માટે કૈલાસ પર શિવને ધ્યાનમાં રાખી તપ કરવા ગયા હતા, ત્યારે ઉપમન્યુ તપ કરતા હતા. શ્રીકૃષ્ણે એમને શિવનું માહાત્મ્ય પૂછ્યું ત્યારે ઉપમન્યુએ કહ્યું : “હું તપ કરી રહ્યો છું, તે દરમિયાન મેં શિવજી,તેમનાં આયુધો, વિષ્ણુ આદિ દેવો વગેરે નાં દર્શન કર્યો છે.તેઓ બ્રહ્મા આદિ ત્રણ અંશો સાથે અદ્ભુત સ્વરૂપવાળા, એક ચરણવાળા, નિત્ય સુખદાયી, અવિનાશી અને નિર્વિકાર મોટી દાઢોવાળા,જ્વાળા ઓથી વ્યાપ્ત મુખો વડે શોભતા તેમજ પ્રકાશ માન,ઉત્તમ અસ્ત્રોયુક્ત,અનેક મંત્રો વાળા અને બીજા હજાર ચરણ વાળા શંકરનું મેં દર્શન કર્યું હતું. આવા સ્વરૂપે શિવ સ્થાવર-જંગમ સહિત દરેક પ્રાણી-પદાર્થનો વિનાશ કરે છે.શિવજીનું વિજય નામે ‘ત્રિશૂળ’ત્રણે લોકમાં જાણીતું છે. તે સર્વ શસ્ત્રો તથા અસ્ત્રોનો નાશ કરનાર છે. તે સૂર્ય, ચંદ્ર તથા તારામંડળને ભેદી શકે, સમંદરને સૂકવી શકે તથા પૃથ્વીને ચીરી શકે એવા પ્રબળ ત્રિશૂળે યુવનાશ્વના પુત્ર ચક્રવર્તી,મહાતેજસ્વી માંધાતા નો સૈન્ય સહિત નાશ કર્યો હતો તેમજ ગર્વિષ્ઠ હૈહય રાજા તથા લવણાસુરનો પણ નાશ કર્યો હતો. ભૃગુવંશી પ



રશુરામને જે બળ પ્રાપ્ત થયું હતું, તે આ શિવ બળ છે.ત્યારે પુરુષાકાર ધારણ કરતા રુદ્રદેવને મેં બે હજાર ભુજા ઓ વાળા,હજાર મુખવાળા, સુદ ર્શન ચક્રવાળા,બે હજાર નેત્ર વાળા તેજસ્વી,પ્રકાશમાન તથા ત્રણેલોક ને બાળી નાખવા સમર્થ જોયાહતા તેઓ હજાર ચરણોથી યુક્ત, કરોડો સૂર્ય સમાન,વ્રજ સમાન, મહાન કાંતિમાન, પિનાક ધનુષ, તલવાર ધારણ કરનાર તથા તેજસ્વી સિંધુ સમાન મેં એમને જોયા હતા. એ દેવની જમણી બાજુ પિતામહબ્રહ્મા હંસથી યુક્ત અને મન સરખા વેગવાળા દિવ્ય વિમાનમાં બેઠા હતા તથા ડાબી તરફ શંખ,ચક્ર,ગદાધારીશ્રી નારાયણ ગૂડ ઉપર બેસી ઊભા હતા. માતા પાર્વતી તેમની બાજુમાં બિરાજમાન હતાં અને નંદીત્રિશૂળ લઈ આગળ ઊભો હતો. શિવની આસપાસ ભૂતડાંઓ તેમજ જુદી જુદી દૈવીઓ ઊભી હતી. દેવો ભોળાનાથની અનેક પ્રકારે સ્તુતિ કરતા હતા; ત્યારે હું આશ્ચર્યથી અંજાઈ ગયો. ઉપમન્યુએ શિવજી ની પૂજા કરી,ત્યારે શિવજીએ કહ્યું હે બ્રાહ્મણ,કે તારી વારંવાર પરીક્ષા કરી છે. હું તને ડગાવી શક્યો નથી. તારું કલ્યાણ થાઓ.તું તારીમરજી પ્રમાણે વરદાન માંગ‘ત્યારે ઉપમન્યુ એ કહ્યું હતું :‘મને આપની કૃપાથી ત્રણે કાળનું જ્ઞાન પ્રાપ્ત થાઓ તેમજ આપ વિશે મને અસ્ખલિત ભક્તિ આપો. મારા વંશજોને સદૈવ દૂધ-ભાતનું ભોજન પ્રાપ્ત થાઓ.મારા આશ્રમ માં આપનું સાંનિધ્ય કાયમ રહો.’ત્યારે શિવજી એ મને કહ્યું હતું : ‘હે ઉપમન્યુ મુનિ ! તું વૃદ્ધાવસ્થા તથા મરણથી તથા દોષોથી રહિત થઈશ તું સર્વ કામનાઓથી મુક્ત થઈશ. તું યશ પામીશ. મુનિઓમાં પ્રિય બનીશ. તારી સમીપ હંમેશા દૂધનો ભંડાર રહેશે.તારો વંશ અવિનાશી બનશે. તું મારું સ્મરણ કરીશ ત્યારે હું દર્શન આપીશ. તારું સર્વ પ્રકારે ઈચ્છિત બનશે.આમ ભગવાન શંભુ મને વરદાન આપી અદેશ્ય બન્યા. મેં પરિવાર સહિત તેમનું દર્શન કર્યુ છે.હે શ્રી કૃષ્ણ !એ શિવ સર્વજ્ઞ,સર્વ જીવાત્માના જન્મનું કારણ, સર્વ વ્યાપક અને સર્વ દેવતાઓને દર્શન કરવા પાત્ર છે. તેથી તમો પુત્ર મેળવવા ભોળાનાથ નું આરાધન કરો.તેઓ ભક્ત વત્સલ છે.જરૂર પ્રસન્ન થશે. આગળ ઉપમન્યુએ કહ્યું:“હે યદુ વંશી !અગાઉ હિરણ્ય-કિશપુએ ભોળાનાથની દસ લાખ વર્ષો સુધી તપશ્ચર્યા કરી દેવોનું ઐશ્વર્ય મેળવીને ભોગવ્યું હતું. તેના દીકરા નંદને તપશ્ચર્યા કરી ભોળાનાથના વરદાનથી દશ હજાર વર્ષ સુધી ઈન્દ્ર ભોગવે તેનાં કરતાંય ઉત્કૃષ્ટ ઐશ્વર્ય માણ્યું હતું. વિષ્ણુનું ઘોર સુદર્શન ચક્ર અને ઈન્દ્રનું વજ પણ તેનાં અંગો સાથે ટકરાવવાથી ભાંગી ગયાં હતાં. અતિ બળવાન ગ્રહ નામના દૈત્યનાં અંગા પર યુદ્ધ માં ચક્ર,વ્રજ વગેરે શસ્ત્રો પણ કંઈ અસર કરી શક્યાં ન હતાં. તેણે દેવોને ખૂબ જ હેરાન કર્યા હતા. ભોળાનાથે પ્રસન્ન થઈ વિધ્યુત્પ્રભ અસુરને એક લાખ વર્ષ સુધી ત્રણે લોકનું ઐશ્વર્ય,દશ હજાર પુત્રો આપી પોતાનો સેવક બનાવ્યો હતો,અને કુશદ્વીપ ખંડનો રાજા

**મણિનગર વિધાનસભાના હોદ્દેદારો, વોર્ડ પ્રમુખ, કોર્પોરેટરને નનામો પત્ર મળ્યો છે**

# નનામા પત્રમાં ચાર નેતાઓ સામે કરાયા ગંભીર આક્ષેપ

એક નનામા પત્રથી અમદાવાદ ભાજપમાં ખળભળાટ મચ્યો છે. મણિનગર વિધાનસભાના હોદ્દેદારો, વોર્ડ પ્રમુખ, કોર્પોરેટરને નનામો પત્ર મળ્યો છે. ભાજપના કાર્યકર્તાના નામે લખાયેલા પત્રમાં ચાર નેતાઓ સામે ગંભીર આક્ષેપ કરવામાં આવ્યા છે.

અમદાવાદ ભાજપમાં મોટા ભડકાના એંધાણ જોવા મળી રહ્યા છે. એક નનામા પત્રથી અમદાવાદ ભાજપમાં ખળભળાટ મચ્યો છે. મણિનગર વિધાનસભાના હોદ્દેદારો, વોર્ડ પ્રમુખ, કોર્પોરેટરને નનામો પત્ર મળ્યો છે. ભાજપના કાર્યકર્તાના નામે લખાયેલા પત્રમાં ચાર નેતાઓ સામે ગંભીર આક્ષેપ કરવામાં આવ્યા છે.

પૂર્વ પ્રભારી ધર્મેન્દ્ર શાહ, ધારાસભ્ય અમૂલ ભટ્ટ વિરુદ્ધ પત્રમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે. દંડકના પતિ આનંદ ડાગા અને વિપુલ સેવકના નામનો પણ ઉલ્લેખ છે.

પૂર્વ પ્રભારી ધર્મેન્દ્ર શાહ માટે પત્રમાં લંપટસ્વામી શબ્દનો ઉલ્લેખ કર્યો છે, તો ધર્મેન્દ્ર શાહ છસ્જીમાં, કચરા ઉપાડવાની ગાડીઓમાં કોન્ટ્રાકટ ધરાવતા હોવાના આક્ષેપ છે. ધારાસભ્ય અમૂલ ભટ્ટ માટે લાળપાડુ જેવા શબ્દનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. વિપુલ સેવક હાલમાં સ્કૂલ બોર્ડના વાઈસ ચેરમેન તરીકે ફરજમાં છે. આગળ વધુ ખુલાસા કરવામાં આવશે તેવી પત્રમાં ચીમકી અપાઈ છે. બીજી તરફ વાયરલ પત્ર મુદ્દે ભાજપ નેતા યજ્ઞેશ દવેનું પણ નિવેદન સામે આવ્યુ છે.યજ્ઞેશ દવેએ જણાવ્યુ છે કે મારા ધ્યાને આવો કોઈ પત્ર આવ્યો નથી. કદાચ કોઈના કામ ન થયા હોય તેણે પત્ર લખ્યો હોઈ શકે.વ્યક્તિ સાચી હોય તો અરજી કરે, નામ વગરના પત્ર ન લખે. પત્ર અમારા ધ્યાને આવશે તો તપાસ કરવામાં આવશે. અમદાવાદ ભાજપમાં મોટા ભડકાના એંધાણ જોવા મળી રહ્યા છે. એક નનામા પત્રથી અમદાવાદ ભાજપમાં ખળભળાટ મચ્યો છે. મણિનગર વિધાનસભાના હોદ્દેદારો, વોર્ડ પ્રમુખ, કોર્પોરેટરને નનામો પત્ર મળ્યો છે. ભાજપના કાર્યકર્તાના નામે લખાયેલા પત્રમાં ચાર નેતાઓ સામે ગંભીર આક્ષેપ કરવામાં આવ્યા છે. પૂર્વ પ્રભારી ધર્મેન્દ્ર શાહ, ધારાસભ્ય અમૂલ ભટ્ટ વિરુદ્ધ પત્રમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે. દંડકના પતિ આનંદ ડાગા અને વિપુલ સેવકના નામનો પણ ઉલ્લેખ છે. પૂર્વ પ્રભારી ધર્મેન્દ્ર શાહ માટે પત્રમાં લંપટસ્વામી શબ્દનો ઉલ્લેખ કર્યો છે, તો ધર્મેન્દ્ર શાહ છસ્જીમાં, કચરા ઉપાડવાની ગાડીઓમાં કોન્ટ્રાકટ ધરાવતા હોવાના આક્ષેપ છે. ધારાસભ્ય અમૂલ ભટ્ટ માટે લાળપાડુ જેવા શબ્દનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. વિપુલ સેવક હાલમાં સ્કૂલ બોર્ડના વાઈસ ચેરમેન તરીકે ફરજમાં છે. આગળ વધુ ખુલાસા કરવામાં આવશે તેવી પત્રમાં ચીમકી અપાઈ છે.

બીજી તરફ વાયરલ પત્ર મુદ્દે ભાજપ નેતા યજ્ઞેશ દવેનું પણ નિવેદન સામે આવ્યુ છે.યજ્ઞેશ દવેએ જણાવ્યુ છે કે મારા ધ્યાને આવો કોઈ પત્ર આવ્યો નથી. કદાચ કોઈના કામ ન થયા હોય તેણે પત્ર લખ્યો હોઈ શકે.વ્યક્તિ સાચી હોય તો અરજી કરે, નામ વગરના પત્ર ન લખે. પત્ર અમારા ધ્યાને આવશે તો તપાસ કરવામાં આવશે.

# ‘ક્રાંતિ’ લખવાનું શ્રેય મનોજ કુમાર સલીમ-જાવેદ પાસેથી છીનવવા માંગે છે

દિવાર, શોલે, ઝંજીર અને મિસ્ટર ઈન્ડિયા જેવી હિન્દી સિનેમાને ઘણી યાદગાર ફિલ્મો આપનાર લેખક જોડી સલીમ-જાવેદના ચાહકો માટે મંગળવારે એક મોટી ભેટ આવી છે. એમેઝોન પ્રાઈમ ‘એંગ્રી યંગ મેન’ નામની સલીમ-જાવેદની સફર દર્શાવતી ડોક્યુમેન્ટ્રી લઈને આવી રહી છે. આ ડોક્યુમેન્ટ્રીનું ટ્રેલર મંગળવારે લોન્ચ કરવામાં આવ્યું હતું. ટ્રેલર લોન્ચ ઈવેન્ટમાં સલીમ ખાનનો પુત્ર બોલિવૂડ સુપરસ્ટાર સલમાન ખાન પણ હાજર રહ્યો હતો. જાવેદ અખ્તરનો પુત્ર ફરહાન અખ્તર અને પુત્રી ઝોયા અખ્તર પણ ‘એંગ્રી યંગ મેન’ના ટ્રેલર લોન્ચમાં જોવા મળ્યા હતા. ઈવેન્ટની વચ્ચે સલમાન ખાને એક એવો ખુલાસો કર્યો જેને જોઈને લોકો ચોંકી ગયા. સલમાને કહ્યું કે મનોજ કુમાર તેમની ખૂબ જ લોકપ્રિય અને યાદગાર ફિલ્મ ‘ક્રાંતિ’ લખવાનું શ્રેય સલીમ-જાવેદ પાસેથી છીનવી લેવા માંગે છે.’ એંગ્રી યંગ મેન’ના ટ્રેલર લોન્ચ પર પહોંચેલા સલમાને પત્રકારો સાથેની વાતચીતમાં મનોજ કુમાર વિશે ચોંકાવનારી વાત કહી. જાવેદ સાહેબે પણ સલમાનના ખુલાસા પર આકરા પ્રહારો કર્યા હતા.સલીમ-જાવેદની ફિલ્મો વિશે વાત કરતાં ફરહાન અખ્તરે જણાવ્યું કે આ જોડી દ્વારા લખાયેલી ફિલ્મ ‘ક્રાંતિ’ તેણે ૩૦૦ થી વધુ વખત જોઈ છે. જ્યારે સલમાનને આ ફિલ્મ વિશે પૂછવામાં આવ્યું ત્યારે તેણે કહ્યું, ‘હું માત્ર શ્રી મનોજ કુમાર સાથે એક ઈન્ટરવ્યુ કરવા માંગુ છું. તેઓ આ ફિલ્મનો શ્રેય સલીમ-જાવેદ પાસેથી લઈ રહ્યા છે, તેમનું કહેવું છે કે આ ફિલ્મ તેમણે લખી છે.સલમાન વિશે વાત કરતાં




ફરહાને કહ્યું, ‘તેણે આવું કર્યું? તેથી આપણે મનોજજી પર એક અલગ ડોક્યુમેન્ટ્રી બનાવવી પડશે. સલમાનના નિવેદન પર પ્રતિક્રિયા આપતા જાવેદ અખ્તરે પણ પોતાનો મત વ્યક્ત કર્યો હતો. તેણે કહ્યું, ‘મને લાગે છે કે તેણે આ કબૂલાત કરીને ઘણી પ્રમાણિકતા બતાવી છે.સલમાને મનોજ કુમાર પર કટાક્ષ કરતા કહ્યું, ‘આ હકીકત છે. તે કહે છે કે ‘હું લખતો હતો અને તેને (સલિમ જાવેદ) વાંચતો હતો. પરંતુ તેણે જ વાર્તા લખી છે. તમને જણાવી દઈએ કે, ૧૯૮૨માં તેમના અલગ થયા પહેલા, સલીમ-જાવેદની જોડીએ એકસાથે ૨૪ ફિલ્મો કરી હતી, જેમાંથી ૨૨ બ્લોકબસ્ટર રહી હતી. હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં આ પહેલા કોઈ લેખકે આટલી સફળતા મેળવી નથી. ‘એંગ્રી યંગ મેન’ના ટ્રેલર લોન્ચ સમયે જાવેદ અખ્તરે જાહેરાત કરી હતી કે તે ફરી એકવાર સલીમ ખાન સાથે કામ કરવા જઈ રહ્યો છે. તેણે કહ્યું, ‘અમે ફરીથી લખવાના છીએ. મેં સલીમ સાહેબ સાથે વાત કરી કે એક છેલ્લી ફિલ્મ સાથે મળીને લખવી જોઈએ.

# શ્રાવણના સોમવારે અનન્યા પાંડેએ ઘરે બિલિપત્રથી શિવજીનું પૂજન કર્યુ



નવા ઘરમાં શિફ્ટ થયાં બાદ અનન્યા પાંડેએ પ્રથમ શ્રાવણ મહિનાની ભક્તિસભર ઉજવણી કરી છે. શ્રાવણના સોમવારે અભિષેક અને બિલિપત્ર સાથે અનન્યાએ શિવજીનું પૂજન કર્યુ હતું. અનન્યાએ ઈન્સ્ટાગ્રામ પર શેર કરેલા ફોટોગ્રાફમાં તેણે બંને હાથ જોડેલા છે. ભગવાન શિવજીના સ્થાપન અને શણગાર સાથે પૂજનનું દૃશ્ય તેમાં જોવા મળે છે. સ્થાપનની જગ્યાન તેણે કમળ અને ગલગોટાથી સજાવેલું છે.



અન્ય એક ફોટોગ્રાફમાં શિવલિંગનો ક્લોઝઅપ સીન દેખાય છે. કેપ્શનમાં અનન્યાએ માત્ર શ્રાવણ સોમવાર લખેલુ હતું. અનન્યાની માતા ભાવનાએ ઓમ નમઃ શિવાય લખી જવાબ આપ્યો હતો. અનન્યાએ પાછલા વર્ષે નવું ઘર ખરીદ્યુ હતું અને ત્યારબાદ ધનતેરસનું પૂજન કર્યુ હતું. અનન્યા છેલ્લે ‘ખો ગયે હમ કહાં’માં સિદ્ધાંત ચતુર્વેદી અને આદર્શ ગૌરવ સાથે જોવા મળી હતી. આગામી મહિને તેનો વેબ શો ‘કોલ મી બે’ રિલીઝ થઈ રહ્યો છે. અનન્યા પાંડે તેના નવા ઘરે શ્રવણ સોમવાર પૂજા કરે છેઃ તસવીરો અનન્યા પાંડેએ સોમવારે શ્રાવણના શુભ માસ નિમિત્તે શિવ પૂજા કરી હતી. નીચે તેણીની નવી પોસ્ટ તપાસો. અનન્યા પાંડે અવારનવાર તેના સોશિયલ મીડિયા પર તેના નવા ઘરની ઝલક શેર કરે છે. અભિનેતાએ હવે તેના ઘરની અંદરની એક જોડીની તસવીરો શેર કરી છે કારણ કે તેણીએ શુભ ચોથા શ્રાવણ સોમવાર પર શિવ પૂજા કરી હતી. તેના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર લઈ જઈને, અનન્યાએ એક તસવીર શેર કરી જેમાં તે કેમેરા સામે સ્મિત કરતી જોવા મળી હતી જ્યારે તેણી તેના હાથ જોડીને, અને ફ્લોર પર શિવ પૂજાની ગોઠવણની બાજુમાં બેઠી હતી. અનન્યાએ તેને પ્રિન્ટેડ વાદળી અને સફેદ ડ્રેસમાં આરામદાયક રાખ્યું હતું, તેના વાળ બનમાં બાંધ્યા હતા. પૂજા માટેની વ્યવસ્થા મુખ્ય લિવિંગ રૂમની જગ્યાની અંદર, ટીવી અને બુક શેલ્ફની સામે જ કરવામાં આવી હતી. શિવલિંગને એક નાના સ્ટૂલ પર રાખવામાં આવ્યું હતું, જેને મેરીગોલ્ડ અને કમળના ફૂલોથી શણગારવામાં આવ્યું હતું. બીજી તસવીર ઘરમાં પૂજાતા શિવલિંગનું ક્લોઝઅપ હતું. કેપ્શનમાં અનન્યાએ લખ્યુંઃ “શ્રવણ સોમવાર (ફોલ્ડ હાથ અને ફૂલ ઈમોટિકન્સ).” પોસ્ટ પર પ્રતિક્રિયા આપતા, અભિનેતાની માતા ભાવના પાંડેએ લાલ હૃદય અને હાથ જોડી ઈમોટિકોન્સ સાથે ટિપ્પણી કરી. તેણીએ તેના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર તે જ જગ્યાએથી પોતાની એક જોડીની તસવીરો પણ પોસ્ટ કરી હતી. કેપ્શનમાં તેણે લખ્યુંઃ “ઓમ નમઃ શિવાય. પ્રેમ અને શાંતિ.”અનન્યાએ ગયા વર્ષે પોતાનું પહેલું ઘર ખરીદ્યું હતું અને ધનતેરસ પર પૂજા કરી હતી. ઘરની માત્ર થોડી ઝલક શેર કરતાં અનન્યાએ લખ્યું, “મારું પોતાનું ઘર! તમારા બધા પ્રેમ અને સારા વાઈબ્સની જરૂર છે! નવી શરૂઆત માટે.. ધનતેરસની શુભકામનાઓ.” અનન્યા છેલ્લે નેટફ્લિક્સ રિલીઝ ખો ગયે હમ કહાંમાં સિદ્ધાંત ચતુર્વેદી અને આદર્શ ગૌરવ સાથે જોવા મળી હતી. તે હવે પછી કોલ મી બે નામના વેબ શોમાં જોવા મળશે.

# કબીર સાથે અફેરની અફવાઓથી અકળાઈ

## નકારાત્મકતા વધારે ઝડપથી ફેલાય છે અને ખોટી માહિતિથી પરિવાર પર અસર પડે છે

ક્રિતિ સેનનનું આ વર્ષ બીજાઓની સરખામણીએ સફળ રહ્યું છે, આ વર્ષમાં તેની બે ફિલ્મો આવી ‘તેરી બાતોં મેં ઐસા ઉલઝા જિયા’ અને ‘ક્રૂ’. ત્યારે ક્રિતિએ છેલ્લાં થોડાં વખતથી ચાલી રહેલી તેના વિશેની ધારણાઓ અને ચર્ચાઓ અંગે પોતાની અકળામણ વ્યક્ત કરી હતી. તેના કારણે તેના પરિવારને પણ સહન કરવું પડે છે, તેનો ઉલ્લેખ કરતાં ક્રિતિએ આ બાબતને અત્યંત અકળાવનારી ગણાવી હતી. છેલ્લાં કેટલાંક વખતથી ક્રિતિ કરોડપતિ બિઝનેસમેન કબીર બહિયા સાથેના સંબંધના કારણે ચર્ચામાં છે. તાજેતરમાં જ એક ઈન્ટરવ્યૂમાં ક્રિતિને પૂછાયું હતું કે તેના વિશે લખાતી ગોસિપ સાથે કઈ રીતે કામ લે છે, તેના જવાબમાં ક્રિતિએ કહ્યું,“જ્યારે મારા વિશે ખોટી અને નકારાત્મક માહિતી છપાય છે, ત્યારે એ માત્ર મારા માટે નહીં પણ મારા પરિવારને પણ અસર કરે છે.” ક્રિતિ માને છે કે જે જૂઠું છે, તેના કારણે તેના પરિવારને શા માટે ભોગવવું પડે? આગળ ક્રિતિએ કહ્યું,“ખાસ કરીને હું લગ્ન કરવાની છું એવી બધી અફવાઓ ફરતી થાય ત્યારે ઘણો ગુસ્સો આવે છે, પછી એ સાચું માનીને મારા મિત્રો મને મેસેજ કરે છે અને મારે સ્પષ્ટતા કરવી પડે છે કે આ સાચું નથી.” જ્યારે લોકો કોઈ તથ્યોની તપાસ કર્યા વિના જ સોશિયલ મીડિયા પર ખોટી સ્ટોરી શેર કરવા માંડે ત્યારે તે કેટલી નિઃરાશ થાય છે, તે અંગે ક્રિતિએ કહ્યું કે નકારાત્મકતા બહુ જલ્દી ફેલાય છે,“આ પ્રકારની નકારાત્મકતાને સતત સુધાર્યા કરવી અને ખુલાસા કર્યા કરવા એ સૌથી વધુ અકળાવનારી અને બીજી બધી જ બાબતો કરતાં સૌથી વધુ અકળાવનારી વાત છે.” ક્રિતિએ ૨૭ જુલાઈએ ગ્રીસમાં પોતાનો જન્મ દિવસ મનાવ્યો હતો. તેની સાથે તેની બહેન નુપુર સેનન, મ્યુઝિશિયન સ્ટેબિન બેન અને અન્ય



મિત્રો પણ હતાં. તેના આ વેકેશનના વીડિયો અને તસવીરો સતત સોશિયલ મીડિયો પર ફરતાં રહ્યાં હતાં. જેમાં કબીર બહીઆની હાજરીએ દરેકનું ધ્યાન ખેંચ્યું હતું. આ ઈન્ટરવ્યુ દરમિયાન ક્રિતિને પોતાના માટેના આદર્શ જીવનસાથી અંગે પૂછવામાં આવ્યું હતું. જેના જવાબમાં તેણે કહ્યું હતું,“તમને એવા પાર્નરની અપેક્ષા હોય જે તમે ઘેર જાઓ તો તમારા માટે હાજર હોય, જેની સાથે તમે જીવનની ખુશ અને દુઃખી પળો વહેંચી શકો.” ક્રિતિએ કહ્યું હતું કે તમે જ્યારે તમારી સિદ્ધિઓ કોઈ સાથે વહેંચી ન શકો તો તેનો કોઈ અર્થ રહેતો નથી. તેણે એ વાત પણ કરી હતી કે કઈ રીતે એક ફિલ્મના સેટ પર લોકો વચ્ચે સંબંધો બને છે અને જેવી બીજી ફિલ્મ શરૂ થાય એવા એ સંબંધો પૂરા થઈ જાય છે. ક્રિતિએ કહ્યું,“પછી તમે તેમની ફિલ્મમાં જાઓ અને તમારો નવો પરિવાર બની જાય, બધું જ ટૂંકા સમય માટેનું હોય છે, તેથી તમારા જીવનમાં કોઈ એવું ફરજિયાત હોવું જોઈએ.



# સલીમ અને જાવેદનાં ‘એંગ્રી યંગ મેન’નું ટ્રેલર લોન્ચ થયું

સલીમ જાવેદના જીવન પર આધારીત ડોક્યુમેન્ટરી સિરીઝ ‘એંગ્રી યંગ મૅન’નું ટ્રેલર મંગળવારે લોન્ચ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સલીમ ખાન અને જાવેદ અખ્તર તેમના પરિવારો સાથે હાજર રહ્યા હતા. આ સિરીઝ લૉંચ થઈ રહી છે, સલીમ જાવેદની સુપર હિટ જોડી ફરી એક વખત કોઈ ફિલ્મ માટે પણ સાથે આવે તેવી અપેક્ષા તેમના ફૅન્સ દ્વારા વ્યક્ત કરવામાં આવી હતી, ત્યારે સલીમ જાવેદની સુપર હિટ જોડી ફરી એક વખત કોઈ ફિલ્મ માટે પણ સાથે આવે તેવી અપેક્ષા તેમના ફૅન્સ દ્વારા વ્યક્ત કરવામાં આવી હતી. કારણ કે થોડાં વખત પહેલાં સલીમ ખાને એક ઈન્ટરવ્યૂ દરમિયાન કહ્યું હતુ કે, તેઓ જાવેદ અખ્તર સાથે મળીને ફિલ્મ બનાવશે.



આ સિરીઝ એમેઝોન પ્રાઈમ વીડિયો પર જોઈ શકાશે. ટ્રેલર લૉંચ પ્રસંગે સલમાન ખાન, ફરહાન અખ્તર, ડોક્યુમેન્ટરીનો પ્રોડ્યુસર રિતેશ સિદ્ધવાણી, અરબાઝ ખાન, સોહેલ ખાન, અર્પિતા ખાન, તેનાં બાળકો આહિલ અને આયાત, અલવીરા ખાન અને તેનો પતિ અતુલ અગ્નિહોત્રિ, તેમની દિકરી અલીઝે અગ્નિહોત્રી, અરબાઝ ખાનનો દિકરો અરહાન ખાન, ઝોયા અખ્તર, રીમા કાગ્તી તેમજ સોહેલ ખાનનો દિકરો નિર્વાણ ખાન હાજર રહ્યાં હતાં.

# ‘સલમાન ખાન શરમાળ હતો તેનો ભાઈ અરબાઝ ખાન બદમાશ હતો’

## જાવેદ અખ્તરે કહ્યું કે ભલે સલમાન ખાન અત્યારે ખૂબ જ હેન્ડસમ લાગે છે અને છોકરીઓ તેના માટે દિવાના છે

સલીમ ખાન-જાવેદ અખ્તરની વાર્તા દર્શાવતી એન્ગ્રી યંગ મેન ડોક્યુમેન્ટરી રિલીઝ માટે તૈયાર છે. તે ૨૦ ઓગસ્ટના રોજ એમેઝોન પ્રાઈમ પર સ્ટ્રીમ કરવામાં આવશે. આ ટ્રેલર લોન્ચ ઈવેન્ટમાં સલમાન ખાને ઘણી વાતો કરી હતી, તો સલીમ-જાવેદે અભિનેતા વિશે ઘણા ખુલાસા કર્યા હતા. જાવેદે સલીમના બાળકોના બાળપણની વાતોનો ઉલ્લેખ કર્યો. તેણે જણાવ્યું કે બાળપણમાં સલમાન ખાન-અરબાઝ ખાન કેવા હતા. અને હવે બંનેમાં કેટલો બદલાવ આવ્યો છે. ટ્રેલર લોન્ચ ઈવેન્ટ દરમિયાન સલમાન પોતાના બાળપણની વાતો સાંભળીને શરમાતો જોવા મળ્યો હતો.ભૂતકાળને યાદ કરતાં જાવેદે કહ્યું- અમારા બાળકો આજે અમારા વિશે ઘણી સારી વાતો કહે છે. પરંતુ તે ખૂબ નાનો હતો અને તેને બહુ યાદ નથી. અમને યાદ છે. જ્યારે હું સલીમ સાહેબને પહેલીવાર મળ્યો ત્યારે સલમાન એક વર્ષનો પણ નહોતો. આ વર્ષ ૧૯૬૫ની વાત છે. તમને જણાવી દઈએ કે સલમાન ખાન સલીમ અને સલમાનું પહેલું સંતાન છે, તેનો જન્મ ૨૭ ડિસેમ્બર ૧૯૬૫ના રોજ થયો હતો.જાવેદે કહ્યું કે ભલે સલમાન



અત્યારે એકદમ હેન્ડસમ લાગે છે અને છોકરીઓ તેના તરફ આકર્ષાય છે, જ્યારે તે નાનો હતો ત્યારે તે સાવ અલગ હતો. જાવેદે કહ્યું- આજે તે ખરેખર ખૂબ જ સુંદર છે, પરંતુ તે બાળપણથી જ સુંદર છે. તે પોતાની આગવી રીતે એક સુંદર બાળક હતો. તેના લિવિંગ રૂમમાં તેનો એક નાનો બ્લેક એન્ડ વ્હાઈટ ફોટોગ્રાફ હતો. મને ખબર નથી કે તે હજી પણ ત્યાં છે કે નથી અથવા તે ખોવાઈ ગઈ છે.જાવેદે અરબાઝ વિશે પણ વાત કરી હતી. બંને ભાઈઓના બાળપણની સરખામણી કરતાં તેણે કહ્યું- અન્ય બાળકો મારા પહેલા જન્મ્યા હતા.

### આલિયા-પ્રિયંકાના પંથે આહના, એક્ટરીની સાથે ઉદ્યોગ

# પર્યાવરણને હાનિ ન પહોંચાડે તેવાં વસ્ત્રોને પ્રમોટ કરીશઃ આહના કુમરા

આહના કુમરાએ એક્ટિંગ ઉપરાંત નવા ક્ષેત્રમાં શરૂઆત કરી છે. આહનાએ ફેશનની દુનિયામાં પોતાની ક્લોથિંગ બ્રાન્ડ સાથે પ્રવેશ કર્યો છે. આહનાએ પોતાની ખાસ મિત્ર અને મેન્ટર ગઝલ મિશ્રા સાથે નવી બ્રાન્ડ લોન્ચ કરી છે. આહનાનું માનવું છે કે, પર્યાવરણને હાનિ ન પહોંચાડે તેવા કપડાં હોવા જોઈએ અને પોતે આવાં કપડાને જ પ્રમોટ કરવા માગે છે. નવી શરૂઆત અંગે આહનાએ કહ્યું હતું કે, મુસાફરી માટે વારંવાર બહાર જવું પડતું ત્યારથી જ પોતાની ક્લોથિંગ બ્રાન્ડ શરૂ કરવા વિચાર્યુ હતું. ભારતમાં ઘણી બધી ક્લોથિંગ બ્રાન્ડ સારો રિસ્પોન્સ મેળવતી હતી. તે સમયે મને લાગતું કે, મારી પાસે ક્લોથિંગ બ્રાન્ડ કેમ નથી. ભારતમાં આપણી પાસે કોટન સરળતાથી ઉપલબ્ધ છે અને કાપડ ઘણું સારું હોય છે. તેથી અઢી વર્ષ પહેલાં આ દિશામાં નક્કર કામ શરૂ કર્યુ હતું. ગઝલ મિશ્રાનાં કલેક્શન પર આહના ફેશન શોમાં ભાગ લઈ ચૂકી છે. જયપુરમાં તે ગઝલના મેન્યુફેક્ચરિંગ યુનિટ પર જતી હતી. આ દરમિયાન આહનાએ ટકાઉ અને પર્યાવરણને હાનિ ન પહોંચાડે તેવી ફેશનને પ્રમોટ કરવાનું વિચાર્યુ હતું. આ બિઝનેસ શરૂ કરતાં પહેલા આહનાએ જયપુરના યુનિટની સંખ્યાબંધ મુલાકાતો લીધી હતી અને કાપડ બનાવવાની દરેક પ્રક્રિયા સમજી હતી.



# ‘બોર્ડર ૨’માંથી આયુષ્માનની વિદાય

સની દેઓલને લીડ રોલમા રજૂ કરતી જે પી દત્તાની ‘બોર્ડર’ બ્લોકબસ્ટર રહી હતી. રિલીઝના ૨૭ વર્ષ બાદ પણ ઓડિયન્સને આ ફિલ્મ જોવાનું ગમે છે. ગદરની સીક્વલને મળેલી સફળતા બાદ સની દેઓલે ‘બોર્ડર ૨’ બનાવવાનું વિચાર્યુ હતું. જે પી દત્તાએ સની દેઓલ સાથી યુવા પેઢીના સ્ટાર્સને લઈને આ ફિલ્મ બનાવવા તૈયારી શરૂ કરી છે અને પ્રી-પ્રોડક્શન પૂર જોશમાં ચાલી રહી છે. ફિલ્મની કાસ્ટ હજુ જાહેર થઈ નથી, પરંતુ લીડ રોલમાં આયુષ્માન ખુરાના ફાઈનલ હોવાનું કહેવાય છે. પ્રી-પ્રોડક્શનના નિર્ણાયક તબક્કામાં જ આયુષ્માને આ પ્રોજેક્ટમાંથી વિદાય લીધી હોવાનું કહેવાય છે. રિપોર્ટ્સ મુજબ, દિલજિત દોસાંજ પણ ‘બોર્ડર ૨’માં મહત્ત્વનો રોલ ધરાવે છે. દિલજિતે હજુ ફિલ્મની ઓફર સ્વીકારી કે નહીં તે જાણવા મળ્યું નથી, પરંતુ સની અને દિલજિત સાથે જોવા મળે તો નોર્થ ઈન્ડિયાના બજારમાં સારો રિસ્પોન્સ મળી શકશે. સની દેઓલ સિવાયની ફિલ્મની કાસ્ટ નક્કી ન હોવા છતાં ૨૩ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ તેને રિલીઝ કરવાનું આયોજન છે. સનીએ ફિલ્મની રિલીઝ ડેટ જાહેર કરતાં વીડિયમા કહ્યું હતું કે, ૨૭ વર્ષ પહેલાં એક સૈનિકે પરત ફરવાનું વચન આપ્યુ હતું. આ વચનને પૂરું કરવા માટે જ તે પાછો આવી રહ્યો છે. ભારતની માટીને પોતાના પ્રણામ પાઠવવા આવી રહ્યો છે. ઓક્ટોબર મહિનાથી ફિલ્મનું શૂટિંગ શરૂ કરવાનું આયોજન છે. તે પહેલાં એક ભવ્ય સમારોહમાં ફિલ્મની કાસ્ટ જાહેર કરવામાં આવશે.

# એક્શન ડ્રામાથી સુર્યા અને બોબી ભૂતકાળના રહસ્યો ખોલશે

## આ ટ્રેલરમાં ફિલ્મની સ્ટોરીની ઝલક જોવા મળે છે, સાથે જ એવી રીતે ટ્રેલર બનાવાયું છે કે, પ્લોટ વિશે ખાસ ખ્યાલ પણ આવતો નથી

શિવાએ ડિરેક્ટ કરેલી ફિલ્મ જેમાં સૂર્યા લીડ રોલમાં છે, તેવી ‘કંગુઆ’નું ટ્રેલર સોમવારે લૉંચ થયું. જેમાં બૉબી દેઓલ અને દિશા પટ્ટણી પણ લીડ રોલમાં જોવા મળે છે. આ ટ્રેલરમાં ફિલ્મની સ્ટોરીની ઝલક જોવા મળે છે, સાથે જ એવી રીતે ટ્રેલર બનાવાયું છે કે, પ્લોટ વિશે ખાસ ખ્યાલ પણ આવતો નથી. સૂર્યા દ્વારા એક્સ પર ‘કંગુઆ’નું ટ્રેલર શેર કરીને તેમને બર્થડે પણ વિશ કરવામાં આવ્યો હતો. તેણે લખ્યું, “આપણે એક ટીમ તરીકે સાથે મળીને જે કંઈ કર્યુ છે, તેના માટે હું ખુબ ગૌરવ અનુભવું છું, ધન્યવાદ, વ્હાલા શિવા તને જન્મદિવસની ખુબ શુભકામનાઓ. તમારા બધા માટે આ રહ્યું અમારું કંગુઆનું ટ્રેલર.” આ ટ્રેલર ૨ મિનિટ અને ૩૭ સેકન્ડનું છે, જેની શરૂઆત એક વૃદ્ધ સ્ત્રીના અવાજ સાથે થાય છે,“અમે આ જે ટાપુ પર રહીએ છીએ તેમાં ઘણાં રહસ્યો વિખેરાયેલાં પડ્યાં છે. પરંતુ એ બધાંમાં જે સૌથી વધુ હચમચાવી દેનારું છે તે...” ત્યાર બાદ ટ્રેલરમાં સૂર્યા અને બૉબી દેઓલના પાત્રો દેખાડાયાં છે, જેઓ પોતાની કબીલાના સરદાર છે અને વીર યોદ્ધાઓ છે. ટ્રેલર પરથી અંદાજ આવે છે કે તેઓ બંને એકબીજાના વિરોધી આગેવાનો હશે જે ફિલ્મમાં એકબીજા સામે લડતાં દેખાશે. તમિલ ભાષામાં કંગુઆનો અર્થ આગ થાય છે અને ટ્રેલર પરથી તો આ શીર્ષક ફિલ્મ સાથે બિલકુલ બંધબેસતું હોય એવું લાગે છે. જોકે, આ ટ્રેલરમાં પહેલાં આ ફિલ્મ જે કથા પર આધારિત હોવાની વાતો કરવામાં આવેલી, તે કથાનો કોઈ અણસાર આવવા દેવાયો નથી. અગાઉ સૂર્યાએ જે પોસ્ટર શેર કરેલુ તેમાં તેના બે અવતાર હોય તેવું દેખાતું હતું, જેમાં તે એક કબીલાનો યોદ્ધા અને બીજા મોડર્ન અવતારમાં દેખાતો હતો.



### ગુલ્લીબાજ ડોક્ટરોનો મામલો સામે આવ્યો

# બનાસકાંઠામાં શિક્ષકો બાદ ડોક્ટરો પણ ગુલ્લીબાજ

**પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના બે અધિકારીઓ ચાલુ પગારે રજા પર ઉતરી જલસા કરી રહ્યા છે. તેમા પણ એક તો વિદેશમાં જલસા કરી રહ્યો છે**

। (માહિતી) બનાસકાંઠા,તા.૧૮ ।

બનાસકાંઠામાં હવે શિક્ષકોના ગુલ્લીબાજને મામલો થાળે પડ્યો નથી ત્યાં ગુલ્લીબાજ ડોક્ટરોનો મામલો સામે આવ્યો છે. તેઓ ચાલુ પગારે ગેરહાજર રહ્યા હોવાનો ઘટસ્ફોટ થયો છે. બનાસકાંઠા જિલ્લાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના બે અધિકારીઓ ચાલુ પગારે રજા પર ઉતરી જલસા કરી રહ્યા છે. તેમા પણ એક તો વિદેશમાં જલસા કરી રહ્યો છે.

કાંકરેજના કાકર આરોગ્ય કેન્દ્રના ધિકારી હાર્દિક સાવજ ગેરહાજર છે. નવાવાસ આરોગ્ય કેન્દ્રના પ્રકાશ દેસાઈ પણ ગેરહાજર છે. આ બંને આરોગ્ય કર્મચારીઓ મફતનો પગાર લેતા હોવાનું સામે આવ્યું છે. જિલ્લા એપેડેમિક અધિકારીએ પણ આ અંગે નિવેદન આપ્યું છે. એકપણ ડોક્ટર ગેરહાજર ન હોવાનું નિવેદન આપ્યું છે.

બનાસકાંઠા જિલ્લા આરોગ્ય અધિકારી ભરત સોલંકીએ ૧૪ તાલુકાના હેલ્થ અધિકારીઓને નોટિસ પાઠવી છે અને સાથે જ જિલ્લામાં કોઈ PHC, CHC કે સબ સેન્ટર્સમાં કર્મચારીઓ રજા પર હોય તો તાત્કાલિક જિલ્લામાં રિપોર્ટ કરવા માટે સૂચન કર્યું છે.

ઉલ્લેખનીય છે કે બનાસકાંઠા જિલ્લામાં જિલ્લા શિક્ષણ વિભાગની કચેરી દ્વારા છેલ્લા ત્રણ વર્ષમાં ૩૩ શિક્ષકોને બરતરફ કરવામાં આવ્યા હોવાની માહિતી જિલ્લા શિક્ષણ વિભાગ અધિકારી દ્વારા આપવામાં આવી છે.આ મુદ્દે જણાવતા તેમણે કહ્યું કે, '૩૩ શિક્ષકો સામે કાર્યવાહી કરવામાં આવી છે. જોકે હજુ ૯ શિક્ષકો સામે બરતરફ કરવાની કાર્યવાહી ચાલી રહી છે.'

દાંતા તાલુકાના પાંછા શાળાની શિક્ષિકા અમેરિકામાં રહી શાળામાં નોકરી ચાલુ હોવાના ઉઠેલા વિવાદ બાદ જિલ્લા શિક્ષણ વિભાગ તેમજ રાજ્ય શિક્ષણ વિભાગ તરફથી આવા શિક્ષકોનો સર્વે હાથ ધરવામાં આવ્યો છે, અને જે શિક્ષકો છેલ્લા ઘણા સમયથી લાંબી રજાઓ કોઈપણ મંજૂરી વિના રાખી અને સ્કૂલમાં નથી આવતા તેમના સામે કડક કાર્યવાહી હાથ ધરાઈ છે.

બનાસકાંઠા જિલ્લા શિક્ષણ અધિકારીએ જણાવ્યું કે, બનાસકાંઠા જિલ્લામાં ૩૩ શિક્ષકોને બરતરફ કરવાની કર્યા બાદ ૯ શિક્ષકોને નોટિસ આપવામાં આવી છે, અને ખુલાસો માંગવામાં આવ્યો છે તેમના સામે પણ કડક કાર્યવાહી કરાશે. તેમણે વધુમાં જણાવતા કહ્યું કે, વિદેશ ગયેલા શિક્ષકો રૂબરૂ હાજર થઈ શક્યા નથી માટે રાજીનામાંની કાર્યવાહી આગળ વધી શકી નથી તેમજ શિક્ષણ વિભાગના ૨૦૦૯ના મુજબ સીધી કાર્યવાહી થઈ શકતી નથી. બનાસકાંઠા જિલ્લા શિક્ષણ અધિકારીએ જણાવ્યું કે, બનાસકાંઠા જિલ્લામાં ૩૩ શિક્ષકોને બરતરફ કરવાની કર્યા બાદ ૯ શિક્ષકોને નોટિસ આપવામાં આવી છે, અને ખુલાસો માંગવામાં આવ્યો છે તેમના સામે પણ કડક કાર્યવાહી કરાશે. તેમણે વધુમાં જણાવતા કહ્યું કે, વિદેશ ગયેલા શિક્ષકો રૂબરૂ હાજર થઈ શક્યા નથી માટે રાજીનામાંની કાર્યવાહી આગળ વધી શકી નથી તેમજ શિક્ષણ વિભાગના ૨૦૦૯ના મુજબ સીધી કાર્યવાહી થઈ શકતી નથી.

## જામનગરના નાંઘેડીમાં ૩૯ વર્ષના યુવકની હત્યા કરવામાં આવી

। જામનગર,તા.૧૮ ।

જામનગરના નાંઘેડીમાં ૩૯ વર્ષના યુવકની હત્યા કરવામાં આવી છે. મળતી માહિતી અનુસાર યુવકની હત્યા કર્યા બાદ યુવકને ખાટલામાં સળગાવ્યો હતો. યુવકનો મૃતદેહ બળેલી હાલતમાં મળ્યો હતો.દેશમાં એક પછી એક રુંવાટા ઉભા થઈ જાય તેવી ઘટનાઓ સામે આવતી હોય છે. ત્યારે આવી જ એક ઘટના જામનગરમાંથી સામે આવી છે. જામનગરના નાંઘેડીમાં ૩૯ વર્ષના યુવકની હત્યા કરવામાં આવી છે. મળતી માહિતી અનુસાર યુવકની હત્યા કર્યા બાદ યુવકને ખાટલામાં સળગાવ્યો હતો. યુવકનો મૃતદેહ બળેલી હાલતમાં મળ્યો હતો. માત્ર એક પગનો ભાગ જ મળી આવ્યો હતો. જેના પગલે સમગ્ર ઘટના અંગે તપાસ હાથ ધરવામાં આવી છે. પોલીસે જુદી-જુદી ટીમો બનાવી આરોપીઓને ઝડપી લેવા તપાસ શરૂ કરી છે.

## યુવકે પોલીસ સ્ટેશનના બાથરૂમમાં આપઘાત કર્યો

। (પ્રતિનિધી) કચ્છ,તા.૧૮ ।

કચ્છમાં પોલીસ સ્ટેશનની અંદર જ આપઘાતનો બનાવ બનતા ચકચાર મચી ગઈ છે. કચ્છના માનકુવા પોલીસ સ્ટેશનમાં આપઘાતનો આ બનાવ બન્યો હતો. જેમાં એક યુવકે ગઈ કાલે રાત્રે પોલીસ સ્ટેશનના બાથરૂમમાં આત્મહત્યા કરી લીધી હતી. આ યુવક લોકોના ઘરમાં ઘુસી જતો હોવાથી પોલીસ યુવકને પોલીસ સ્ટેશને લાવી હતી.માનકુવા પોલીસ સ્ટેશનમાં લવાયા બાદતેણે બાથરૂમમાં જીવન ટુંકાવ્યું હતું. આત્મહત્યાના આ બનાવને પગલે પોલીસ બેડામાં દોડધામ મચી ગઈ છે. આપઘાતના આ બનાવને પગલે કોળી સમાજમાં રોષ વ્યાપી ગયો છે. ઉશ્કેરાયેલા સમાજના લોકોએ તદેહ સ્વીકારવાનો ઈક્રાર કરતા મામલો બિચક્યો હતો. સમાજના લોકોએ મૃતકના પરિવારજનોને ન્યાય મળે તેવી માંગણી કરી છે. ઉશ્કેરાયેલા સમાજના લોકોએ તદેહ સ્વીકારવાનો ઈક્રાર કરતા મામલો બિચક્યો હતો. સમાજના લોકોએ મૃતકના પરિવારજનોને ન્યાય મળે તેવી માંગણી કરી છે.

# ગાયત્રી પરિવાર દ્વારા ઝાલોદ (ઝલાઈ ડુંગરી ફળિયા) ખાતે ૨૮ ઘરોમાં ગાયત્રી મહાયજ્ઞ



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૮ ।

સંત રવિદાસ ટ્રસ્ટ ઝલાઈ ડુંગરી ફળિયા ઝાલોદ ખાતે ગાયત્રી પરિવાર ઝાલોદ દ્વારા ગૃહે ગૃહે ગાયત્રી યજ્ઞ અંતર્ગત ૨૮ ઘરોમાં ગાયત્રી મહાયજ્ઞ ઝાલોદ,દાહોદ અને સંતરામપુર ગાયત્રી પરિવારના કાર્યકર્તાઓ દ્વારા કરવામાં આવેલ છે. કાર્યક્રમ દરમિયાન ગાયત્રી ઉપાસના વ્યસન મુક્તિ જીવન ઉપયોગી સાહિત્યનું વાંચન તેમજ વિવિધ સંસ્કારોની સાથે વ્યક્તિ નિર્માણ પરિવાર નિર્માણ અને સમાજ નિર્માણની સાથે રાષ્ટ્ર કલ્યાણ અને માનવીના જીવન મૂલ્યો પર વિશેષ ભાર મૂકવામાં આવેલ છે આ કાર્યક્રમને સફળ બનાવવા માટે ભરતભાઈ શ્રીમાળી, દિનેશભાઈ ભુનાતર, અશ્વિનભાઈ ભુનાતર ,બાબુભાઈ ભુનાતર, શંકરભાઈ ભુનાતર, રામચંદભાઈ ભુનાતર તેમજ ગાયત્રી પરિવાર માંથી ગોપીચંદ ભુરીયા રૂપસિંહ આર ચંદાણા ,રસુભાઈ ભાભોર સરદારભાઈ લબાના ઉપસ્થિત રહ્યા હતા. ગાયત્રી પરિવાર દ્વારા તમામ આયોજક ભાઈઓનું ઉપવસ્ત્ર સ્વાગત સન્માન કરવામાં આવેલ છે ત્યારબાદ ભોજન પ્રસાદ લઈ કાર્યક્રમ પૂર્ણ કરેલ છે..

## દસાડા તાલુકાના ખારાઘોડા ગામની ઘટના, ત્રણ વર્ષના બાળકની હત્યા કરનારા માતા-પુત્રને આજીવન કેદ

। (પ્રતિનિધી) સુરેન્દ્રનગર,તા.૧૮ ।

સુરેન્દ્રનગર જિલ્લાના દસાડા તાલુકાના ખારાઘોડા ગામે રહેતા પરિવારનો ૩ વર્ષના બાળકની ૨૨ સપ્ટેમ્બર ૨૦૧૯ના રોજ પાડોશી માતા- પુત્રએ છરીના ઘા ઝીંકી હત્યા કરી હતી. આ બનાવમાં પાટડી પોલીસ મથકે માતા-પુત્ર સામે મૃતક બાળકના પિતાએ ફરિયાદ નોંધાવી હતી. કેસ ધ્રાંગધ્રા સેશન્સ કોર્ટમાં ચાલી જતા કોર્ટે બન્ને આરોપી માતા-પુત્રને ગુનેગાર ઠેરવી આજીવન કેદની સજા ફટકારી છે.દસાડાના ખારાઘોઢા ગામે રહેતા ઈમરાનભાઈ જેલાનીભાઈ સૈયદ તેમના પડોશીમા રહેતા સંબધી મહેરૂમબેન અબ્દુલભાઈ સૈયદ પુત્ર આશીફ અબ્દુલભાઈને ઈમરાનભાઈ અને તેમના પત્નીએ તેમના ઘરે આવવાની ના પાડી હતી. આ બાબતે બન્ને પરીવારો વચ્ચે તકરાર સર્જાઈ હતી. ઈમરાનભાઈ પીયુષભાઈ વાણીયાની જમીન ખેડતા હતા. ૨૨ નવેમ્બર ૨૦૧૯ના રોજ પત્ની યાસ્મીનબેન સાથે સવારે મજૂરીકામે ગયા હતા. ત્યારે સવારે ઈમરાનભાઈને બહેન મુમતાઝબેને ફોન કરી જણાવ્યુ કે, ત્રણ વર્ષનો સોહીલ ઈમરાનભાઈ કયાંય જોવામાં આવતો નથી. આથી ઈમરાનભાઈ અને યાસ્મીનબેન તરત જ ખેતરેથી ઘરે આવ્યા હતા. આસપાસની શેરીઓમાં તથા ગામમાં ઢોલ ટીપી સોહીલની તપાસ કરાવાઈ હતી. પરંતુ સોહીલનો મળી આવ્યો ન હતો. ત્યારે તેમની બાજુમાં રહેતા મહેરૂમબેન ઘરને તાળુ મારી બહાર બેઠા હતા, ઈમરાનભાઈને શક જતા મકાનનો દરવાજો ખોલવાનું કહેતા મહેરૂમબેને દરવાજો ખોલવાની ના પાડી હતી. આથી ઈમરાનભાઈએ મહેરૂમબેન પાસેથી ચાવી લઈને ઘરનો દરવાજો ખોલતા મકાનમાં આશીફ સૈયદભાઈ ખાડો ખોદતો હતો અને ઈમરાનભાઈ સહિતનાઓને જોતા જ આશીફ ગભરાઈ ગયો હતો.માં તપાસ કરતા અનાજ ભરવાની પતરાની પેટીમાંથી કોથળીમાં બાંધેલો સોહીલ મળી આવ્યો હતો. તેના ગળા પર છરી વડે ઘા કરાયા હોવાથી લોહી લુહાણ હાલતમાં તેને દવાખાને લઈ જવાયો હતો, પરંતુ ત્રણ વર્ષીય પુત્રને બચાવી શક્યા ન હતા.બનાવની હત્યારા માતા-પુત્ર સામે પાટડી પોલીસ મથકે ગુન્હો નોંધાયો હતો કેસ શુક્રવારે ધ્રાંગધ્રા એડીશનલ સેશન્સ કોર્ટમાં ચાલી જતા સરકારી વકીલ વી.એચ.ભટ્ટની દલીલો, ૨૦ મૌખિક અને ૩૦ દસ્તાવેજી પુરાવાના આધારે જજ એન. એચ.વસવેલીયાએ આરોપી માતા-પુત્રને આજીવન કેદની સજા ફટકારી હતી.

## ઝાલોદ એકલ ગ્રામોત્થાન ફાઉન્ડેશન દ્વારા રક્ષાબંધન પર્વની ઉજવણી કરવામા આવી



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૮ ।

રક્ષાબંધન પર્વ ભારતીય સંસ્કૃતિમા અનેરુ મહત્વ છે રક્ષાબંધન ભાઈ-બહેનનો પવિત્ર પર્વ છે બહેન ભાઈને રક્ષા સુત્ર બાંધી તેની રક્ષાનુ વચન લે છે તે અંતર્ગત ઝાલોદના એકલ ગ્રામોત્થાન ફાઉન્ડેશનના બહેનોએ પોલીસ સ્ટેશન અને જેલમા કેદીઓને રાખી બાંધી પોલીસ જવાનોને નગરમાં શાંતિ સલામતી અને નારીઓના રક્ષણની વચન લીધુ અને જેલમા કેદીઓ પાસે ગુનાહિત પ્રવૃતિ છોડી સારા નાગરિક બની દેશહિત અને સમાજહિતના કાર્ય કરવાનુ વચન લીધુ ઝાલોદ પોલીસ સબ ઈસ્પેક્ટર એમ.એમ.માળી તથા પોલીસ સ્ટાફે બહેનનોની સુરક્ષા વચન આપ્યુ...

## ભાવનગરમાં સારા વરસાદ છતાંય ડેમમાં પાણીની અછત

। (પ્રતિનિધી) ભાવનગર,તા.૧૮ ।

ભાવનગર જિલ્લામાં આ વરસે હજુ સુધી ૬૦ ટકા જેટલો જ વરસાદ થયો. પરંતુ સારા વરસાદની આશા એ જિલ્લાના ખેડૂતો એ ૯૦ ટકા વાવેતર કરી નાખ્યું છે અને હવે વરસાદ ખેચાતા ખેડૂતો ચિંતામાં મુકાયા છે.

બીજ બાજુ જિલ્લાના ૧૩ માંથી માત્ર ૩ ડેમો માં જ પાણી છે જ્યારે અન્ય ડેમો માં માત્ર ૧૦ થી લઈને ૪૦ ટકા જેટલું પાણી સંગ્રહિત થયેલ છે. ભાવનગર જિલ્લામાં વરસાદની સીઝનમાં સરેરાશ ૪૦ ઈંચથી વધુ વરસાદ થયો છે. ત્યારે આ વર્ષે શ્રાવણ માસ અડધો વીતી ગયો છે છતા હાલ જિલ્લામાં માત્ર ૬૦ ટકા વરસાદ થયો છે. જિલ્લામાં આવેલા ૧૩ જળાશયમાંથી માત્ર ૩ જળાશયોમાં થોડું ઘણું પાણી છે. અન્ય ૧૦ માં માત્ર ૧૦ ટકા થી ૪૦ ટકા પાણી છે ભાવનગરમાં તમામ નદીઓ તેમજ નાળાઓ અને ચેકડેમો હાલ ખાલીખમ છે અને પાણી સંગ્રહ થયો નથી. જિલ્લામાં ખેડૂતોએ અત્યાર સુધીમાં ૯૦ ટકા વિસ્તારમાં કપાસ, મગફળી, બાજરી અને ઘાસચારા નું વાવેતર કરી નાખ્યું છે.

## તારંગડા ગામે જીવના જોખમે નદી પસાર કરી શાળાએ પહોંચે છે ભૂલકાઓ

। (પ્રતિનિધી) બનાસકાંઠા,તા.૧૮ ।

ભણશે ગુજરાત, આગળ વધશે ગુજરાત અને મારુ ગુજરાત, સારુ ગુજરાતના દાવા વચ્ચે અત્યંત ચોંકાવનારી હકીકત બનાસકાંઠાના તારંગડામાંથી સામે આવી છે. ગુજરાતના ચકાચૌંધ કરી દેતા વિકાસના દાવાઓની પોલ ખોલતા દૃશ્યો બનાસકાંઠાના દાંતા તાલુકાના તારંગડા ગામેથી સામે આવ્યા છે. અહીં બાળકો માટે પ્રાથમિક શાળા તો છે પરંતુ આ શાળાએ પહોંચવા માટેનો રસ્તો નથી. જેના કારણે નાના-નાના ભૂલકાઓ જીવના જોખમે નદી પાર કરીને શાળાએ પહોંચે છે. વિદ્યાર્થીઓ યુનિફોર્મ અને તેમના દફતર પલળે નહીં તેનુ ધ્યાન રાખતા નદી પસાર કરે છે. માથે દફતર મુકી વિદ્યાર્થીઓ નદી ઓળંગે છે, ત્યારે ક્યાંક બાળકો સંતુલન ગુમાવી દે અને નદીમાં પડે તો જીવનું જોખમ રહેલુ છે. તેની ચિંતામાં બાળકોના માતાપિતા પણ કામધંધા છોડી બાળકોને શાળાએ લેવા મુકવા આવે છે, બાળકો શાળાએ જાય ત્યારે માતાપિતાના જીવ પડીકે બંધાય છે કે ક્યાંક તેમનું બાળક નદી ઓળંગતા ડૂબી ન જાય.

## જૂનાગઢ સિવિલમાં દર્દીનું મોત થતાં ડોક્ટર-નર્સ પર પરિવારજનોનો હુમલો

। (પ્રતિનિધી) જૂનાગઢ,તા.૧૮ ।

જૂનાગઢની સિવિલ હોસ્પિટલમાં આઈસીયુમાં વેન્ટિલેટર પર રહેલા દર્દીનું મોત થતા પરિવારજનોએ ડૉક્ટરની બેદરકારીથી મોત થયાના આક્ષેપ સાથે હોબાળો મચાવ્યો હતો. આ સાથે ઉસ્કેરાઈને ડૉક્ટર તેમજ નર્સિંગ સ્ટાફ પર હુમલો કર્યો હતો. આ ઘટનાના વિરોધમાં સિવિલના ડૉક્ટરો હડતાળ પર ઉતરી ગયા હતા.

પોલીસે આશ્વાસન આપતા ડૉક્ટરોએ હડતાળ સમેટી હતી. બીજી તરફ આ મામલે હુમલો કરનાર આઠ લોકો સામે ફરિયાદ નોંધાવામાં આવી છે.

જેમાં પોલીસે ત્રણ આરોપીઓની અટકાયત કરી આગળની તપાસ શરૂ કરી છે. જૂનાગઢ સિવિલ હોસ્પિટલમાં ગત મોડી રાત્રે સુખનાથ ચોકમાં રહેતા યુનુસભાઈ હુસેનભાઈ ખત્રીને છાતીમાં દુખાવો થતાં તેમના પરિવારજનો દ્વારા હોસ્પિટલમાં લાવવામાં આવ્યા હતા. જ્યાં સારવાર બાદ તેનું મૃત્યુ થતા પરિવારજનો ઉશ્કેરાયા હતા અને ડૉક્ટરની બેદરકારીથી જ મૃત્યુ થયા હોવાનો આક્ષેપ કરી ડોક્ટર અને નર્સિંગ સ્ટાફ પર હુમલો કર્યો હતો. આ ઘટનાનો વિરોધ નોંધાવવા જુનાગઢ સિવિલ હોસ્પિટલના ડોક્ટર તેમજ નર્સિંગ સ્ટાફ હડતાળ પર ઉતર્યા હતા. ડોક્ટર પર હુમલાની ઘટનાની જાણ થતાં પોલીસ તાત્કાલિક પહોંચી હતી અને હુમલો કરનાર વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. પોલીસે આશ્વાસન આપતા ડૉક્ટરોએ હડતાળ સમેટી હતી. જ્યારે પોલીસે ૮ સામે ગુનો નોંધી ત્રણ આરોપીને સકંજામાં લીધા છે.

## બટુકનાથ વ્યાયામ શાળાને વકફની મિલકત તરીકે દર્શાવતા વિવાદ

। (એજન્સી) ભરૂચ,તા.૧૮ ।

ભરૂચમાં ફરી એકવાર વિવાદના ઘેરામાં વકફ બોર્ડ આવ્યું છે. વકફની મિલકતો દર્શાવતી વેબસાઈટે ઐતિહાસિક શાળાને વકફની મિલકત દર્શાવી છે. વર્ષ ૧૯૧૩થી કાર્યરત બટુકનાથ વ્યાયામ શાળાને વકફની મિલકત તરીકે દર્શાવતા વિવાદ થયો છે. ભરૂચમાં ફરી એકવાર વિવાદના ઘેરામાં વકફ બોર્ડ આવ્યુ છે. વકફની મિલકતો દર્શાવતી વેબસાઈટે ઐતિહાસિક શાળાને વકફની મિલકત દર્શાવી છે. વર્ષ ૧૯૧૩થી કાર્યરત બટુકનાથ વ્યાયામ શાળાને વકફની મિલકત તરીકે દર્શાવતા વિવાદ થયો છે. વ્યાયામ શાળાની જમીનને ખોટી રીતે વકફની મિલકત તરીકે દર્શાવ્યાના આક્ષેપ છે.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજે તમે માનસિક નિરાંત અનુભવશો તથા મોજ-મજા માટે યોગ્ય મૂડમાં હશો. તમારા વધારાનાં નાણાં એવા સુરક્ષિત સ્થળે મૂકો જે તમને આવનારા સમયમાં વળતરનું વચન આપે. શાળામાં અભ્યાસમાં રસના અભાવે બાળકો કેટલીક નિરાશા સર્જશે. કોઈક ખાસ વ્યક્તિનું ધ્યાન તમે તમારી તરફ ખેંચી શકશો-જો તમે તમારા ગ્રુપ સાથે રહેશો તો.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજે મોટી ઉંમરના લોકોએ તેમના સ્વાસ્થ્યની થોડી વધુ દરકાર લેવાની જરૂર. આર્થિક મુશ્કેલીઓનો અંત આવતો હોય એવું જણાય છે, કેમ કે તમારા માતા-પિતા તમને સહકાર આપશે. તમને તરત જરૂર ન હોય તેવી ચીજો પર જો તમે નાણાં ખર્ચશો તો તમે તમારા જીવનસાથીને નારાજ કરશો. ઘરમાં સમસ્યા ઊભી થઈ શકે છે.

**મિથુન (ક,છ,ઘ) :**
આજના દિવસે તમારા વિચારો આશાવાદી અને ઉજળી બાજુ જોવાનો રસ્તો બતાવવા માટે મદદ કરશે. આત્મવિશ્વાસસભર અપેક્ષાઓ તમારી આશાઓ અને ઈચ્છાઓની પૂર્તિના દ્વાર ખોલશે. આજે તમે પૈસા બચાવવા માટે પોતાના પરિવાર માં થી સલાહ લયી શકો છો અને તેને પોતાના જીવન માં સ્થાન પણ આપી શકો છો? પરિવારના સભ્યોની મદદ તમારી જરૂરિયાતોનું ધ્યાન રાખશે.

**કર્ક (ડ,હ) :**
આજે કામના સ્થળે વરિષ્ઠો તરફથી દબાણ તથા ઘરે વિસંવાદિતા તાણને આમંત્રણ આપી શકે છે-જે કામમાં તમારા ધ્યાનમાં ખલેલ પહોંચાડી શકે છે. શંકાસ્પદ આર્થિક સોદાઓમાં સંડોવાઈ ન જાવ તેની તકેદારી રાખજો. તમારા ઘરનું દૃશ્ય કેટલીક હદે અણધાર્યું રહેશે. આજે તમે પ્રેમના મૂડમા હશો-અને તમને એ માટે અસંખ્ય તકો પણ મળશે.

**સિંહ (મ,ટ) :**
આજે ખૂબ વ્યસ્તતા હોવા છતાં સ્વાસ્થ્ય સારૂં રહેશે. ઘર ની જરૂરિયાત ને લીધે તમે આજે જીવનસાથી ની જોડે કોઈ મોંઘી વસ્તુ ખરીદી કરી શકો છો જેના લીધે તમારી આર્થિક સ્થિત તંગ હોઈ શકે છે. તમને તરત જરૂર ન હોય તેવી ચીજો પર જો તમે નાણાં ખર્ચશો તો તમે તમારા જીવનસાથીને નારાજ કરશો. તમારો પ્રેમ એક નવી ઊંચાઈએ પહોંચશે.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજે પરિવાર સાથે થોડી મોજ-મજા કરવા માટે ઑફિસમાંથી વહેલા નીકળવાનો પ્રયાસ કરજો. આજ ના દિવસે તમને ધન લાભ થવા ની પુરી શક્યતા છે સાથેજ તમને દાન-પુણ્ય પણ કરવું જોઈએ કેમ કે આના થી તમને માનસિક શાંતિ મળશે? આજે તમને જે ફાજલ સમય મળે તેનો લાભ લો અને તમારા પરિવારના સભ્યો સાથે પ્રેમભર્યો સમય વિતાવો.

**તુલા (ર,ત) :**
આજે તમારા જીવનસાથીનું વફાદાર હૃદય અને હિંમતવાન મનોબળ તમને વધુ આનંદ અને ગૌરવ આપશે. આજે ઘર થી નીકળતા પહેલા વડીલો નું આશીવાદ લો. આના થી તમને ધન લાભ થયી શકે છે. પરિવારના સભ્યો સાથે શાંતિભર્યો દિવસ માણો-લોકો જો સમસ્યાઓ સાથે તમારો સંપર્ક સાધે- તેમને અવગણો અને તેની અસર તમારા મગજ પર થવા ન દો.

**વૃશ્ચિક (ન,ય) :**
આજના દિવસે બ્લ્ડ પ્રૅશરના દર્દીઓ લોહીનું દબાણ ઘટાડવા રૅડ ખોરાક પર સંતુલન રાખે અને તેના લીધે કૉલૅસ્ટ્રૉલનું પ્રમાણ નીચું રહેશે જેથી કોઈ પ્રકારની દવા લેવાની જરું ના રહે. આનાથી તેમને વધુ માનસિક રાહત થશે. પોતાના માટે પૈસા બચવાનો તમારો ખ્યાલ આજે પૂરો થયી શકે છે. આજે તમે સારી બચત કરવા માટે સમર્થ હશો.

**ધન (ભ,ધ,ફ) :**
આજના દિવસે તમારા બાળકો તમારી પસંદગી મુજબનું વર્તન નહીં કરે-જે તમારો ગુસ્સો વધારી મુકશે. તમારે તમારી જાતને રોકવી જોઈએ, કેમ કે નિરંકુશ ગુસ્સો સૌને નુકસાન કરે છે અને ખાસ કરીને જે વ્યક્તિ ગુસ્સામાં છે તેને સૌથી વધુ નુકસાન કરે છે કેમ કે તેને કારણે ઊર્જા વેડફાય છે અને નિર્ણય લેવાની ક્ષમતાને મંદ બનાવે છે. આજે તમારા ભાઈ બહેનો તમારા થી આર્થિક સહાય માંગી શકે છે.

**મકર (ખ,જ) :**
આજે તમારા સ્વાસ્થ્યમાં સુધારાને લગતી પ્રવૃત્તિઓ ફરી શરૂ કરવા માટે શ્રેષ્ઠ દિવસ. જે લોકો વગર વિચાર્યે પૈસા ખર્ચી રહ્યા છે આજે તેમને પૈસા નું મહત્વ સમજ આવી શકે છે. કેમકે તમને આજે પૈસા ની સખત જરૂર પડી શકે છે પરંતુ તમારી જોડે પર્યાપ્ત ધન નહીં હોય. બાહ્ય પ્રવૃત્તિઓમાં વધારે પડતી ભાગીદારી તમારા માતા-પિતાના ગુસ્સાને આમંત્રણ આપી શકે છે.

**કુંભ (ગ,શ,સ) :**
આજે તમારી ખરાબ આદતો તમારી માટે મુશ્કેલીઓ સર્જશે. એક યા બીજી જગ્યાએથી તમને આર્થિક લાભ મળી રહેશે. પરિવારમાં કોઈ મહિલા સભ્યની તબિયત ચિંતાનું કારણ બનશે. ચિંતા ન કરતા આજે તમારા દુઃખ બરફની જેમ ઓગળી જશે. તમારું કુટુંબ આજે તમારી સાથે ઘણી સમસ્યાઓ શેર કરશે, પરંતુ તમે તમારી પોતાની ધૂન માં મસ્ત હશો.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજે તમારે પત્ની તમારો ઉત્સાહ વધારશે જેના લીધે તમને કામ કરવાની લગન લાગશે. દિવસના ઉત્તરાર્ધમાં આર્થિક સ્થિતિ સુધરશે. તમારી સંતતિ માટે કશુંક ખાસ આયોજન કરો. એ વાતની તકેદારી રાખો કે તમારી યોજના વાસ્તવવાદી હોય જેથી તમે તેને હાંસલ-સાધ્ય કરી શકો. તમારી ભાવિ પેઢી તમને હંમેશાં આ ભેટ માટે યાદ રાખશે.

## ન્યુઝ બોક્ષ

### આરોપીના ગેરકાયદેસર ઘર પર તંત્રએ બુલડોઝર ફેરવ્યું

। (એજન્સી) ઉદયપુર, તા.૧૮ ।

ઉદયપુરમાં ચાકુબાજીની ઘટનામાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલિ વિદ્યાર્થીની સારવાર ચાલી રહી છે, ત્યારે વિદ્યાર્થીની હાલત હજુ પણ નાજુક હોવાનું જાણવા મળ્યું છે. બીજી તરફ, તંત્ર દ્વારા આરોપી વિદ્યાર્થીના ઘર પર બુલડોઝર ચલાવી દેવામાં આવ્યું છે. ઉદયપુરમાં ચાકુબાજીની ઘટનામાં આરોપીના ખાંજીપીરની દીવાનશાહ કોલોનીમાં આવેલા ગેરકાયદેસર ઘર પર તંત્ર દ્વારા બુલડોઝર ફેરવીને તોડી નાખવામાં આવ્યું છે. આ દરમિયાન બુલડોઝર ચલાવતી વખતે પોલીસને સાથે રાખીને તમામ કાર્યવાહી કરવામાં આવી હતી. મળતી માહિતી પ્રમાણે, આરોપીનો પરિવાર આ ઘરમાં ભાડેથી રહેતા હતા. ચાકુબાજીમાં ઈજાગ્રસ્ત થયેલા વિદ્યાર્થીની હાલત હજુ નાજુક છે, ત્યારે ડોક્ટરની દેખરેખ હેઠળ તેની સારવાર ચાલી રહી છે. જે હોસ્પિટલમાં વિદ્યાર્થીની સારવાર ચાલી રહી છે ત્યાં મોટી સંખ્યામાં ફોર્સ તૈનાત કરી દેવામાં આવી છે. મળતી માહિતી પ્રમાણે, સમગ્ર ઘટના ગત શુક્રવારની (૧૬ ઓગસ્ટ) સવાર ઘટી હતી. જ્યારે થોડા દિવસો પહેલા બંને વિદ્યાર્થીઓ વચ્ચે બોલાચાલી થઈ હતી.

### અંતરિક્ષમાં સુનીતા વિલિયમ્સને લઈને માઠા સમાચારથી ચિંતા વધી

। (એજન્સી) વોસિંગ્ટન, તા.૧૮ ।

નાસા તરફથી સુનીતા વિલિયમ્સને બોઈંગ સ્ટારલાઈનર સ્પેસ સ્ટેશનમાં તેમના એક સાથી બુચ વિલ્મોર સાથે ફક્ત ૮ દિવસ માટે મોકલવામાં આવ્યા હતા, પણ બે મહિનાથી પણ ઉપર સમય થઈ ગયો છે અને તે પાછા નથી આવ્યા. આ બાબતે અલગ અલગ અટકળો થઈ રહી છે, તમામ કોશિશોની વચ્ચે નાસાએ તાજેતરમાં કહ્યું હતું કે, હજુ પણ તેમને પાછા આવવામાં સમય લાગશે.

આ દરમ્યાન સમાચાર આવી રહ્યા છે કે, સુનીતા વિલિયમ્સની આંખોમાં તકલીફ થઈ રહી છે અને તેને જોવામાં સમસ્યાનો સામનો કરવો પડી રહ્યો છે. આખરે એવું તે શું થઈ રહ્યું છે કે નાસા તરફથી તેના વિશે જાણકારી આપવામાં આવી. અહીં જાણીએ આપને ખબર જ હશે કે સુનીતા વિલિયમ્સ આંતરરાષ્ટ્રીય અંતરિક્ષ સ્ટેશન પર છે. ત્યાં હવે તે સ્વાસ્થ્ય સંબંધિત સમસ્યાનો સામનો કરી રહી છે. બોઈંગના સ્ટારલાઈનર પર બંને જણાની વાપસીમાં થોડી તકલીફોનો સામનો કર્યા બાદ વાપસી લાંબી ટળતી જઈ રહી છે.

આમ તો બોઈંગ અંતરિક્ષ યાત્રિઓને પાછા લાવવા માટે સ્પેસએક્સના ક્રૂ ડ્રેગન જેવા ઓપ્શન્સ પર વિચાર કરી રહ્યું છે, પણ લેટેસ્ટ અપડેટ જણાવે છે કે, ૫૮ વર્ષની સુનીતા વિલિયમ્સને આંખ સાથે જોડાયેલી સમસ્યાઓ આવી રહી છે.

# ટેક્સાસમાં કાર અકસ્માતમાં ત્રણ ભારતીયોનાં મોત થયા

## યુનિવર્સિટી ઓફ ટેક્સાસમાં એડમિશન લેનારી દીકરીને મૂકવા જઈ રહેલા પરિવારને ડલાસ નજીક અકસ્માત નડ્યો

। (એજન્સી) ટેક્સાસ, તા.૧૮ ।

ટેક્સાસમાં થયેલા એક ભયાનક અકસ્માતમાં ઈન્ડિયન ફેમિલીના ત્રણ સભ્યોના કમકમાટીભર્યા મોત થયા છે, મૃતકોની ઓળખ અરવિંદ મણી, તેમના પત્ની પ્રદીપા અરવિંદ અને તેમની દીકરી અન્દ્રિલ તરીકે કરવામાં આવી છે. પ્રાપ્ત વિગતો અનુસાર અરવિંદ મણીની દીકરી અન્દ્રિલને યુનિવર્સિટી ઓફ ટેક્સાસમાં કમ્પ્યુટર એન્જિનિયરિંગના કોર્સમાં એડમિશન મળ્યું હતું.



દીકરીને યુનિવર્સિટીના કેમ્પસમાં મૂકવા માટે તેના પેરેન્ટ્સ કાર લઈને ઓસ્ટિનથી ડલાસ જવા માટે નીકળ્યા હતા, આ બંને શહેરો વચ્ચેનું અંતર ૧૯૫ માઈલ થાય છે. ૧૭ વર્ષની દીકરીને નામાંકિત યુનિવર્સિટીમાં એડમિશન મળતા આ પરિવાર ખૂબ જ ખુશ હતો અને હાલમાં જ તેમણે તેનું સેલિબ્રેશન પણ કર્યું હતું, પરંતુ હવે આ પરિવારના ત્રણ સભ્યો આ દુનિયામાં નથી રહ્યા.

૧૪ ઓગસ્ટના રોજ વહેલી સવારે થયેલા એક ગમખ્વાર અકસ્માતમાં ભારતીય પરિવાર જે કારમાં સવાર હતો તેનું પાછળનું ટાયર ફાટતા કાર આઉટ ઓફ કંટ્રોલ થઈ ગઈ ગયા બાદ સામેથી આવતી બીજી એક કાર સાથે ધડાકાભેર અથડાઈ હતી. સામસામે થયેલી ટક્કર બાદ અરવિંદ મણીનો પરિવાર જે જેંફમાં સવાર હતો તેમાં આગ લાગી ગઈ હતી.

કારમાં સવાર ત્રણેય ભારતીયોના મોત કઈ સ્થિતિમાં થયા તેનું કોઈ ચોક્કસ કારણ નથી જણાવાયું, પંરતુ અકસ્માતગ્રસ્ત કારની સ્થિતિ જોઈને અંદાજ લગાવી શકાય છે કે ભયાનક ટક્કર બાદ સળગી ઉઠેલી કારમાં ત્રણેય કમનસીબ જીવતા જ ભૂંજાઈ ગયા હતા. આ અકસ્માત લમપાસસથી છ માઈલ દૂર હાઈવે ૨૮૧ પર સવારે પોણા છ વાગ્યાની આસપાસ થયો હતો જેમાં ઈન્ડિયન ફેમિલીની કાર જેની સાથે અથડાઈ હતી તેમાં સવાર બે લોકોના પણ મોત થયા હતા.

અમેરિકામાં સેટલ થયેલા આ ભારતીય પરિવારનો એક દીકરો પણ હાલ યુએસમાં જ છે જેની ઉંમર ૧૪ વર્ષ છે, જોકે સ્કૂલમાં ભણતો આ છોકરો તેના પરિવારને અકસ્માત થયો ત્યારે તેમની સાથે કારમાં સવાર નહોતો. જોકે, આ ગમખ્વાર અકસ્માતમાં પોતાનો સમગ્ર પરિવાર ગુમાવનારો આ કમનસીબ છોકરો પરિવારવિહોણો બન્યો છે.

આ પરિવારના દીકરાએ હાલમાં જ નવમા ધોરણમાં અભ્યાસ શરૂ કર્યો હતો જેને હાલ ઓસ્ટિનમાં રહેતા તેના અંકલ પોતાની સાથે લઈ ગયા છે. મૃતક અરવિંદ અને તેમના પત્ની પ્રદીપા ઓસ્ટિન ઈન્ડિયન કોમ્યુનિટીમાં ખાસ્સા સક્રિય હતાં. માત્ર ૧૪ વર્ષની ઉંમરે જ માતા પિતા અને મોટી બહેનની છત્રછાયા ગુમાવનારા આ પરિવારના દીકરાને મદદ કરવા માટે તેમજ તેને ભવિષ્યમાં ભણવામાં કે પછી બીજા કોઈ કામમાં તકલીફ ના પડે તે માટે હાલ અમેરિકામાં રહેતા ઈન્ડિયન્સે ક્રાઉડ ફન્ડિંગ શરૂ કર્યું છે.

આ ફેમિલીના એક ફ્રેન્ડ દ્વારા અઢી લાખ ડોલર એકત્ર કરવાના ટાર્ગેટ સાથે ગોફંડમી પર અપીલ કરવામાં આવી હતી, જોકે આ અપીલને એટલો પ્રચંડ પ્રતિસાદ મળ્યો હતો કે અઢી લાખ ડોલરના ટાર્ગેટ સામે અત્યારસુધી સાડા સાત લાખ ડોલરથી પણ વધુની રકમ એકત્ર થઈ ચૂકી છે. આ પરિવારના દીકરાએ હાલમાં જ નવમા ધોરણમાં અભ્યાસ શરૂ કર્યો હતો જેને હાલ ઓસ્ટિનમાં રહેતા તેના અંકલ પોતાની સાથે લઈ ગયા છે. મૃતક અરવિંદ અને તેમના પત્ની પ્રદીપા ઓસ્ટિન ઈન્ડિયન કોમ્યુનિટીમાં ખાસ્સા સક્રિય હતાં. માત્ર ૧૪ વર્ષની ઉંમરે જ માતા પિતા અને મોટી બહેનની છત્રછાયા ગુમાવનારા આ પરિવારના દીકરાને મદદ કરવા માટે તેમજ તેને ભવિષ્યમાં ભણવામાં કે પછી બીજા કોઈ કામમાં તકલીફ ના પડે તે માટે હાલ અમેરિકામાં રહેતા ઈન્ડિયન્સે ક્રાઉડ ફન્ડિંગ શરૂ કર્યું છે. આ ફેમિલીના એક ફ્રેન્ડ દ્વારા અઢી લાખ ડોલર એકત્ર કરવાના ટાર્ગેટ સાથે ગોફંડમી પર અપીલ કરવામાં આવી હતી, જોકે આ અપીલને એટલો પ્રચંડ પ્રતિસાદ મળ્યો હતો કે અઢી લાખ ડોલરના ટાર્ગેટ સામે અત્યારસુધી સાડા સાત લાખ ડોલરથી પણ વધુની રકમ એકત્ર થઈ ચૂકી છે.

### પહેલા પણ અનેક ડિબેટમાં કરી ચૂક્યાં છે પરાજિત

## કમલા હેરિસને હરાવવા ટ્રમ્પે હિંદુ નેતાની માગી મદદ

### ડોનાલ્ડ ટ્રમ્પ અને ભારતીય મૂળના નેતા કમલા હેરિસ ૧૦ સપ્ટેમ્બરે મીડિયા સામે એકબીજા સાથે ડિબેટ કરશે



। (એજન્સી) વોશિંગ્ટન, તા.૧૮ ।

અમેરિકાના ઉપરાષ્ટ્રપતિ કમલા હેરિસ અને પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચે રાષ્ટ્રપતિની ચૂંટણીને લઈને ડિબેટ થવા જઈ રહી છે. જેની ટ્રમ્પે તૈયારીઓ શરૂ કરી દીધી છે. સૂત્રો અનુસાર ટ્રમ્પે ડિબેટ સ્પીચમાં પોતાના પક્ષને અસરકારક બનાવવા માટે ભૂતપૂર્વ ડેમોક્રેટિક કોંગ્રેસ મહિલા અને હિંદુ-અમેરિકન નેતા તુલસી ગબાર્ડની મદદ માગી છે.

ડોનાલ્ડ ટ્રમ્પ અને ભારતીય મૂળના નેતા કમલા હેરિસ ૧૦ સપ્ટેમ્બરે મીડિયા સામે એકબીજા સાથે ડિબેટ કરશે.

૨૦૨૦ ની રાષ્ટ્રપતિની રેસ પછી તુલસીએ ડેમોક્રેટિક પાર્ટી છોડી દીધી અને ટ્રમ્પના સમર્થક બની ગયા. લાંબા સમયથી તેની ટ્રમ્પ સાથે મિત્રતા છે. તુલસી ગબાર્ડનો જન્મ અમેરિકન સેમોન વંશના યુએસ રાજ્ય હવાઈના વતની એક પરિવારમાં થયો હતો. તેમના પિતા કેથોલિક હતા અને તેમની માતા હિંદુ ધર્મના હતા. તુલસી ગબાર્ડે પણ હિંદુ ધર્મ અપનાવ્યો છે. તે ભારત અને અમેરિકા વચ્ચે સારા સંબંધોના હિમાયતી રહ્યા છે. ટ્રમ્પ કમલા હેરિસ સામેની પ્રથમ પ્રમુખપદની ડિબેટને ખૂબ જ ગંભીરતાથી લઈ રહ્યા છે. ટ્રમ્પ ઈચ્છે છે કે જે રીતે તેમણે પહેલી ડિબેટમાં જો બાયડેનને હરાવ્યા હતા, તેવી જ રીતે તેઓ કમલા હેરિસને ડિબેટમાં હરાવીને મતદારોને રીઝવવાનો પ્રયાસ કરશે. આ જ કારણ છે કે ટ્રમ્પ ડિબેટની તૈયારીમાં કોઈ કસર છોડવા માંગતા નથી. અમેરિકન મીડિયા રિપોર્ટ્સ અનુસાર, પૂર્વ ડેમોક્રેટ સાંસદ તુલસી ગબાર્ડ આ કામમાં ટ્રમ્પની મદદ કરી રહ્યા છે. ગબાર્ડે ૨૦૨૦ માં ડેમોક્રેટ પાર્ટી છોડી દીધી હતી અને હવે તેને ટ્રમ્પ સમર્થક માનવામાં આવે છે. વર્ષ ૨૦૧૯માં તુલસી ગબાર્ડે એક ડિબેટ દરમિયાન કમલા હેરિસને ખરાબ રીતે હરાવ્યા હતા અને હેરિસને ઘણા મુદ્દાઓ પર અવાચક છોડી દીધા હતા. આથી ડોનાલ્ડ ટ્રમ્પને ડિબેટ માટે તૈયાર કરવા માટે તુલસી ગબાર્ડની પસંદગી કરવામાં આવી છે. ૨૦૨૦ માં યુએસ રાષ્ટ્રપતિ પદના દાવેદારોમાં તુલસી ગબાર્ડ અને કમલા હેરિસનું નામ પણ હતું. આ કારણે ૨૦૧૯માં ડેમોક્રેટ પ્રાઈમરી ઈલેક્શન દરમિયાન બંને વચ્ચે ડિબેટ થઈ હતી.

### ૫૭.૬૩ ટકાથી વધારે શ્રમ પ્રધાન નોકરીઓ ૨૦,૦૦૦ રૂપિયા પ્રતિ મહિના અથવા તેનાથી ઓછા વેતન મર્યાદામાં આવે છે

## કારખાનામાં કામ કરતા મોટા ભાગના લોકોનો પગાર ૨૦,૦૦૦થી ઓછો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૮ ।

ભારતમાં કારખાનામાં અથવા અન્ય શ્રમપ્રધાન નોકરીઓમાં મોટા ભાગના લોકોનું વેતન ૨૦,૦૦૦ રૂપિયા પ્રતિ મહિના અથવા તેનાથી ઓછું છે. એક રિપોર્ટમાં કહેવાયું છે કે, તેનાથી જાણવા મળે છે કે કાર્યબળનો એક મોટો ભાગ નાણાકીય તણાવથી ઝઝૂમી રહ્યો છે. સાથે જ આવાસ, સ્વાસ્થ્ય સેવા અને શિક્ષણ જેવી મૂળભૂત જરુરિયાતો પુરી કરવા માટે સંઘર્ષ કરી રહ્યો છે. પ્રોદ્યોગિકી સાથે જોડાયેલ શ્રમ પ્રધાન ભરતી મંચ વર્ક ઈંડિયાના રિપોર્ટમાં કહેવાયું છે કે, ૫૭.૬૩ ટકાથી વધારે શ્રમ પ્રધાન નોકરીઓ ૨૦,૦૦૦ રૂપિયા પ્રતિ મહિના અથવા તેનાથી ઓછા વેતન મર્યાદામાં આવે છે. આ દર્શાવે છે કે, કેટલાય શ્રમિક ન્યૂનતમ મજૂરીની આસપાસ કમાય છે. રિપોર્ટથી જાણવા મળે છે કે, લગભગ ૨૯.૩૪ ટકા શ્રમપ્રધાન નોકરીઓ મધ્યમ આવક વર્ગમાં છે, જેમાં વેતન ૨૦,૦૦૦-૪૦,૦૦૦ રૂપિયા પ્રતિ મહિનો છે. તેમાં કહેવાયું છે કે, આ કેટેગરીમાં આવતા શ્રમિકોને નાણાકીય સુરક્ષામાં મામૂલી સુધરનો અનુભવ હોય છે. પણ તેઓ આરામદાયક જીવન સ્તર પ્રાપ્ત કરવાથી ખૂબ દૂર છે. રિપોર્ટના જણાવ્યા અનુસાર, આ મર્યાદિત આવકથી જરુરિયાત તો પુરી થઈ જાય છે, પણ બચત અથવા રોકાણની કોઈ શક્યતા રહેતી નથી.

### નોઈડાના મોલમાં મોક ડ્રીલ યોજાઈ

## ગુરુગ્રામ-નોઈડાના મોલમાં બોંબની ધમકી : બંને મોલ ખાલી કરાવાયા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૮ ।

શનિવારે બપોરે એક સાથે બે જગ્યાએ બોંબની ધમકીને પગલે ચિંતા અને નાસભાગ મચી ગઈ હતી. સૌથી પહેલાં ગુરુગ્રામના એમ્બિયન્સ મોલને ધમકી મળી હતી. જેને પગલે તરત જ મોલમાં ઉપસ્થિત તમામને બહાર કાઢીને મોલ ખાલી કરાવવામાં આવ્યો હતો.

થોડા સમયમાં જ નોઈડાના ડીએલએફ મોલમાં પણ બોંબની ધમકી મળી હતી અને ત્યાં પણ મોલ ખાલી કરાવીને તપાસ કરવામાં આવી હતી. જોકે ત્યારબાદ બેમાંથી કોઈ મોલમાંથી કોઈ શંકાસ્પદ વસ્તુ કે બોંબ મળ્યાના અહેવાલ નથી.

એમ્બિયન્સ મોલને મળેલા ઈમેલમાં લખવામાં આવ્યું હતું કે, "મેં બિલ્ડિંગમાં બોંબ મૂકી દીધો છે. બિલ્ડિંગમાં હયાત દરેક વ્યક્તિ માર્યા જશે, તમારામાંથી કોઈ બચશે નહીં. મેં બોંબ એટલા માટે મૂક્યા કે મને મારી જિંદગીથી નફરત છે. આ હુમલા પાછળ પૈગી અને નોરા જવાબદાર છે."

આ ઈમેલ બાદ મોલનું મેનેજમેન્ટ ગભરાઈ ગયું હતું અને તેણે પોલીસને જાણકારી આપી હતી. પોલીસ બોંબ સ્ક્વોડ સાથે સ્થળ પર પહોંચી હતી અને તપાસ હાથ ધરી હતી. સાથે સાથે પોલીસ ઈમેલ મોકલનાર વ્યક્તિને પણ શોધવામાં પણ લાગી ગઈ છે.

**વિશેષ** | ડોક્ટર પર દુષ્કર્મ અને હત્યાની ઘટનાના વિરોધમાં સમગ્ર ગુજરાતની સરકારી અને ખાનગી હોસ્પિટલોએ સજ્જડ બંધનું એલાન આપ્યું છે

# અમદાવાદ સિવિલમાં રાત્રે મહિલા ડોક્ટર-નર્સને ઘરે જવા SHE ટીમ મદદ કરશે, ગુજરાતની સરકારી અને ખાનગી હોસ્પિટલોએ સજ્જડ બંધનું એલાન આપ્યું છે

। (એજન્સી) અમદાવાદ,તા.૧૮ ।

કોલકાતાની મેડિકલ કોલેજમાં જુનિયર મહિલા ડોક્ટર પર દુષ્કર્મ અને હત્યાની ઘટનાના વિરોધમાં સમગ્ર ગુજરાતની સરકારી અને ખાનગી હોસ્પિટલોએ સજ્જડ બંધનું એલાન આપ્યું છે. તેના પગલે ઈમરજન્સી સિવાયની બદી સેવા બંધ રાખવામાં આવી છે. આ હડતાળના પગલે અમદાવાદ સિવિલ હોસ્પિટલના સુપ્રિટેન્ડેન્ટે જણાવ્યું હતું કે અમદાવાદમાં રાત્રે મહિલા ડોક્ટર-નર્સને ઘરે જવા જીઉૅઈ ટીમ મદદ કરશે.

બધી તબીબી સેવાઓ બંધ હોવાથી દર્દીઓએ આજે પણ હાલાકીનો સામાનો કરવો પડી રહ્યો છે. જ્યારે અમદાવાદ મેડિકલ એસોસિએશનના સભ્યોએ છસ્છથી ઈક્રમટેક્સ સુધી રેલી યોજી હતી. જેમાં ૧૦૦૦થી વધુ ડોક્ટરો વિવિધ લખાણવાળા બેનર સાથે જોડાયા હતા.મોટી સંખ્યામાં મહિલા ડોક્ટરો પણ રેલીમાં જોડાયા હતા. આયુર્વેદ ડોક્ટરો પણૈંસ્છની હડતાલને સમર્થન કર્યું છે. તેમજ રાજકોટ, વડોદરા અને સુરતમાં પણ ડોક્ટરોએ રેલી યોજી વિરોધ નોંધાવ્યો છે.

પાટણ મેડિકલ એસોસિએશનના સભ્યો સાથે હોમિયોપેથિક, ડેન્ટલ, પાટણ જિલ્લા ઈન સર્વિસ સહિત ડોક્ટરો દ્વારા સિધવાઈ માતાજી મંદિરથી રેલી યોજી કલેકટર કચેરીમાં આવેદન પત્ર આપ્યું હતું અને ડોક્ટરોની સુરક્ષા માટે માગ કરી હતી. આ હડતાળમાં પાટણની ખાનગી હોસ્પિટલોના ૫૦૦થી વધુ ડોક્ટરો જોડાયા છે.



ઈન્ડિયન મેડિકલ એસોસિએશનના વડોદરાના વાઈસ પ્રેસિડેન્ટ મિતેશ શાહે જણાવ્યું હતું કે, આજે આઈ. એમ.એ સહિતના વિવિધ એસોસિએશન હડતાળમાં જોડાયા છે. મારી માંગણી છે કે, ડોક્ટરના હોસ્પિટલ એરિયાને તમે સેફ ઝોન તરીકે જાહેર કરો. ડોક્ટર કે કર્મચારીઓ પર હુમલો થાય તો તેની સામે નોન બેલેબલ વોરંટ જાહેર કરો. આ ઉપરાંત હોસ્પિટલો અને ક્લિનિકમાં સીસીટીવી કેમેરા ફરજિયાત કરો. આ ઉપરાંત સરકાર એક્શનમાં આવે અને આ મામલે કડક કાર્યવાહી કરે. અમે વડાપ્રધાન મોદીને પણ આવેદનપત્ર આપવાના જ છીએ. અને માગ કરીશું કે, આવા જઘન્ય અપરાધ કરતા લોકો સામે કડક કરવામાં આવે અને એના માટે કડક નિયમો બનાવવામાં આવે અને ડોક્ટરોને સુરક્ષા પુરી પડવામાં આવે.

સુરત સિવિલથી કલેક્ટર કચેરી સુધી ડોક્ટરોની રેલી નીકળી હતી, જેમાં ડોક્ટરોએ વી વોન્ટ જસ્ટિસના નારા લગાવ્યા હતા. સુરત સિવિલ હોસ્પિટલમાં ઓપીડી બહાર આજે પણ લાઈનો જોવા મળી રહી છે. તબીબો હડતાળ ઉપર હોવાથી જે તે ડિપાર્ટમેન્ટના એચઓડી હાલ ઓપીડીમાં દર્દીઓને સાંભળી રહ્યા છે. જેના પગલે થોડા અંશે દર્દીઓને રાહત થઈ છે.

વડોદરાની સયાજી હોસ્પિટલના આર.એમ.ઓ હિતેન્દ્ર ચૌહાણે જણાવ્યું હતું કે, દર્દીઓને હાલાકી પડી હોવાનું સ્વીકારીએ છે અને તેને નિવારવા માટે અમે પુરતા પ્રયત્નો કરી રહ્યા છીએ. ગઈકાલે અમારી હોસ્પિટલમાં ૪૯ નાની મોટી સર્જરી સ્થગિત રાખવી પડી અને ૧૧ દર્દીઓ તેમની મરજીથી રજા લઈને ચાલ્યા ગયા છે. પરંતુ આ સ્થિતિનું જલ્દીથી નિવારણ આવે એવા પ્રયત્નો કરી રહ્યા છે. આજે પણ સ્ટ્રાઈક ચાલુ છે. તેની વૈકલ્પિક વ્યવસ્થા અમે કરી છે અને તેમાં સુધારો કરવાનો પ્રયત્ન કરી રહ્યા છીએ.

રાજકોટ સિવિલ હોસ્પિટલમાં છેલ્લા બે દિવસથી રેસિડેન્ટ ડોકટરો હડતાલ ઉપર છે અને આજે બીજા દિવસે ૈંસ્છ દ્વારા પણ એક દિવસ બંધ પાડી રેસિડેન્ટ ડોકટરોના વિરોધને સમર્થન આપવામાં આવ્યું છે. ત્યારે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ૅંઢ અને ઈમર્જન્સી સેવાઓ ચાલુ છે જેમાં બે દિવસમાં કુલ ૮૯ ઓપરેશન કરવામાં આવ્યા છે તેમજ ૪૩૦૦થી વધુ દર્દીને ૅંઢ માં ચકાસવામાં આવ્યા છે. જેમાં આજે ખાનગી તબીબોની હડતાલના પગલે ૅંઢ માં અનેક ગણો વધારો જોવા મળ્યો હતો. રાજકોટ સિવિલ હોસ્પિટલમાં છેલ્લા બે દિવસથી રેસિડેન્ટ ડોકટરો હડતાલ ઉપર છે અને આજે બીજા દિવસે ૈંસ્છ દ્વારા પણ એક દિવસ બંધ પાડી રેસિડેન્ટ ડોકટરોના વિરોધને સમર્થન આપવામાં આવ્યું છે. ત્યારે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ૅંઢ અને ઈમર્જન્સી સેવાઓ ચાલુ છે જેમાં બે દિવસમાં કુલ ૮૯ ઓપરેશન કરવામાં આવ્યા છે તેમજ ૪૩૦૦થી વધુ દર્દીને ૅંઢ માં ચકાસવામાં આવ્યા છે. જેમાં આજે ખાનગી તબીબોની હડતાલના પગલે ૅંઢ માં અનેક ગણો વધારો જોવા મળ્યો હતો.

# મોરબી જિલ્લા ભાજપ અગ્રણી પર ૧૧ શખ્સોનો કુહાડી-પાઈપથી હુમલો

## ઈજા પામેલા યુવાનને તાત્કાલિક સારવાર માટે મોરબીની સિવિલ હોસ્પિટલ ખાતે લઈને આવ્યા હતા

। (માહિતી) મોરબી,તા.૧૮ ।

મોરબીમાં વાડીનો રસ્તો ખુલ્લો કરાવવાનો ખાર રાખીને મોરબી જિલ્લા ભાજપના કાર્યાલય મંત્રી ઉપર ચાર મહિલા સહિત ૧૧ લોકોએ તેના ઉપર કુહાડી અને ધોકા વડે હુમલો કર્યો હતો. જેથી ઈજા પામેલા યુવાનને તાત્કાલિક સારવાર માટે મોરબીની સિવિલ હોસ્પિટલ ખાતે લઈને આવ્યા હતા અને આ બનાવની મોરબી એ-ડિ-વિજન પોલીસ સ્ટેશન ખાતે ગુનો નોંધાયો છે.

મોરબીમાં બાયપાસ રોડ ઉપર ગોકુળનગર પાસે આવેલ જાગાની વાડીમાં રહેતા મોરબી નગરપાલિકાના માજી સભ્ય અને હાલમાં મોરબી જિલ્લા ભાજપના કાર્યાલય મંત્રી રોહિત શામજી કંઝારિયા (ઉ.૩૦) ઉપર તે વિસ્તારમાં રહેતા દિનેશ શામજીભાઈ ડાભી, હંસરાજ શામજીભાઈ ડાભી, રતિલાલ કેશવજીભાઈ ડાભી, પ્રવીણ કેશવજીભાઈ ડાભી, સંજય છગનભાઈ ડાભી અને સુરેશ છગનભાઈ ડાભી ઉપરાંત ચાર મહિલા સહિત કુલ મળીને ૧૧થી વધુ લોકો દ્વારા કુહાડી અને ધોકા જેવા હથિયાર સાથે હુમલો કરવામાં આવ્યો હતો. જેથી ઈજા પામેલા જિલ્લા ભાજપના કાર્યાલય મંત્રીને ઈજા થતાં સારવારમાં લઈને આવ્યા હતા. મોરબીમાં બાયપાસ રોડ ઉપર ગોકુળનગર પાસે આવેલ જાગાની વાડીમાં રહેતા મોરબી નગરપાલિકાના માજી સભ્ય અને હાલમાં મોરબી જિલ્લા ભાજપના કાર્યાલય મંત્રી રોહિત શામજી કંઝારિયા (ઉ.૩૦) ઉપર તે વિસ્તારમાં રહેતા દિનેશ શામજીભાઈ ડાભી, હંસરાજ શામજીભાઈ ડાભી, રતિલાલ કેશવજીભાઈ ડાભી, પ્રવીણ



કેશવજીભાઈ ડાભી, સંજય છગનભાઈ ડાભી અને સુરેશ છગનભાઈ ડાભી ઉપરાંત ચાર મહિલા સહિત કુલ મળીને ૧૧થી વધુ લોકો દ્વારા કુહાડી અને ધોકા જેવા હથિયાર સાથે હુમલો કરવામાં આવ્યો હતો. જેથી ઈજા પામેલા જિલ્લા ભાજપના કાર્યાલય મંત્રીને ઈજા થતાં સારવારમાં લઈને આવ્યા હતા.

વધુમાં મળી રહેલા માહિતી મુજબ જિલ્લા ભાજપના કાર્યાલય મંત્રીને કુહાડીનો બુંધરાવટીના ઘા તેમજ ધોકાના ઘા મારીને ઈજા કરેલી હતી. જેથી તેને સારવાર માટે મોરબીની સિવિલ હોસ્પિટલ ખાતે લઈને આવ્યા છે અને હુમલાની આ ઘટના વિશે મોરબી એ-ડિવિઝન પોલીસ સ્ટેશન ખાતે જાણ કરવામાં આવતા પોલીસ હોસ્પિટલે પહોંચી હતી. હાલમાં પોલીસ પાસેથી મળેલ માહિતી મુજબ ડાભી પરિવાર દ્વારા ગોકુલનગરથી જાગાની વાડી તરફ જવા માટેનો જે આઠ વાડીનો રસ્તો હતો તે રસ્તો બંધ કરી દેવામાં આવ્યો હતો અને આ રસ્તો ખુલ્લો કરાવવા માટે થઈને રોહિત કંઝારીયા દ્વારા કાર્યવાહી કરવામાં આવી હતી. જેથી કરીને થોડા સમય પહેલા મામલતદારની હાજરીમાં રસ્તા ઉપરના દબાણોને દૂર કરીને રસ્તાને ખુલ્લો કરાવવામાં આવ્યો હતો.

જે બાબતનો ખાર રાખીને રોહિત કંઝારીયા ગઈકાલે સાંજે મોરબી શહેરી વિસ્તારમાં પોતાનું કામ પૂરું કરીને પોતાના ઘર તરફ બજારની વાડી પાસેથી જઈ રહ્યો હતો. ત્યારે ચાર મહિલાઓ સહિતના કુલ ૧૧થી વધુ લોકોએ તેને રોકીને તેના ઉપર હુમલો કર્યો હતો.

જેથી કરીને ઈજા પામેલ રોહિતભાઈએ સારવાર લીધા પછી એ-ડિવિઝન પોલીસ સ્ટેશન ખાતે ૧૧ સામે ફરિયાદ નોંધાવી છે. જે બાબતનો ખાર રાખીને રોહિત કંઝારીયા ગઈકાલે સાંજે મોરબી શહેરી વિસ્તારમાં પોતાનું કામ પૂરું કરીને પોતાના ઘર તરફ બજારની વાડી પાસેથી જઈ રહ્યો હતો. ત્યારે ચાર મહિલાઓ સહિતના કુલ ૧૧થી વધુ લોકોએ તેને રોકીને તેના ઉપર હુમલો કર્યો હતો. જેથી કરીને ઈજા પામેલ રોહિતભાઈએ સારવાર લીધા પછી એ-ડિવિઝન પોલીસ સ્ટેશન ખાતે ૧૧ સામે ફરિયાદ નોંધાવી છે.

## ગોંડલમાં કૂવામાં બે સગા ભાઈ ડૂબ્યા, આદિપુર નજીક કેનાલમાં બે બાળક ડૂબ્યાં

। (એજન્સી) ભૂજ,તા.૧૮ ।

સૌરાષ્ટ્રમાં સ્વાતંત્ર્ય પર્વએ બે ગોઝારી ઘટનામાં પાણીમાં ડૂબી જવાથી ચાર બાળકોના મોત થયા છે. ગોંડલ તાલુકાના નાના મહિકા ગામે ૬૦ ફૂટ ઉંડા કૂવામાં પડતાં ૪ વર્ષીય રીતિક અને ૨ વર્ષીય અશ્વીન નામના બે સગાભાઈના મોત થયા હતા. જ્યારે ગાંધીધામના આદિપુર નજીક આવેલી નર્મદા કેનાલમાં નાહવા ગયેલા ૨ પિતરાઈ ભાઈના મોત નીપજતાં સમગ્ર પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ છે. ગોંડલ તાલુકાના નાના મહિકા ગામે ૧૫મી ઓગસ્ટે કૂવામાં પડી જતાં બે પરપ્રાંતિય બાળકોના મોતની ઘટના સામે આવી છે. ધીરૂભાઈ પોપટભાઈ વિરડીયાની વાડીએ મજૂરી કરવા આવેલ પરપ્રાંતિય પરિવારના બે બાળકો ૪ વર્ષીય રીતિક ધર્મેન્દ્રભાઈ જાદવ અને ૨ વર્ષીય અશ્વીન ધર્મેન્દ્રભાઈ જાદવ રમતાં રમતાં અકસ્માતે કૂવામાં પડ્યા હોવાની પણ વિગતો મળી રહી છે.

સવારે બાળકો રમવા ગયા હતા એ પછી બંને ના મળતાં પિતા આસપાસના વિસ્તારમાં આવેલા ખેતીવાડી વિસ્તારમાં ગોતવા લાગ્યા હતા. દરમિયાન પિતાએ કૂવામાં નજર કરતાં કૂવામાં બન્ને છોકરાના ચંપલ પાણીમાં તરતા હતા. બંને બાળકોના મૃતદેહને એમ્બ્યુલન્સ મારફત ગોંડલ સરકારી હોસ્પિટલમાં પીએમ અર્થે ખસેડવામાં આવ્યા હતા. સમગ્ર ઘટનાને લઈને ગોંડલ તાલુકા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# ગુજરાત સરકાર લાવશે અંધશ્રદ્ધા વિરોધી કાયદો, ૬ મહિનાથી ૭ વર્ષ સુધીની સજાની જોગવાઈ

। (એજન્સી) અમદાવાદ,તા.૧૮ ।

ગુજરાત વિધાનસભાનું ત્રણ દિવસીય ચોમાસુ સત્ર આગામી ૨૧થી ૨૩ ઓગસ્ટ દરમિયાન યોજાવાનું છે. આ સત્રમાં સરકાર પાંચ મહત્વપૂર્ણ વિધેયકો રજૂ કરવાની છે, જેમાં સૌથી વધુ ચર્ચાસ્પદ અંધશ્રદ્ધા વિરોધી કાયદો છે.

"ગુજરાત માનવ બલિદાન અને બીજી અમાનુષી, અનિષ્ટ અને અઘોરી પ્રથા અને કાળા જાદુ અટકાવવા તેનું નિર્મૂલન કરવા બાબત વિધેયક ૨૦૨૪" નામના આ વિધેયકમાં અંધશ્રદ્ધા ફેલાવનારાઓ સામે કડક કાર્યવાહીની જોગવાઈ છે. આ કાયદા હેઠળ, કહેવાતા ચમત્કારોનો પ્રચાર, ભૂત પ્રેત ભગાડવાના નામે શારીરિક પીડા આપવી, અનિષ્ટ શક્તિઓનો દાવો કરવો, અને અલૌકિક શક્તિના નામે જાતીય શોષણ જેવી પ્રવૃત્તિઓ ગુનો ગણાશે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, આ કાયદા હેઠળ દોષિતોને ૬ મહિનાથી ૭ વર્ષ સુધીની જેલની સજા અને રૂ. ૫ હજારથી ૫૦ હજાર સુધીનો દંડ થઈ શકે છે. જોકે, ધાર્મિક વિધિઓ અને પરંપરાઓને આ કાયદાથી મુક્તિ આપવામાં આવી છે.

વિધાનસભાના આ સત્રની તૈયારીઓ પૂર્ણ થઈ ગઈ છે. ૨૦ ઓગસ્ટે વિધાનસભાની કામકાજ સલાહકાર સમિતિની બેઠક મળશે, જેમાં સત્રનું વિસ્તૃત આયોજન નક્કી કરવામાં આવશે.

આ વિધેયક ઉપરાંત અન્ય ચાર મહત્વપૂર્ણ વિધેયકો પણ આ સત્રમાં રજૂ થવાની શક્યતા છે. રાજ્ય સરકારે આ તમામ વિધેયકોને કેબિનેટ બેઠકમાં મંજૂરી આપી દીધી છે.

અંધશ્રધ્ધા વિરોધી કાયદાની મહત્વની બાબતો

- "ગુજરાત માનવ બલિદાન અને બીજી અમાનુષી, અનિષ્ટ અને અઘોરી પ્રથા અને કાળા જાદુ અટકાવવા તેનું નિર્મૂલન કરવા બાબત વિધેયક ૨૦૨૪" તૈયાર
- ધાર્મિક વિધિ અને પરંપરાને કાયદાથી છૂટ આપવામાં આવી
- કહેવાતા ચમત્કારો અને તેના પ્રચાર - પસાર કરવો ગુનો ગણાશે
- ભૂત કે ડાકણ ભગાડવાના નામે શારીરિક પીડા આપવી અને અપાવવી ગુનો ગણાશે
- કોઈ વ્યક્તિ પાસે અનિષ્ટ શક્તિ છે અને તેનાથી બીજાનું નુકશાન થાય છે તેનો પ્રચાર કરવો પણ ગુનો ગણાશે
- સાપ, વીંછી કે શ્વાનના કરડવા અંગે દવાખાને લાઈજવતા રોકવા અને દોરા, ધાગા કે મંત્રો કરવા તે ગુનો ગણાશે
- ભૂત કે ડાકણ મંત્રોથી બોલાવી અન્યને ભયમાં મૂકવા તે બાબત પણ ગુનો બનશે
- ભૂત - ડાકણને બોલાવી અન્યોને શારીરિક ઈજા પહોંચાડવી પણ ગુનો બનશે
- ગર્ભ ધારણ કરવા અસમર્થ સ્ત્રી સાથે અલૌકિક શક્તિથી માતૃત્વ આપવાના બહાને જાતીય સંબંધ બાંધવો ગુનો ગણાશે
- આંગળી દ્વારા શસ્ત્ર ક્રિયા કરવી કે તેમ કરવાનો દાવો કરવો પણ ગુનો ગણાશે
- આવો ગુનો કરનાર વ્યક્તિને ૬ મહિનાથી ૭ વર્ષ સુધીની સજા થાય તેવી સૂચિત કાયદામાં જોગવાઈ
- ગુનેગારને રૂ. ૫ હજારથી ૫૦ હજારનો આર્થિક દંડ કરવાની પણ સૂચિત કાયદામાં જોગવાઈ

### લોનની ભરપાઈ ન કરતા બેંકે કરી કાર્યવાહી

## લોટસ શાળા લોનના હપ્તા ન ભરતા PNB બેન્ક દ્વારા સીલ કરવામાં આવી

। (એજન્સી) અમદાવાદ,તા.૧૮ ।

અમદાવાદની ઈસનપુરમાં આવેલી લોટસ શાળા લોનના હપ્તા ન ભરતાં PNB બેંક દ્વારા સીલ કરવામાં આવી છે. લોનની ભરપાઈ ન કરવામાં આવતા બેંક દ્વારા શાળાને તાળુ મારી દેવામાં આવ્યુ હતુ. અમદાવાદના ઈસનપુરમાં આવેલી લોટસ સ્કૂલ દ્વારા ૧.૨૫ કરોડની લોન લેવામાં આવી હતી. જે લોનની સમયસર ભરપાઈ કરવામાં આવી ન હતી. ત્યારે આ લોનને લઈને બેંક દ્વારા વારંવાર નોટિસ આપવામાં આવી હતી. તેમ છતા શાળાના ટ્રસ્ટીઓ દ્વારા કોઈ જવાબ ન આપવામાં આવતા છેવટે પીએનબી બેંક દ્વારા શાળાને સીલ મારી દેવામાં આવ્યુ હતુ. મળતી માહિતી મુજબ શાળાના ટ્રસ્ટીઓને PNB દ્વારા અનેક વખત નોટિસ આપવામાં આવી હતી. પરંતુ અનેક નોટિસ આપ્યા બાદ પણ લોનની ભરપાઈ ન કરતા બેંકે કાર્યવાહી હાથ ધરી હતી. ત્યારે લોટસ સ્કૂલના ટ્રસ્ટે લોન ન ભરતા વિદ્યાર્થીઓ મુશ્કેલીમાં મુકાયા હતા. જેને લઈને વિદ્યાર્થીઓના ભાવિ જોખમમાં મુકાયા છે. પરંતુ અનેક નોટિસ આપ્યા બાદ પણ લોનની ભરપાઈ ન કરતા બેંકે કાર્યવાહી હાથ ધરી હતી. ત્યારે લોટસ સ્કૂલના ટ્રસ્ટે લોન ન ભરતા વિદ્યાર્થીઓ મુશ્કેલીમાં મુકાયા હતા. જેને લઈને વિદ્યાર્થીઓના ભાવિ જોખમમાં મુકાયા છે.

### સરઘસ કાઢવા માટેની અરજી પણ ફરજીયાત આપવાની રહેશે

# ગણેશોત્સવમાં મૂર્તિની સ્થાપના માટે પરમીટ સ્થાનિક પોલીસ સ્ટેશનમાંથી અપાશે

। (એજન્સી) અમદાવાદ,તા.૧૮ ।

અમદાવાદ શહેરમાંઆગામી ૭ સપ્ટેમ્બરથી ૧૭ સપ્ટેમ્બર ૨૦૨૪ દરમિયાન ગણેશોત્સવની ઉજવણી થનારી છે. જેને પગલે ગણેશ સ્થાપના માટેની પરમીટ સ્થાનિક પોલીસ સ્ટેશનમાંથી આપવામાં આવશે.. તે સિવાય સ્થાપનાની જગ્યાએ લાઉડ સ્પીકર વગાડવાની પરમીટ પણ જે તે પોલીસ સ્ટેશનમાંથી જ આપવામાં આવશે. જે દિવસે ગણેશ સ્થાપના માટેની પરમીટ મેળવવા માટે પોલીસ સ્ટેશનમાં અરજી કરવામાં આવે તે જ વખતે અરજદારે ગણેશ વિસર્જન માટે સરઘસ કાઢવા માટેની અરજી પણ ફરજીયાત આપવાની રહેશે. ગણેશ વિસર્જન માટે શોભાયાત્રા-સરઘસ કાઢવા માટેનો રૂટ જો એક જ ઝોન વિસ્તારમાં આવતો હોય તો જે તે પોલીસ સ્ટેશન વિસ્તારમાં ગણેશસ્થાપના થયેલ છે તે પોલીસ સ્ટેશનમાંથી વિસર્જન સરઘસ માટેની પરમીટ આપવામાં આવશે. જે ગણેશ વિસર્જન શોભાયાત્રા એક કરતા વધારે ઝોન વિસ્તારમાંથી પસાર થવાની હોય તો સરઘસ માટેની પરમીટ પોલીસ કમિશનર કચેરી, વિશેષ શાખા તરફથી આપવામાં આવશે.ગણેશ સ્થાપના તથા વિસર્જનની પરમીટ મેળવવા માટે આયોજકો જ્યારે પોલીસ સ્ટેશને જાય ત્યારે આયોજકો તથા સાથે જે તે વિસ્તારનાં વર્ચસ્વ ધરાવતી ૧૫થી ૨૦ વ્યક્તિના નામ તથા સરનામા આપવાના રહેશે. ઉપરાંત ગણેશ વિસર્જન કઈ તારીખે તથા કયા સ્થળે કરવામાં આવનાર છે તથા સરઘસના રૂટની વિગતો ફરજીયાતપણે આપવાની રહેશે. પીઓપીની મૂર્તિ તથા કૃત્રિમ રંગોના ઉપયોગ કરવામાં આવેલ મૂર્તિઓને નદી કે તળાવમાં નિસર્જન કરવાથી પર્યાવરણને મુકશાન થાય છે અને આ મૂર્તિ ખંડિત અવસ્થામાં ઘણા સમય સુધી પડી રહેવાથી ધાર્મિક લાગણી દુભાય છે જેથી પર્યાવરણની જાળવણી માટે સહભાગી બનવા ગણેશજીની માટીની મૂર્તિની સ્થાપના કરવા અને સ્થાપના સ્થળે જ આ માટીની મૂર્તિનું સ્થલ વિસર્જન કરવા માટે અપીલ કરવામાં આવે છે.

## ત્રણ વર્ષે સગાઈ તોડી નાખતાં રાંધેજાની યુવતીનો આપઘાત

। (પ્રતિનિધી) ગાંધીનગર,તા.૧૮ ।

ગાંધીનગરના રાંધેજામાં રહેતી યુવતીએ સગપણ તૂટી જતાં જીવન ટૂંકાવી લીધું હતું. ૨૧ વર્ષીય યુવતીની સગાઈ ત્રણ વર્ષ અગાઉ કોલવડાના યુવક સાથે થઈ હતી. ભાવિ પતિએ શંકાઓ રાખીને સગાઈ તોડી નાખતાં યુવતીએ ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું હતું. પેથાપુર પોલીસે અકસ્માતે મોતનો ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે. સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, ગાંધીનગરના રાંધેજા ગામમાં રહેતી ૨૧ વર્ષીય સોનલ મહેશભાઈ ગોહિલ નામની યુવતીનું સગપણ ત્રણ વર્ષ અગાઉ કોલવડાના યુવક સાથે થયું હતું. લાંબા સમય સુધી સગાઈ દરમિયાન યુવક અને યુવતી વચ્ચે વાતચીત થતી હતી. તેમાં ભાવિ પતિ સોનલ પર શંકાઓ રાખતો હતો. આ બાબતે સોનલે ખુલાસા પણ કર્યા હતા, પરંતુ યુવકે સગાઈ તોડી નાખી હતી. સગાઆ તૂટી જવાના કારણે સોનલ આઘાતમાં હતી. તેણે એકલતાનો લાભ ઉઠાવી ઘરમાં પંખાના હૂકમાં દુપટ્ટો લટકાવી ગળેફાંસો ખાધો હતો.

## ગાંધીનગરના મહિલા વકીલ સાથે ૬૮.૧૨ લાખની લાખની છેતરપિંડી

। (એજન્સી) ગાંધીનગર,તા.૧૮ ।

ગાંધીનગર કોર્ટમાં વકીલાત કરતા મહિલા વકીલને શેર માર્કેટમાં રોકાણ તેમજ ટ્રેડીંગ કરી મોટો નફો થવાની લાલચ આપી ભેજાબાજ શખ્સે રૂ. ૬૮.૧૨ લાખની છેતરપિંડી આચરી હોવાના બનાવ અંગે ગાંધીનગર રેન્જ સાયબર ક્રાઈમ પોલીસ મથકમાં ગુનો દાખલ થયો છે. સેકટર - ૨૯માં રહેતા સીમાબેન વિકાસભાઈ લાડ ગાંધીનગર કોર્ટમાં એડવોકેટ છે. તેમના પતિ વિદેશમાં નોકરી કરે છે. ગત તા. છઠ્ઠી જુને સીમાબેનનાં વોટસએપમાં શેર માર્કેટમાં ઈન્વેસ્ટમેન્ટ તેમજ ટ્રેડીંગ કરી મોટો પ્રોફીટ મેળવવાના સતત મેસેજ મોકલી ગ્રુપમાં જોડાવાનું કહેતા હતા. જેથી સીમાબેને ૯મી જુન સુધી મેસેજ આવેલા નંબર પર ચેટીંગ કરતા સામે વાળા શખ્સે પોતાનુ નામ JILL જણાવી પોતે અવીવા ગૃપ તરફથી વાત કરતો હોવાનું કહી શેર માર્કેટમાં ઈન્વેસ્ટમેન્ટ માટે નવું ડીમેટ એકાઉન્ટ ખોલાવવું પડશે તેમ જણાવ્યું હતું.

## અમદાવાદમાં નિકોલમાં આવેલું ખાણીપીણી બજાર સીલ કરાયું

। (એજન્સી) અમદાવાદ,તા.૧૮ ।

અમદાવાદના નિકોલમાં આવેલું ખાણીપીણી બજાર સીલ કરવામાં આવ્યું છે. સ્વચ્છતાના અભાવ અને મચ્છરના બ્રીડિંગના પગલે આ બજાર સીલ કરવામાં આવ્યું છે. સોલિડ વેસ્ટ વિભાગ અને હેલ્થ વિભાગે સંયુક્ત કામગીરી બજાવીને આ ઓપરેશન પાર પાડ્યું છે. અમદાવાદમાં છેલ્લા કેટલાય સમયથી ફૂડમાંથી જીવાત મળી આવવાના કિસ્સાઓએ જોર પકડ્યુ છે. દિવસ પૂરો થતો નથી અને કોઈને કોઈ રેસ્ટોરા કે હોટેલની ફૂડમાંથી જીવાત મળી આવે છે. ચોમાસામાં આમ પણ જીવાત થતી જ હોય છે અને સ્વચ્છતા ન હોય ત્યાં વધારે પ્રમાણમાં જીવાત થતી હોય છે. આના પગલે આરોગ્ય વિભાગ પર સતત માછલા ધોવાતા હોવાથી આરોગ્ય વિભાગે પણ સ્વચ્છતા ન જાળવતા ફૂડ એકમો સામે ઝુંબેશ આદરી છે. આના જ ભાગરૂપે નિકોલમાં આવેલા ખાણીપીણી બજારને સીલ મારી દેવાયું છે.

## હિંમતનગર GIDC ઓવરબ્રિજ પાસે ત્રિપલ અકસ્માતમાં એકનું મોત

। (એજન્સી) હિંમતનગર,તા.૧૮ ।

હિંમતનગર જીઆઈડીસી ઓવરબ્રિજ પાસે ત્રિપલ અકસ્માતમાં એકનું મોત થયું હતું અને ત્રણને ઈજા થઈ હતી. આ અકસ્માત કાર, બાઈક અને મોપેડ વચ્ચે થયો હતો. આ અકસ્માતમાં એક યુવકનું મોત થયું હતું અને ત્રણને ઈજા થઈ હતી. તેઓને ૧૦૮ દ્વારા સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. મૃતકને પીએમ માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. મોપેડ સવારે બે સગા ભાઈઓને હડફેટે લેતા એકનું મોત થયું હતું. પોલીસે ઘટનાસ્થળે પહોંચીને તપાસ હાથ ધરી છે. અહીં કાર બેફામ આવી રહી હતી અને તેણે મોતીપુરા જીઆઈડીસી પાસે બે વાહનોને ટક્કર મારી તેના પગલે એકનું મોત થયું હતું. એક્ટિવા અને બાઈકને ટક્કર વાગતા એકનું ઘટનાસ્થળે મોત થયું હતું અને બીજો હાલમાં હોસ્પિટલમાં જીવનમરણ વચ્ચે ઝોલા ખાઈ રહ્યો છે. આ અકસ્માતમાં ચાર જણાને ગંભીર ઈજા થતા હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. પોલીસે ઘટનાસ્થળે પહોંચીને વધુ તપાસ હાથ ધરી છે. નેશનલ હાઈવે પર વધેલા માર્ગ અકસ્માતોના લીધે સ્થાનિક લોકોમાં જબરદસ્ત આક્રોશ છે. ઉલ્લેખનીય છે કે જાન્યુઆરીમાં પણ અહીં ત્રિપલ અકસ્માત થયો હતો. શામળાજી તરફથી હિંમતનગર તરફ જતા બે ટ્રક વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં ડમ્પરનો ચાલક કેબીનમાં ફસાઈ ગયો હતો.












માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨